મે, ૨૦૧૩

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧



# રજત જયંતિ ટાણે...



**ફાધર જીમી બી. ડાભી એસ.જે.**

ઈસુસંઘમાં પ્રવેશ : ૩૦-૦૭-૧૯૭૯
**દીક્ષા વિધિ : ૧૧-૦૫-૧૯૮૮**
છેલ્લાં વ્રત : ૧૫-૦૮-૧૯૯૯

સ્વ. બાર્નાબાસ ખેંગારજી ડાભી તથા સ્વ. આગ્નેસબેન બી. ડાભીના પનોતા પુત્ર **ફાધર જીમીની ‘રજતજયંતી ટાણે’** તેમનો પરિવાર પરમપિતાનો આભાર માને છે.

પરમપિતાની અસીમકૃપાથી તમે ઈસુસંઘમાં ૩૪ વર્ષથી સેવા કાર્યોમાં રત છો. આજ દિન સુધી પરમપિતાએ તમને તંદુરસ્તી બક્ષી તે બદલ પરમપિતાનો આભાર!

હવે પછીના વર્ષોમાં તમારું સંન્યસ્ત જીવન વધુને વધુ પ્રેરણાદાયી બને એજ પરિવારજનોની પ્રાર્થના અને અભ્યર્થના!

પરમપિતાનો આભાર!
ઈસુસંઘનો આભાર!



**તમારાં પરિવારજનો**
વિમલ કોલોની, સૂર્યનગર સોસાયટી,
પ્રેસ કોલોની, આણંદ








# DEAR STEFFY

## BIRTH DATE: 08-05-2012

*Best Wishes on your 1st Birthday*

When you were born you filled my heart with pride, And I was overcome by the joy I felt inside. As I held you in my arms that very first day, I knew I would never let any harm come your way. With your tiny little hands and tiny little feet, Everytime I look at you my heart skips a beat. As I watch you sleep in the middle of the night, I hope and pray I will do everything right. I know I may make some mistakes along the way, But I promise to do my best not to every single day. I often wonder what you will grow up to be, But whatever you become will be fine with me. So whatever you may decide to do in your life, Maybe an astronaut, a scientist, or even a doctor. I can say this without any doubt at all, I will always be there to catch you if you fall. And another promise I make to you from me, Daddy's little angel you will always be.

## FROM : : DADDY WITH LOVE

*Best Wishes*

Shailesh Macwan (Dad)

Unnati Macwan (Mom)

Ramesh Macwan (Grand Father)

Hansa Macwan (Grand Mom)

Tejas Macwan (Chachu)

Franklin Shah (God Father)

Pinal Shah (God Mother)



# દાંપત્ય જીવનની સુવર્ણ જયંતીની હાર્દિક શુભેચ્છા

**“કેમકે તારી કૃપા જીવન કરતાં ઉત્તમ છે; મારા હોઠો તારી સ્તુતિ કરશે.” (સ્તોત્રસંહિતા ૬૩:૩)**

**:: પ્રભુતામાં પગલાં ::**

**૦૪-૦૫-૧૯૬૩**



**:: સુવર્ણ મહોત્સવ ::**

**૦૪-૦૫-૨૦૧૩**

## Thomas Lawrance Macwan 50 Vijaya Thomas Macwan

ઈશ્વરપિતાની અસીમ કૃપાથી અમારા પ્રેમાળ પૂજ્ય મમ્મી-પપ્પા,

દાંપત્ય જીવનનાં ૫૦ વર્ષ તંદુરસ્તી સભર સુખરૂપ અને આનંદમાં પૂર્ણ કર્યા છે. આ મહાન આશીર્વાદ માટે અમે હૃદયના ઊંડાણથી ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ.

ઈશ્વર પિતાની પાંખોની છાયાના આશ્રય તળે પરસ્પરના સ્નેહ, સાથ અને વિશ્વાસમાં સુખ અને દુ:ખમાં તમારો કુટુંબ પ્રત્યેનો અદ્‌ભુત અને નિખાલસ પ્રેમ, હસતો આનંદિત ચહેરો, અમારા જીવન માટે નમૂનારૂપ છે. જીવનના દરેક તબક્કામાં અમારા સાચા માર્ગદર્શક બની અમારું જીવન ઉજ્જવળ અને આશીર્વાદીત બનાવ્યું છે.

અમારા મમ્મી પપ્પા જ્યારે તેમનાં દાંપત્ય જીવનનાં ૫૧માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે ઈશ્વરપિતા તેમને તંદુરસ્તી, દીર્ઘાયુષ્ય અને પ્રભુની શાંતિ આપો.

એજ પ્રાર્થના અને શુભેચ્છા.

*Richard Thomas Macwan (Son)*
*Rachita Richard Macwan (Daughter inlaw)*
*Richel Richard Thomas*
*Michelle Richard Thomas*

*"I Will reward them with long life; I will save them" (Psalms 91:16)*

To My Dearest Mom & Dad

# Happy Golden Marriage Anniversary (50TH)

In fifty years together
You've shared so many things
That's why this very special
Anniversary brings
To you, a wish that love,
Laughter, joy, contentment too
Will be yours to share
throughout
The years ahead of you!



**Thomas Lawrance Macwan**
**Vijaya Thomas Macwan**

**Date of Marriage: 04-05-1963**

**GOD BLESSED YOU BOTH**

**We love you ☺**

Carmelin - Mahendra
Carol - Mark

Tressa - Dr. Mahesh
Chris

Veronica - Mitesh
Angel - Reenk

Jeckqulene - Raymond (U.S.A)
Akash (U.S.A)

Marien - Vipul
Aryan

# પ્રથમ પુણ્યતિથિએ હૃદયાંજલિ

**સ્વ. દાઉદભાઈ આન્દ્રેઆસ મેકવાન**

જન્મ: ૦૮-૦૫-૧૯૨૬

અવસાન: ૨૯-૦૫-૨૦૧૨



**વ્હાલા બાપુજી,**

**સમયના વહેણમાં**
**અમ મધ્યેથી આપની અંતિમ વિદાયને,**
**એક વરસના વહાણા વહી ગયા.**
**છતાં આજે પણ,**
**આપનું વાત્સલ્ય અમ સૌને**
**ઢંઢોળ્યા કરે છે.**
**આપનાં સંસ્કાર શાશ્વત યાદ બની**
**અમારામાં પ્રસરી રહ્યાં છે.**
**આપની કર્તવ્યપરાયણતા**
**અમારી પ્રેરણા બની રહી છે.**
**આપની ધર્મનિષ્ઠા એ**
**અમારો આદર્શ છે.**
**આપના આશીર્વાદ એ જ**
**અમારી મહામૂલી મૂડી છે.**
**પરમપિતા પરમેશ્વર**
**આપના દિવ્ય આત્માને**
**ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.**

**લિ. આપનો સમગ્ર પરિવાર**

૧૬, ન્યુ રવિકુંજ સોસાયટી,
રેલ્વે કોલોની પાસે, પાધરિયા,
આણંદ ૩૮૮૦૦૧

# અનુક્રમણિકા


**તંત્રીની કલમે**

પવન કોણે જોયો છે? ❊ ડો. થોમસ પરમાર ૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૯

પીટરભાઈ ડાભી ❊ ફાધર પ્રકાશમ્ એસ.જે. ❊ જોસેફ વાય. મેકવાન ❊ કલ્પેશ સોલંકી 'કલ્પ' ❊ સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૧૦

નવીન મેકવાન ❊ રમણ મેકવાન ❊ 'રાજબંધુ' જે. એમ. ❊ જોન જોસેફ મેકવાન ❊ આલ્ફોન્સ મેકવાન

**લેખો**

રજત જયંતી અવસરે... આભાર માનુ મુજ દિલથી...! ❊ બિશપ થોમસ મેકવાન ૧૨

ચલ! ઉડ જારે પંખી ❊ ફાધર એન્ડ્રુ સિલ્વેરા, એસ.જે. ૧૫

ઝોકનો દરવાજો ❊ ફાધર અનિલ સેવરીન, એસ.જે. ૧૮

પરિવર્તન કી ઓર ❊ બકુલ મેકવાન ૨૦

"આજે મારી આ અવદશા ન હોત" ❊ આઈ. ડી. પરમાર ૨૨

ચાલો રજાઓ માણીએ ❊ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ ૨૩

ધરતીના છેડા સુધી... ❊ વિક્ટર મેકવાન ૨૪

પ્રભુ સમર્પિત ગોવાળ ❊ સિસ્ટર શીલા એલ.ડી. ૨૬

સંત પીટર કનિલિયસ (૧૫૨૧-૧૫૯૦) ❊ બ્રધર બ્રિજેશ પરમાર ૨૮

"મિશનરીસ ઓફ ચેરીટી બ્રધર્સ"ની સુવર્ણજયંતી ❊ ધર્મબંધુ થોમાસ એમ.સી. ૨૯

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૩૧-૩૪

મે-જૂન મહિનાના શાસ્ત્રપાઠો ❊ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી ૩૫

દૂત – સો વર્ષ પહેલાં ❊ ગુજરાત સાહિત્ય પ્રકાશ ૩૬

**પંખીની પાંખે (સંપાદકઃ રાજુલ આઝાદ)** ૫૦


**આવરણઃ** પવિત્ર ત્રૈક્યના પર્વને રજૂ કરતું આ ચિત્ર પિતા, પુત્ર અને પવિત્ર આત્માની હાજરી આપણા જીવનમાં સદાય છે એવી સભાનતા સાથે જીવન વિતાવવાની આપણને હાકલ કરે છે.

આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ

### સૂચના

- અહીં પ્રગટ થયેલાં લેખો, નોંધો, અભિપ્રાયો અને કાવ્યો માટેની જવાબદારી જે તે લેખકની રહેશે, તંત્રીની નહિ તેની નોંધ લેવી.
- લેખકોએ પોતાનું લખાણ A4 સાઈઝના કાગળની એક બાજુએ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં. લેખકે પોતાનું સરનામું અને ફોન નં. લખવા. લેખ મૌલિક હોવાનું અને છાપવા માટે અન્યત્ર મોકલેલ નથી તેવું લખાણ મોકલવું.
- લેખકો જ્યારે પોતાનું લખાણ મોકલે ત્યારે કવર પર જે તે વિભાગનું નામ અવશ્ય લખવું.

## શાસ્ત્રવાણી

એક વિચારના થાઓ, એક પ્રેમસૂત્રે બંધાઓ, એકજીવ બનો અને એક ભાવના સેવો. ચડસાચડસી કે મિથ્યાભિમાનથી પ્રેરાઈને કશું કરશો નહિ, પણ નમ્રતાપૂર્વક બીજાને તમારાં કરતાં ચડિયાતા ગણજો. (ફિલિપ્પી ૨:૨-૪)

## ગુજરાતના કૅથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


ગુજરાત સાહિત્ય પ્રકાશ સોસાયટી વતી

**મેનેજર, પ્રકાશક અને મુદ્રક**
ફાધર જેરી સિક્વેરા એસ.જે.

**માનદ્ તંત્રી**
ફાધર વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી**
ડો. થોમસ પરમાર (મોઃ ૯૮૨૫૩૮૪૬૨૩)

**સહતંત્રી**
રાજુલ આઝાદ (મોઃ ૯૯૨૪૮ ૯૮૫૯૪)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, ડો. પ્રીતિ રાઠોડ,
ફ્રાન્સિસ કાનીસ, ફાધર રિચર્ડ લોપીસ,
ફાધર આરસકુમાર રાયપ્પન,

**જાહેરાત અને પ્રસાર**
જયંતીભાઈ આર. પરમાર

**લવાજમ**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન



**પત્રવ્યવહારનું સરનામું**
'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧
**કાર્યાલયનો સમયઃ**
૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94092 72754**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**



**લવાજમ**
છૂટક નકલ રૂા. ૧૫/-
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧૨૦૦/-

**જાહેરખબરના દર**

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૭,૦૦૦ |
| પ્રથમ કવરની અંદરની બાજુના કલર પેજ | : | રૂા. ૬,૫૦૦ |
| છેલ્લા કવરની અંદરની બાજુના કલર પેજ | : | રૂા. ૬,૩૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૪,૦૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૧૦૦ |
| ટ્યુકડી | : | રૂા. ૪૦૦ |
| ૧/૧૨ પેજ | : | રૂા. ૩૫૦ (માત્ર શ્રદ્ધાંજલિ) |

## તંત્રીની કલમે...



# પવન કોણે જોયો છે?

## (Who has seen the wind?)

આઠમા ધોરણમાં આવ્યો ત્યારે અંગ્રેજીનો વિષય ભણવાની શરૂઆત થઈ. અમારા વખતે અંગ્રેજીનો અભ્યાસ ધોરણ આઠથી શરૂ થતો હતો. અંગ્રેજી જાણનારનો આજની જેમ ત્યારે પણ પ્રભાવ પડતો હતો. થોડાં અંગ્રેજી શબ્દો અને વાક્યો ક્લાસમાં શીખવાડ્યા હતા તે અવાર-નવાર બોલતો. સૌ પ્રથમ અંગ્રેજી કાવ્ય પવન વિશેનું ભણવામાં આવ્યું. સાહેબે તે અમને ગોખાવ્યું હતું. હમણાં ઈન્ટરનેટ પર સર્ચ કરતાં એ આખુંયે કાવ્ય પ્રાપ્ત થયું. તે ક્રિશ્ચિયન રોઝેટ્ટી દ્વારા લખાયું હતું. તેની માત્ર પ્રથમ બે જ પ્રથમ પંક્તિઓ મને આજે યાદ છેઃ

Who has seen the wind?
Niether I nor you.

હુ હેસ સીન ધ વિન્ડ? નાઈધર આઈ નોર યુ અર્થાત્ પવન કોણે જોયો છે? મેં કે તમે પવન જોયો નથી. આ બે પંક્તિઓ એવી તો ગોખાઈ ગઈ હતી કે વારંવાર મિત્રો આગળ બોલતો. એ રીતે મારા અંગ્રેજી જ્ઞાનનો પ્રભાવ પાડવાનો હેતુ હતો. જાણે કે ઓક્સફર્ડ અંગ્રેજી મને બધું જ આવડી ગયું હોય! ૧૪ વર્ષની વયે શીખેલું એ કાવ્ય આજે ૬૬મા વર્ષે હું યાદ કરું છું. એ કાવ્યની પ્રથમ પંક્તિમાં windની જગ્યાએ God શબ્દ મૂકીને બોલું તો આમ થાયઃ

Who has seen the God?
Niether I nor you.

હુ હેસ સીન ધ ગોડ? નાઈધર આઈ નોર યુ અર્થાત્ ઈશ્વરને કોણે જોયો છે? મેં કે તમે ઈશ્વરને જોયો નથી. આટલા વર્ષો પછી એ પંક્તિઓને હું આ રીતે સમજ્યો છું. પવન જોવાય નહિ પણ અનુભવાય. છતાં ક્યારેક આપણે આ રીતે બોલીએ છીએ, 'જુઓ, કેવો સરસ ઠંડો પવન વાય છે?' એમ બોલીને કોઈકને પવન જોવાનું કહીએ છીએ. પવન કેમનો દર્શાવી શકાય? થોડી વાર પછી સામેની વ્યક્તિ જવાબ આપે છે, 'હા સરસ ઠંડો પવન વાય છે, મઝા આવે છે' શું સામેની વ્યક્તિ પવન જોઈને જવાબ આપે છે? સામેની વ્યક્તિ જોઈને નહિ પણ અનુભવીને જવાબ આપે છે. શીતળ પવનનો સ્પર્શ થવો તે અનુભવ છે. વૃક્ષની ઝૂલતી ડાળીઓ અને ખેતરનો લહેરાતો પાક જોઈને આપણે કહી શકીએ કે પવન વાય છે અર્થાત્ પવનનું અસ્તિત્વ છે. વાવાઝોડા વખતે તો પવનનો ઘેરો અનુભવ થાય છે. આંખેથી પ્રત્યક્ષ રીતે પવન દેખાતો નથી છતાં સ્પર્શ અને ડાળીઓ તથા પાકનું હલનચલન એ પવન હોવાની ખાતરી કરાવે છે. પવનનું અસ્તિત્વ જાણવા માટે તેને અનુભવવો પડે.

પવનની જેમ આપણે ઈશ્વરને પણ જોઈ શકતા નથી. ઈશ્વર દેખાતો નથી તો શું ઈશ્વર નથી? પવનની જેમ ઈશ્વરને પણ અનુભવવો પડે. શ્રદ્ધા એ અનુભવની બાબત છે. આપણા કે અન્યના જીવનમાં ઘટેલી ઘટનાઓ અને થયેલાં અનુભવો દ્વારા ઈશ્વરના અસ્તિત્વનો ખ્યાલ આવી શકે. છાંદોગ્ય ઉપનિષદમાં એક સરસ દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. શ્વેતકેતુ વિદ્યા પ્રાપ્ત કરીને ગુરુકુલથી ઘેર પાછો ફર્યો છે. તેના પિતા ઉદ્દાલક આરુણી તેને પૂછે છે કે, 'તેં બધી જ વિદ્યા પ્રાપ્ત કરી છે ને?' પુત્ર હા પાડે છે.

એ પછી તેને મીઠાનો એક ગાંગડો પાણીમાં નાખી દેવાનું કહે છે. અને બીજે દિવસે તે લઈને આવવાનું જણાવે છે. બીજા દિવસે પુત્ર પ્યાલો લઈને આવે છે. પિતા પૂછે છે કે, "મીઠાનો ગાંગડો ક્યાં છે? તને દેખાય છે?" શ્વેતકેતુ કહે છે કે તે દેખાતો નથી. પિતા તેને પાણી ચાખવાનું જણાવે છે અને પછી પૂછે છે કે પાણીમાં મીઠું છે? પુત્ર હા પાડે છે. આથી પિતા કહે છે કે, 'જો ગઈકાલે મીઠાનો ગાંગડો હતો, આજે નથી. પણ મીઠું પાણીમાં ઓગળી ગયું છે. પાણીના સ્વાદથી જાણી શકાય છે કે પાણીમાં મીઠું છે, ભલે આપણે આંખથી મીઠું જોઈ શકતા ન હોય. તે જ રીતે પરમાત્મા સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. તેને અનુભવવો પડે.' ચર્ચા-દલીલો-તર્ક દ્વારા ઈશ્વરના અસ્તિત્વને સાબિત કરવું એ કોર્ટના ચૂકાદા જેવું છે પણ અનુભવથી ઈશ્વરના અસ્તિત્વને પહેચાનવું એ શ્રદ્ધાનો વિષય છે, આપણા અંતરાત્માનો એ સ્વીકાર છે.

પવનને અને પાણીમાં ઓગળી ગયેલાં મીઠાને પ્રત્યક્ષ રીતે જોઈ શકતા નથી કે કોઈને દર્શાવી શકતા નથી. તેમ કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિને ઈશ્વર દર્શાવી શકે નહીં. છતાં જેને ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ થયો છે તેવી વિરલ વ્યક્તિઓ અન્યને ઈશ્વરના દર્શન કરાવી પણ શકે. સ્વામી વિવેકાનંદ યુવાન વયે નાસ્તિક હતાં. પ્રથમ વાર તેમની મુલાકાત શ્રી રામકૃષ્ણ પરમહંસ સાથે થઈ ત્યારે તેમણે તેમને પ્રશ્ન પૂછ્યો હતો. 'તમે ઈશ્વર જોયો છે?' ત્યારે રામકૃષ્ણ પરમહંસે જવાબ આપ્યો હતો 'હા, મેં ઈશ્વરને જોયો છે. અને તારે ઈશ્વરને જોવો હોય તો પેલી ઓરડીમાં જા.' એ પછી વિવેકાનંદ ચીંધેલી ઓરડીમાં ગયા અને એમને ઈશ્વરનો અનુભવ થયો. તેઓ નાસ્તિક હતા. કદી ઈશ્વરનું નામ લીધું ન હતું છતાં તેમને ઈશ્વરના દર્શન થયા. આવો જ પ્રસંગ શાઉલમાંથી થયેલા સંત પાઉલનો છે. લેબોરેટરીમાં જઈને અમુક પદાર્થો ભેગા કરીને આપણે ઓક્સિજન પેદા કરીએ છીએ, તેની ખાતરી કરીએ છીએ પછી માનીએ છીએ કે પેદા થયેલો વાયુ ઓક્સિજન જ છે. ઈશ્વર એ ભૌતિકશાસ્ત્ર કે રસાયણશાસ્ત્રની લેબોરેટરીનો વિષય નથી પરંતુ શ્રદ્ધાની લેબોરેટરીનો વિષય છે. જ્યાં આપણા જીવનના અનુભવો અને ઘટનાઓ - પ્રસંગોનું અવલોકન કામ લાગે છે. ઈશ્વરના અનુભવ માટે મનની એકાગ્રતા અને ધીરજની ઘણી જ જરૂર છે. માનવ મન મરકટ જેવું ચંચળ છે. તેને નાથીએ તો એકાગ્રતા આવી શકે. ગાયના શીંગડા પર રાઈનો દાણો રહી શકે? તમને થશે કે આ હસવાની વાત છે. ના, શીંગડા પર રાઈનો દાણો સેકન્ડ નહિ પરંતુ નેનો-સેકન્ડ પણ ટકતો તો હશે જ ને? એટલો સમય પણ મન કેન્દ્રિત થાય તો ઈશ્વરના દર્શન થાય. એ માટે ધીરજ કેટલી રાખવી? જો કોઈ તમને કહે કે નદીમાંથી ચાળણીમાં પાણી ભરી લાવો. શું આ શક્ય છે? આના જવાબ માટે ઈસુના જ શબ્દો ટાંકીએ, "જો તમારામાં રાઈના દાણા જેટલી શ્રદ્ધા હોય અને તમે આ પર્વતને કહો કે, "ઉઠ, અહીંથી પણે જા તો એ જશે. કશું જ તમારે માટે અશક્ય નહીં રહે" તે જ રીતે રાઈના દાણા જેટલી શ્રદ્ધા હોય તો શું ચાળણીમાં પાણી ન આવી શકે? એક દિવસ નદીમાં હીમ પડશે, બરફ છવાઈ જશે પછી ચાળણીમાં પાણી લાવી શકાશે. એટલી ધીરજ આપણામાં હોવી જોઈએ. આપણે બધાં ઈન્સ્ટન્ટના જમાનામાં જીવીએ છીએ - ઈન્સ્ટન્ટ મેગી, ઈન્સ્ટન્ટ સૂપ, ઈન્સ્ટન્ટ કોફી, ઈન્સ્ટન્ટ મેરેજ અને ડિવોર્સ પણ ઈન્સ્ટન્ટ! (પરંતુ ઈન્સ્ટન્ટ મૃત્યુ કોઈ ઈચ્છતું નથી) ઈન્સ્ટન્ટ માનસવાળા આપણે ઈશ્વરને પણ ઈન્સ્ટન્ટ - તરત મેળવવા ઈચ્છીએ છીએ!

મનની એકાગ્રતા માટે આપણે પ્રયત્ન કરતા નથી. તેને નાથવાનો પ્રયત્ન કરતાં નથી. મનને આપણે છુટું રમતું મૂકી દીધું છે. મનની એકાગ્રતા માટે આપણે આળસી ગયા છે. તેથી જ તો કવિ નાનાલાલ કહે છે કે, "મારાં નયણાની આળસ રે મેં ન નિરખ્યા હરિને જરી." આ નયણા (આંખો) ક્યાં? હરિને નિરખવા ચર્મ-ચક્ષુ કામ ન લાગે. તે માટે તો દિવ્ય લોચનિયા જોઈએ. અનેક સંતોએ આવા દિવ્ય લોચનિયા દ્વારા ઈશ્વરને જોયો હતો. પેલી કાવ્ય પંક્તિઓ ફરીથી યાદ કરીએ. 'ઈશ્વર કોણે જોયો છે? મેં કે તમે પણ નહિ.' પણ શ્રદ્ધાથી તેને અનુભવી શકાય અને દિવ્ય લોચનિયાથી તેને જોઈ પણ શકાય અને અન્યને દર્શાવી પણ શકાય. શાળા જીવનમાં શિક્ષકોએ ગોખાવેલાં કાવ્યો, સુભાષિતો, જોડકણાં, કહેવતો જીવનની ઉત્તરઅવસ્થામાં કેવો સરસ જ્ઞાનનો પ્રકાશ પાથરે છે! અસ્તુ.

— થોમસ પરમાર

dr.thomasparmargmail.com

# કાવ્યધારા



## પ્રેમમંદિર

પ્રેમમંદિર પ્રભુનું ધામ,
આવો, આપણે લઈએ પ્રભુનું નામ.
અહીં આપણને શાંતિ મળશે,
ફળશે અરમાન,
પ્રભુને નમન કરીએ, ધરિયે એનું ધ્યાન.
પ્રભુ આપણો તારણહાર,
વરસાવે પ્રસાદનો વરસાદ.
પ્રભુએ કહ્યું: 'ઓ થાકેલાં તમે,
આવોને મારી પાસ,
વિશ્રામ આપીશ સર્વજનોને,
રાખો મુજમાં વિશ્વાસ.'
વંદન પ્રભુને આજ,
કર્યું તેણે જગકલ્યાણ.
સાચા દિલના કાલાવાલા,
સાંભળશે ઈસુનાથ,
કરીએ પ્રાર્થના પ્રેમમંદિરમાં,
જોડીને બે હાથ,
નવજીવન પામીશું મૃત્યુ બાદ, મળશે પ્રભુ તણો સંગાથ.

— પીટરભાઈ ડાભી

## મને નવાજો...

પૂર્યા કરે, પૂર્યા કરે તું રંગ!
મળસ્કે મળસ્કે આભ અટારીએ,
લોચને ચોંટે, રમ્ય નીલ અંબર,
સોહામણું યે,
તારા સ્પર્શનાં અક્ષરવિનાનું રંગપઠન એ!
ઝૂરે આ દલડું મારું એને ઝીલવા...
ભૂલ તો તું કરી બેઠો નથી ને?
સમી સાંજે, સૂરજ આથમતાં,
સાત સમુંદરે ધોવાઈ જાય છે.
અક્ષર વિનાનું તારું એ રંગ પઠન!
મને નવાજોને તારાં આંગળીના સ્પર્શથી,
તારા નિગૂઢ સપ્તરંગસભર
કંચન વાટકથી!
કેમ તું ભૂલી ગયો?
હું તો તારો પ્રતિરુપ મૂર્તિ!

— ફાધર પ્રકાશમ્ એસ.જે.

## આગ તમે લગાડજો

અંતઃકરણ સળગાવે એવી આગ
તમે લગાડજો,
પશ્ચાતાપ ઉપજાવે એવી વાત
તમે સંભળાવજો.
જ્ઞાની કહેવાવા, વાદવિવાદ શાને કરો?
જોતાં જ માન ઉપજાવે એવા ગુણ
તમે સ્વીકારજો.
સુંદર અને ચતુર વાતોથી હાલી
જનારા માનવી,
પ્રભુગમ વળાવે એવો રાહ
તમે અપનાવજો.
પ્રભુભક્તિ વિના જગમાં સર્વ
હાલમ-ડોલમ છે,
સત્ય સમજાવે, એવો સાર
તમે સમજાવજો.
ખ્રિસ્તનું જીવન જીવી,
ખ્રિસ્તનો નમૂનો બની,
દુનિયા માંહે એનો મહિમા તમે વધારજો.

— જોસેફ વાય. મેકવાન

## આવશે

વાતમાં તારી અસર આવશે,
કાફલા સાથે સફર આવશે.
શોધતાં મળશે નહીં ભીતરે
વાગશે ઠોકર, નજર આવશે.
એકલા છો, રડે એ આંગણે,
આંખમાં તારી અસર આવશે.
ફૂલ ઊગાડી જશે પાનખર,
ત્યાં સુધી મારી કબર આવશે.
દોડતા થાકે ભલે, તું દોડજે,
ઈશ નામે પણ નગર આવશે.

— કલ્પેશ સોલંકી 'કલ્પ'

## શીમળો

શુષ્કને બરછટ
ડાળ-ડાળખાં ને થડ!
ને આખાય ડોલે કાંટેકાંટા,
ને એ ઊભેલું દેખાય વાડમાં,
ખીણમાં ને ક્યાંક ટેકરીઓ પર!
ન મળે કોઈને એનો છાંયો,
ન મળે ડાળ એની, પંખીને માળો
બાંધવા,
આમ એ ધ્યાને ય ના ચઢે —
પરંતુ વસંતે ને ઉનાળાના ઉઘાડે
એની પર્ણહીન ડાળે ડાળે,
ને કાંટે કાંટે
લાલ કેસરવરણા ફૂલો લચી પડે....
એના કાંટા ને ફૂલ
જાણે વેદના વચાળે
ઈસુના ખીલાના રક્તબુંદ!
આવું એ વૃક્ષ
મને રહી રહીને ખેંચે ઈસુભણી,
મને બાંધી રાખે,
ને બુઝાવા ના દે
મારા શ્રદ્ધા અગ્નિને!
નમું એને.

— સિલાસ પટેલિયા

**સરનામું:**
ડો. સિલાસ પટેલિયા
૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony
ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨

# તમારો પત્ર



**(૧)**

એપ્રિલ, ૨૦૧૩ અંકમાં ‘તમારો પત્ર’ વિભાગમાં સાયમન ફ્રાન્સિસ પરમારનો પત્ર અને તેની નીચે આપેલી તંત્રીનોંધ પણ વાંચી. ખૂબ આનંદ થયો અને નવી આશા પણ જન્મી. આપે વેટિકન સમાચાર અને પોપ વિશેના લેખોને પ્રાધાન્ય આપીને પ્રસિદ્ધ થતા રાષ્ટ્રીય સામયિક ‘પેતૃસ’ જેવા (પોપના રાજીનામા વિશે તંત્રીલેખ કે ફોટો નહીં છાપનાર) માસિકનું ધોરણ ‘દૂત’ માટે અપનાવ્યું છે એ ગુજરાતી કેથલિક પત્રકારત્ત્વનાં નવાં સોપાન સર કરવા સમાન છે. આપ દૂતને પેતૃસની ઊંચાઈઓ સુધી લઈ જશો તો અમે ધન્ય ધન્ય થઈશું.

સાયમન ફ્રાન્સિસ પરમાર જેવો દુરાગ્રહ રાખવાની હાલના જમાનામાં શી જરૂર, ખરું ને? પોપના સમાચાર અને ફોટા તો ઈન્ટરનેટ પર મળે છે. એની દૂત જેવા પેતૃસ કક્ષાના સામયિક્તામાં શી જરૂર? હા, એપ્રિલ અંકમાં પેતૃસે છાપ્યા હોય તો આપણે છાપવા જોઈએ. જે આપે છાપ્યા જ છે. પેતૃસે છાપ્યા છે કે નહીં ખબર નથી. પણ આવું ઊંચુ ધોરણ જાળવી રાખજો.

— નવીન મેકવાન

**(૨)**

એપ્રિલ ૨૦૧૩ના પાવન હૃદય દૂતમાં, ‘અડધો રોટલો....’ બ્રધર નિલેશનો લેખ એપ્રિલ મહિનાના પ્રાર્થનાના હેતુ માટે હતો. લેખ સુંદર-ભાવવાહી હતો. બ્રધર નિલેશને અભિનંદન!

લેખમાં બ્રધરે સ્વ. ફાધર ઓરસનો ઉલ્લેખ કર્યો છે. ફાધર વિલ્યમ પીયૂષ સંપાદિત ‘કેટેકિસ્ટ સ્મૃતિગ્રંથમાંથી ફાધર ઓરસના હૃદયસ્પર્શી બે પ્રસંગોનો બ્રધરે ઉલ્લેખ કરી, હૃદયને હલાવી નાખ્યું. ટાઢ, તાપ, વરસાદ ધૂળિયા રસ્તા જવા-આવવામાં ટાંચા સાધન અને છતાં લોકો વચ્ચે રહી. આ પરદેશી સાધુ-સાધ્વીઓએ આપણી સેવા કરી, હૃદયદ્રાવક છપ્પનિયા દુકાળમાં, લોકોની સેવામાં પોતાની પરવા કર્યા વગર ત્રણ વિદેશી સાધુઓએ જાન કુરબાન કર્યા. આ બધું અત્યારની પેઢી જાણે છે? કેટલા ફાધર ઓરસ જેવા ભલા સાધુને ઓળખે છે? જેમણે ઉમરેઠ, ઠાસરા અને બીજા ગામોમાં ધર્મસભાની જ્યોત પ્રગટાવી?

દૂતમાં હવે પ્રભુ ઈસુ, મા મારિયા કે અન્ય સંતો વિષે લખવાની જરૂર નથી. એમના વિષે અઘઘ લખાયું છે. અને કેટલાં આવા લેખો વાંચે છે? હવે લખવાની જરૂર છે આપણા માટે આપણી વચ્ચે આપણી સેવા કરતાં કરતાં જીવન સમર્પી દેનાર આવાં સાધુ-સાધ્વી (ફાધર-સિસ્ટર) વિષે. હાલ પણ ઘણાં એવાં છે. ફળની આશા રાખ્યા વગર મૂક સેવામાં પ્રભુઈસુના ‘વફાદાર નોકર’ બની રહે છે. એમના વિષે લખો. એમના વિષે લખાશે તો એમણે આપેલા ભોગની કદર થશે

— રમણ મેકવાન (આણંદ)

**(૩)**

માર્ચ ૨૦૧૩નો દૂત મળ્યો. ઊઘડતે પાને ‘રે નારી તારી શી કહાણી!’ વાંચી, ત્યારે હિન્દી સાહિત્યના કવિ તુલસીદાસ કૃત ‘રામચરિત-માનસ’ની પંક્તિ ‘નારી તાડનકી અધિકાર’ દૃષ્ટિ ગોચર થઈ. તેમાં પણ નારીને તાડનની અધિકારી ગણવામાં આવી છે. તે સૌથી વધારે વખોડવા લાયક બાબત છે આ ગ્રંથ  સદીઓ પુરાણો ગ્રંથ છે. છતાં આપણો સમાજ જૂનવાણી માન્યતામાંથી બહાર આવ્યો નથી.

તેની સાબિતી તાજેતરમાં જારી થયેલા યુ.એન.ના અહેવાલે આપી છે. દેશની દર ત્રીજી મહિલા ઘરેલું હિંસાનો તથા બાહ્ય હવસખોરોનો ભોગ બને છે. ૧૬ મી ડિસેમ્બરે દિલ્હીમાં દામિની પર થયેલા બળાત્કારે સમાજ અને સરકારની પોલ ખોલી નાખી.

સરકારે તો વર્ષ ૨૦૦૫થી ઘરેલુ હિંસાનો કાયદો, ‘ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલેન્સ એક્ટ’ જાહેર કર્યો છે. છતાં નારી જગતની અવદશા કેમ? પાટનગરની મેડિકલ કન્યાનાં ચીરવસ્ત્રો અને લજ્જા લૂંટાણી ત્યારે દેશવાસીયોના કુંભકર્ણોની નીંદ હરામ થઈ ગઈ.

‘આગ લાગે ત્યારે કૂવો ખોદવો’એ આપણી કૂટનીતિ બની ગઈ છે. ૮મી માર્ચ, ‘વિમેન્સ ડે’ આવે ત્યારે ઉજવવા બેસી જઈએ છીએ. મોટા મોટા લેખો લખવા બેસી જઈએ છીએ. આવું તો વર્ષોથી થતું આવ્યું છે. પણ તેનાથી નારીજગતને કોઈ લાભ થયો છે ખરો? આ ઘટના દિલ્હીમાં ઘટી, એટલે વિપક્ષોએ રાજકારણનો જશ ખાટવા વિરોધનો દંભ કર્યો. આવી ઘટનાઓ

ગુજરાતમાં છાશવારે થયા કરે છે છતાં ગુજરાતને વાયબ્રન્ટ રાજ્ય તરીકે સરકાર ઓળખાવે છે.

ઘરની ગૃહિણીને, બેન-દીકરીને, મા-બેટીને ગૌરવપૂર્ણ જિંદગી કોણ આપશે? સમાજ કે સરકાર? દૂતનાં નારી લેખો તથા તપઋતુના લેખોનો સમન્વય કરી દૂતને સામાજિક અને ધાર્મિક બનાવ્યો. કારણ આજે સમાજને જરૂર છે ભૌતિક ભાથાની. સાથે વિશેષ જરૂર છે આધ્યાત્મિક ખોરાકની. એકંદરે દૂત વાંચવા જેવો અને વંચાવા જેવો છે.

— 'રાજબંધુ' જે. એમ. (વડોદરા)

**(૪)**

માહે માર્ચ અને એપ્રિલ દૂતના મુખપૃષ્ઠ ઘણાંજ ગમ્યાં. માતા મરિયમ સામે મુખવાળા મૃત ઈસુ હમણાં જ માને પોકારશે એવું લાગે છે. સૈકાઓ બાદ બે જીવંત પોપનું એક સાથે હૃદય સ્પર્શી મિલન બતાવી યોગ્ય જ કર્યું છે. કાશ! કવર પર ફોટો એક જ હોત તો, મઢાવી શકાત.

કાવ્યધારામાં કલ્પેશની 'મા' અને આલ્ફોન્સભાઈની શ્રદ્ધા ગમ્યાં. તંત્રીની 'રે નારી તારી શી કહાણી' તથા આમંત્રિત તંત્રીલેખ પ્રશંસાપાત્ર છે કારણ કે દિકરીને જન્મતાંવેંત જ મારી નાખવાની કુપ્રથા, ભૃણહત્યાને કારણે નારીની સંખ્યા ઘટતી જાય છે. તથા ટૂંકા સમયગાળામાં નવા પોપ વિશે યોગ્ય પરિચય આપ્યો છે. (ફા. વિનાયકનો આભાર) સાથે સાથે Pope Emeritus Beuedict 16 વિશે પણ ટૂંકો પરિચય આપ્યો છે.

બિશપ સાહેબ દ્વારા આંકલાવ સિવાય બીજા ચર્ચોમાં પણ સંતોના અવશેષો છે તે જાણવા મળ્યું.

મહિલાની ખરાબ સ્થિતિ વિશે કંઈક અંશે પોતે પણ જવાબદાર છે. ભડકાઉ વસ્ત્ર પરિધાન પધ્ધતિ, સમય અને સ્થળ વિશે સભાનતા રાખવાથી પરિસ્થિતિ કદાચ નિવારી શકાય.

સરોગેટ મધરથી ટૂંકી આવક થાય પણ સાથે જાનના જોખમની લાલબત્તી બતાવી લેખિકાએ ઘણું જ પ્રશંસાનું કાર્ય કર્યુ છે.

છેલ્લે પોપ બેનેદિક્ત ૧૬ પોતે જાહેરમાં નહીં દેખાય એવું એમના છેલ્લા વક્તવ્યમાં જણાવે છે. તે શું જરૂરી છે? આભાર.

— મેકવાન જોન જોસેફ (આણંદ)

**(૫)**

દ્વિતિય શતાબ્દીમાં પા.હૃ.દૂત, ખરેખર દૂત બની રહ્યો છે. વિવિધતા, વિશાળતા, અને ઊંડાઈ અને ઊંચાઈ ધરાવતી લેખ સામગ્રી આપવા બદલ સૌ પ્રથમ તંત્રીશ્રી તથા તંત્રીમંડળ અભિનંદન અને ધન્યવાદના અધિકારી બન્યા છે. સાથે સાથે ગુજરાત સાહિત્ય પ્રકાશનના મેનેજર અને પ્રકાશક રેવ. ફા. જેરી સિક્વેરાએ અપનાવેલા નવીન અભિગમ, જેવા કે, લેખ તથા કાવ્યો માટે રોકડ પુરસ્કાર, દૂતની ભીતરમાં, મથાળા હેઠળ દૂતના સ્વયંસેવકોને બિરદાવવા, તેમનું સન્માન કરવું, વાર્ષિક સ્નેહમિલન રાખવું, ભેટ સોગાદ, પુસ્તક, કેલેન્ડર વગેરેથી નવાજવા.

દૂતના મુખપૃષ્ઠ સુંદર, આકર્ષક અને ઊચ્ચકોટીના નયનરમ્ય કવર અને નવીન ડિઝાઈન આપવા બદલ શ્રી વિજયભાઈ મેકવાનને અભિનંદન.

એપ્રિલ માસના દૂતનું મુખપૃષ્ઠ અને અંદરના પાને રંગીન ફોટાઓ દ્વારા નવા પોપને આવકાર અને નિવૃત્ત પોપને અલવિદા, ઈસુસંઘના સુપિરિયર જનરલ ફાધર એડોલ્ફ, પોપ સાથે, સ્પેનના કાર્ડિનલ સાંતોષ એબ્રિલ સાથે પોપ, પોપની દિક્ષા વિધિના ફોટોગ્રાફ સુંદર રીતે છાપીને જાણકારી આપવા બદલ અભિનંદન.

સાથે સાથે ફા. વિનાયક જાદવ એસ.જે. દ્વારા લખાયેલો (આમંત્રિત) તંત્રીલેખ. પ.પૂ. બિશપ શ્રી થોમાસ મેક્વાન દ્વારા લખાયેલા દિવ્યદયા અને માર્ચ માસમાં લખાયેલો "કેથોલિક ધર્મસભા પર ઈશ્વરની અનેરી કૃપા" જેવા લેખો દ્વારા સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થાય છે. આ લેખો વારંવાર વાંચવાથી આપણી શ્રદ્ધા દૃઢ બને છે. (મારી જાણ મુજબ સંત જોન માની વિયાનીનું શબ, ફ્રાન્સના કોઈ ગામમાં સચવાયેલ છે. તેની માહિતી આ લેખમાં જોવા મળી નહીં.) પ.પૂ.બિશપ થોમાસ મેક્વાનને કોટિ કોટિ વંદન. આવા માહિતસભર લેખો આપતા રહેજો.

ધાર્મિક અને સામાજીક લખાણ ઉપરાંત, જરૂરી અને ઉપયોગી જાહેરાતો UPSC, IAS, IPS, વગેરેની સમજ માટે તજજ્ઞો દ્વારા સેમિનાર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સારુ માર્ગદર્શન મળી રહે છે.

ટૂંકમાં સમગ્ર વિકાસ માટે અભિનંદન. 'Keep it up.'

— આલ્ફોન્સ મેક્વાન (આણંદ)

## બાઈબલની નવી આવૃત્તિ બાબત

બાઈબલની નવી આવૃત્તિ તૈયાર થઈ ગઈ છે. પ્રેસમાં પ્રિન્ટીંગ માટે આપતા પહેલાં મુદ્રણદોષ કે જોડણીદોષ સુધારવા ઈચ્છતા હોય તેઓએ email કરવો અથવા ગુજરાત સાહિત્ય પ્રકાશના ડાયરેક્ટર ફાધર જેરીનો ફોન પર સંપર્ક કરવો.

**E-mail: booksgsp@gmail.com**
**Mob. 98794 75345 / 94092 72855**

# રજત જયંતી અવસરે...
# આભાર માનું મુજ દિલથી...!

✍ બિશપ થોમસ મેકવાન



૯મી એપ્રિલ ૧૯૮૮ના રોજ લગભગ ૨૫૦ લોકોની હાજરીમાં ધર્માધ્યક્ષ સ્વ. ચાર્લ્સ ગોમ્સ એસ.જે. દ્વારા મને પુરોહિતદીક્ષા મળી હતી. તે દિવસથી આજ સુધી એક એક દિવસ ખુશી, સંતોષ અને ઉત્સાહથી ભરપૂર રહ્યો છે. પુરોહિતદીક્ષાની આ ઈશ્વરીય કૃપા જ છે. મારી દૃષ્ટિ પ્રમાણે એક પણ દિવસ પ્રભુનું કાર્ય કર્યા વગર ખાલી ગયો નથી. હું તો ઈશ્વરનો આભાર જ માનું છું કે એમણે મારી પુરોહિત માટેની પસંદગી કરી છે. વિતી ગયેલા ૨૫ વર્ષમાં ઘણાં અનુભવો થયાં છે. એમાનાં અમુક રજૂ કરવા માગું છું.

દીક્ષા પહેલાં ખેડા જીલ્લાના મોટા ભાગના ધર્મવિભાગોમાં મારી દીક્ષા માટે આમંત્રણ આપવા ગયો હતો. મેં પ્રભુને અંતરથી પ્રાર્થના કરી, “પ્રભુ, નડિયાદ સિવાય ગમે ત્યાં મૂકજે.” અને પહેલી જ નિમણૂક નડીયાદમાં થઈ! ખુશી ખુશીથી ઈશ્વરની આ ઈચ્છાને સ્વીકારી. હોસ્ટેલમાં ૧૧૦ બાળકો હતાં જેમની એકલે હાથે સંભાળ લેવાની હતી. કઠીન કાર્ય હતું પણ તેમની સાથે ૨૪ કલાક વિતાવતો. પરીણામ સારું આવ્યું. બધાં જ સુખી છે. એ બે વર્ષના ગાળામાં અભ્યાસ કરતા બાળકોમાંથી ફ્રા. ફ્રાન્સિસ રેક્ષ, ફ્રા. મયંક પરમાર SDB, હાલમાં દીક્ષા પામ્યા તે ફ્રા. ડેવીડ પરમાર અને દક્ષિણ ગુજરાતના ફાધર બાલુ મળ્યા. એ જ અરસામાં ફ્રા. બીપીન એક યુવાન તરીકે મારી મદદે આવ્યા અને આજે તેઓ પણ પુરોહિત તરીકે પોતાની ફરજો બજાવી રહ્યા છે. આ સિવાય ભાનુ, અશોક, સતીશ અને અનિલ જોડાયા, પણ ઈશ્વરની એમના જીવનમાં બીજી કાંઈક યોજના હતી એટલે પુરોહિતદીક્ષા સુધી પહોંચી ન શક્યા. પેટલાદમાં શિક્ષક તરીકે સેવા આપતા ફ્રા. અવિનાશનો સંપર્ક થયો, જે આજે મારા સેક્રેટરી તરીકે કાર્ય કરી રહ્યા છે. જ્યારે સભાપુરોહિત તરીકે નડિયાદમાં આવ્યો તો ફ્રા. જગદીશ અને એન્જિનિયર એવા ફ્રા. સંદીપનો સંપર્ક થયો જેઓ મારી સાથે યુવાનો તરીકે ગામડાંઓમાં અચૂક આવતા અને ધર્મવિભાગના કાર્યોમાં આગળ પડતા હતા. આજે તેઓ પણ ધર્મગુરુ છે. હાકલ આપવાનું કામ તો ઈશ્વરનું છે. પોતાના માતાના ઉદરમાં જન્મે તે પહેલાં ઈશ્વરે પસંદગી કરી હોય છે. હું ઈશ્વરનો આભાર માનું છું કે મને તેમની હાકલના આ પવિત્ર કાર્યમાં સાધન બનાવ્યો. ધન્ય છે ધર્મગુરુઓના મા-બાપ અને કુટુંબોને જેમણે એમનું ઘડતર કર્યું અને છૂટથી માતા ધર્મસભાને ભેટ રૂપે ધરી દીધાં. યુવાનોને મારે કહેવું છે, કે પ્રભુ તો તમને હાકલ આપી રહ્યા છે, માત્ર તમારી “હા”ની જરૂર છે કારણ, ફસલ તો મબલક છે, પણ લણનારા ઓછા પડે છે. કસોટીઓ તો આવશે જ પણ સોનાની શુદ્ધતા અગ્નિ પરીક્ષામાં જ થાય છે અને ઈશ્વર કૃપા પણ આપતો હોય છે જેથી કસોટીઓમાંથી પસાર થવાય છે. પેલો યુવાન જે ઈસુ પાસે ગયો તે પાછો પડ્યો. કારણ કે તેનાથી મિલકત છૂટતી નહોતી.

નડિયાદનાં ૨ વર્ષ બાદ રોમ ખાતે અભ્યાસ અર્થે જવાનું થયું અને ત્યારબાદ પેટલાદમાં મારી સભાપુરોહિત તરીકે નિમણૂક થઈ અને ત્યાં મારું પુરોહિત તરીકેનું ઘડતર થયું. લોકોનો પ્રેમ અને સહકાર મળ્યો. તેમની ભક્તિ જોઈને ખૂબ જ પ્રભાવિત થયો. મરિયમપુરાના બાળકો માટે બીજું ઘર એટલે ફાધરોનું ઘર. એમનામાંથી ઘણું શીખવાનું મળ્યું અને એમને શીખવાડ્યું પણ ઘણું. તેમને ભેગા કરવા અને સંતોની વાર્તાઓ કરવી અને “ચકલી ઉડે... પોપટ ઉડે... કાગડો ઉડે... જેવી રમતો રમાડવી એક લહાવો હતો. બાળકોમાં મને ઈસુના શબ્દો: “બાળકોને મારી પાસે આવવા દો” યાદ અપાવતા. એમની સાથે ઈશ્વર અનુભવ થતો. પેરીશ પાસ્ટરલ કાઉન્સિલના બે ઉપપ્રમુખો સ્વ. પેટ્રીક વાઘેલા અને જોન કાનીસ સાથે કામ કરવામાં ખૂબ જ આનંદ થતો. પેટલાદની ધર્મસભામાં બધાંને સ્થાન હતું કારણ કે ધર્મજનોનો એવો સહકાર હતો.

રોમમાં અભ્યાસ દરમ્યાન નિર્ધાર કર્યો હતો. કે જ્યાં મુકાઉ ત્યાં હું કોઈના ઘરમાં ચા નહીં પીવું, કારણ કે મને ચા ગમતી નહોતી અને ચાર પૈડાવાળું વાહન નહીં ચલાવું, કારણ કે ગરીબાઈમાં જીવવું હતું. પેટલાદ જતાં પહેલાં જ દિવસે પહેલાં જ ઘરની મુલાકાત માટે નીકળતા કંકુબહેને ઉષ્માભર્યો આવકાર આપ્યો. ચા માટે આનાકાની શરૂ થઈ અને સાંભળવા મળ્યું ‘પહેલીવાર પેટલાદમાં આવ્યા છો, અને પહેલા જ ઘરમા ચા પીવા માટે ના પાડો છો, કેમ ચાલે?’ અંતરથી પ્રભુને કહ્યું, “ચા પીવી પડશે.” તે દિવસ અને આજની ઘડી. જેમણે ચા ધરી છે ત્યાં ના નથી પાડી. જીપ વગર ગામડાંઓનું ધાર્મિક કામ ન થાય તેવો અનુભવ થવા લાગ્યો. મારો નિશ્ચય બદલી નાખ્યો અને વાહન શીખવા માટે નામ નોંધાવ્યું. તેની પરીક્ષામાં નાપાસ થયો. જીવનમાં પહેલીવાર નાપાસ થયાનો અનુભવ થયો! ઢીલા મોઢે પેરિશમાં પાછો આવ્યો, પણ પ્રભુના કામ કરવા માટે એ ચોક્કસ મદદ કરે છે જ!

ડ્રાઈવિંગ તો આવડી ગયું, એવામાં ખંભોળજ ધર્મવિભાગનો તહેવાર ઉજવીને હું પરત પેટલાદ જઈ રહ્યો હતો. ટૂંકા રસ્તાની લાલચે સંદેશરવાળો રસ્તો પકડ્યો અને જેવું ગામ પૂરું થાય ત્યાં જ બાજુના રસ્તા ઉપરથી બે બુજુર્ગો સ્કૂટર પર સવારી કરી મુખ્ય રસ્તા ઉપર આવી ગયા. મેં બ્રેક મારી છતાં તેઓ બંને ફંગોળાઈ ગયા અને બૂમો પાડવા લાગ્યાં. મારી સાથે એક ધર્મગુરુ તથા ધર્મજનો હતાં. તેઓ મદદ કરવા દોડ્યા અને થોડી જ ક્ષણોમાં ૧૫૦ માણસનું ટોળું ભેગું થઈ ગયું. ફાધરે મને જાણ કરી કે બંને વડીલો ઊભા થઈ ગયા છે. હું ગાડીમાંથી ઉતર્યો. ઝભ્ભામાં જોતાની સાથે બંને બોલી ઉઠ્યા, “આ તો મિશનરી છે, તેમને જવા દો.” હું તેમને દવાખાને લઈ જવા કહી રહ્યો હતો પણ તેમણે મને અને મારી સાથે જીપમાં બેઠેલાને તરત જ જવા માટે અનુરોધ કર્યો. રક્ષણ તો પ્રભુએ કર્યું. પણ, ઝભ્ભો કારણ બન્યો...! ધર્માધ્યક્ષની જવાબદારી નિભાવતી વેળાએ છેલ્લા દશ વર્ષમાં ૧૫ વાર ગાડીના પૈડામાં પંક્ચર પડ્યાં અને દરેક વખતે પ્રભુએ કોઈને કોઈ મદદગાર ત્યાંને ત્યાં જ મોકલ્યા! ઈશ્વર તેના સેવકોનું રક્ષણ કરે જ છે.

આરોગ્ય માતા મરિયમના તહેવારની તૈયારીઓ અને મેળાની ઉજવણીમાં ખૂબ જ આનંદ થતો. લોકો જ આયોજન કરતાં. ખૂબ જ સારા અનુભવ સાથે ૫ વર્ષ બાદ નડિયાદમાં મુકાયો.

નડિયાદમાં પણ લોકોએ ખૂબ જ પ્રેમથી આવકાર્યો. તે વર્ષે વરસાદે માઝા મૂકી હતી જેને લીધે ઓક્ટોબર માસ સુધી મુલાકાત અને ગામડાઓની સેવામાં મુશ્કેલી પડી. પરંતુ ત્યાર બાદ લગભગ રોજ મુલાકાતે પહોંચી જતો. નડિયાદ શહેર મોટું હોવાથી રોજ જવું પડતું. સ્વર્ગસ્થ દિવ્યકાંત મગનભાઈ પરમાર પેરિશ કાઉન્સિલના ઉપપ્રમુખ છેવટ સુધી રહ્યા, અને તેમના દ્વારા ધર્મજનોને ટેકો મળતો. દિવ્યકાંતભાઈનું જીવન એટલે સેવાનું જીવન હતું. ધર્મ અને સમાજના કાર્યોમાં તેઓ ખંતીલા હતા. એમની હૂંફ મને સતત મળતી. રોજે રોજ તેઓ પેરિશ ઓફિસમાં મદદ કરવા આવતા. અમે બહાર ગયા હોઈએ ત્યારે દિવ્યકાંતભાઈ ઓફિસ-કામ સંભાળી લેતા હતા. એમની સેવાના બદલામાં કોઈ જ અપેક્ષા નહોતી.

ઓફિસમાં જેમની નિઃસ્વાર્થ સેવા ઉપલબ્ધ હતી તે સ્વર્ગસ્થ ઈશ્વરભાઈને કેમ ભૂલાય? મોટા ભાગનો વહીવટ તેઓ સંભાળતા અને ધર્મસભાને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તેની સંભાળ લેતા. ભરજુવાનીથી જેમણે હોસ્ટેલને પોતાનું કાર્યક્ષેત્ર ગણ્યું અને ૮૭ વર્ષ સુધી હેમખેમ રહીને સેવા આપી તેવા સ્વર્ગસ્થ આન્નાબેનને સૌ યાદ કરે જ છે. ધર્મગુરુઓ તો આવશે અને જશે પણ ધર્મસભા તો આવા નિષ્ઠાવાન, વફાદાર, સેવાભાવી અને ઉદાર સેવકો પર જ ચાલે છે. કામ કરનારને બદલો તો છેવટે સ્વર્ગમાં જ મળે છે.

છૂટા પડેલા પતિ-પત્નીઓને ભેગા કરવામાં મારા પુરોહિત જીવનનો ઘણો સમય ખર્ચાયો છે. ફળ પણ સારાં મળ્યા છે. મારો અનુભવ કહે છે કે એવા કામો પાર પાડવા માટે ભૂખ, તરસ અને સમય સામે ન જોવાય. એક દીકરી અને પેટલાદ ધર્મવિભાગનો દીકરો છુટા પડી ગયા. મારે ફેરા ઘણાં ખાવા પડ્યા. અને છેવટે ત્રીજા કોઈ ધર્મવિભાગમાં તેમને ભેગા કર્યાં. સવારના ૯ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી, પાણી પીવા પણ ઉભા થયા નહોતા, પરિણામ એ આવ્યું કે બન્ને ફરી સાથે જીવન શરૂ કરી શક્યા. આવા ઘણા જ અનુભવો થયા છે. આજે પણ એ કામ ચાલુ છે. થોડી મહેનત અને પ્રાર્થના દ્વારા પ્રભુ સારા પરિણામો લાવે છે. નિષ્ફળતાનો પણ અનુભવ થયો છે!

પુરોહિત તરીકે ખ્રિસ્તયજ્ઞ ઉજવતી વેળાએ મારો આનંદ પરાકાષ્ટાએ પહોંચે છે. જેમાંથી ઈશ્વર અનુભવ, તંદુરસ્તી, શક્તિ અને હિંમત મળે છે. લાંબી મુસાફરીને બાદ કરતા ખ્રિસ્તયજ્ઞ ઉજવ્યા સિવાયનો એક પણ દિવસ ખાલી ગયો હોય તેવું મને યાદ નથી. લોકોને એકછત્ર કરવા અને એમને પ્રભુ આપવા, સોસાયટીઓમાં, ચાલીઓમાં, અને મકાનની છત પર પણ ખ્રિસ્તયજ્ઞ નિયમિત રીતે અર્પણ કર્યા છે. પુખ્ત વ્યક્તિઓને સ્નાનસંસ્કાર આપવાની તૈયારી તથા લગ્નની તૈયારી કરાવવામાં ખૂબ આનંદ થતો. બીમારોની મુલાકાત અને પરમપ્રસાદ પીરસવામાં મને પુરોહિતપણાના સંતોષનો ખૂબ જ અનુભવ થતો. આજે પણ એવા મોકાને હું ખાલી જવા દેતો નથી.

જ્યારે ગુજરાતમાં ધરતીકંપના લીધે ઘણી હોનારત થઈ હતી ત્યારે નડિયાદના દસ યુવાનો સાથે અમે ભૂજ ગયા હતા અને સેવા આપી હતી. અઠવાડીયા પછી હું પાછો ફર્યો પણ પેલા યુવાનો તો ૧૦ દિવસ રોકાયેલા. ધન્ય છે એવા યુવાનોને!

ગુજરાતના કોમી હુલ્લડ વખતે અનોખો અનુભવ થયો હતો. અમદાવાદના આપણા જ એક યુવાનને નેશનલ હાઈવે પર અકસ્માત થયો હતો અને સિવિલ હોસ્પિટલ નડિયાદમાં દાખલ કર્યો હતો. ચારેકોર તોફાન ફાટી નીકળશે તેવી ભીતીના લીધે હોસ્પિટલ આપણા ભાઈને રાખવા તૈયાર નહોતી. મારા ઉપર ફોન આવ્યો કે તેમને અમદાવાદ મોકલવાની તૈયારી કરો. તોફાન ફાટી નીકળે તેવી પરિસ્થિતિમાં તે ભાઈને સિસ્ટરોની એમ્બ્યુલન્સમાં અમદાવાદની સિવિલમાં લઈ ગયો. રસ્તાઓ અંધારપટમાં છવાયેલાં હતા, ભેંકાર, ગમગીન અને ખતરનાક વાતાવરણ હતું. ભગવાનની દયાથી કાંઈ જ ન થયું. તોફાનોને લીધે નડિયાદમાં કર્ફ્યુ ચાલતો હતો. મીલચાલમાં કોઈનું ખૂન થયું અને આપણાં નિર્દોષ લોકો ગભરાયા. મારા પર ફોન આવ્યો, ‘કાંઈ કરો.’ એમ્બ્યુલન્સ લઈને ત્યાં પહોંચી ગયો. કર્ફ્યુમાં રસ્તા ઉપર પ્રાણી પણ જોવા ન મળ્યાં. મિલચાલમાં મુલાકાત લીધી. લોકોને હિંમત આપી અને પ્રાર્થના કરી પરત આવ્યો. ત્યારે પણ હું બચી ગયો. એ જ અરસામાં નડિયાદ તાલુકાના ખૂંટજ ગામમાં જવાનું થયું અને ત્યાં લઘુમતી કોમના લોકો નિરાશ્રિત હાલતમાં જોવા મળ્યાં. વાંડવળ તેમનું ગામ. ત્યાંથી ભાગીને ખૂંટજ આવ્યા હતાં. તેમને હિંમત આપી અને

ધર્મપ્રાંત દ્વારા બે અઠવાડિયા સુધી ચાલે તેટલી મદદ કરી. દિવ્યકાંતભાઈ મારી સાથે જ હતા. આ પણ મોટું જોખમ હતું જ પણ પ્રભુનો અનુભવ અચુક થતો જ રહ્યો.

૧૧મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ધર્માધ્યક્ષ તરીકે મારે ૧૦ વર્ષ પૂર્ણ થયા. ધર્મગુરુઓ, ધર્મભગિનીઓ તથા ધર્મજનોના પ્રેમ, સાથ અને સહકારથી ધર્મપ્રાંતે ધાર્મિક, શૈક્ષણિક તથા સામાજિક ક્ષેત્રે ઘણી જ પ્રગતિ સાધી છે. આ ટાણે આપ સર્વનો હું આભાર માનું છું. આભાર માનું છું ઈશ્વરનો, કે તેમની હાજરીનો સતત અનુભવ થયો છે અને તેમની પાસે માગેલી મદદ અચૂક મળી છે અને એટલે જ ઘણાં સારા કાર્યો થયા છે.

આ અરસા દરમિયાન ઘણાં અનુભવો થયા છે. ખેડા તથા આણંદ જીલ્લામાં ૨૦૦૫, ૨૦૦૬, અને ૨૦૦૭ વર્ષ દરમિયાન પૂર આવ્યાં હતાં. ઘણી તારાજી થઈ, પણ ઈશ્વરની મદદ વડે લોકો માટે મકાનો ઉભા કરી શક્યા છીએ. ત્રણેય સમયે પૂરની પરિસ્થિતિમાં જ અચૂક ગામોની મુલાકાત લીધી હતી. ૨૦૦૬માં નાર ગામ પાણીમાં ફસાયું હતું ત્યાં જવા ફા. રોકી પિંટો અને હું સાથે હતા. એક સમયે પૂરમાં ગાડી ફસાઈ ગઈ અને તણાવા લાગી પરંતુ સમયસૂચકતાના લીધે અમે બન્ને બચવા પામ્યા.

૨૦૦૫થી આપણા અમુક ભાઈ બહેનોને નોકરી બાબતે ઘણી મુશ્કેલી ઉભી થઈ છે. તેમ છતાં ઈશ્વરે કોઈને આંચ આવવા દીધી નથી. સરકારી ગાડીઓ બિશપ હાઉસની મુલાકાતે વારંવાર આવે છે પણ પ્રભુએ બધાંને સુરક્ષિત રાખ્યા છે. પ્રભુના વચન: “ખાતરી રાખજો કે, હું યુગનાં અંત સુધી સદા તમારી સાથે છું.” (માથ્થી ૨૮:૨૮)નો સાક્ષાત અનુભવ થઈ રહ્યો છે.

ધર્માધ્યક્ષની જવાબદારી ખુશીથી કરી રહ્યો છું અને ઈશ્વરની ઈચ્છા હશે ત્યાં સુધી અવિરત પણે પ્રભુનું કામ કરતો રહીશ.... આભાર....! ●



# દૂતની ભીતરમાં

**સેમ્યુઅલ પીટર વાઘેલા**

“દૂત ઘેરેઘેર પહોંચાડવાનું કાર્ય મારા માટે લોકસંપર્ક જાળવી રાખવા સેતુ સમાન છે.” આ શબ્દો છે દૂતના ઉત્સાહી સ્વયંસેવક નડિયાદ નિવાસી સેમ્યુઅલ ભાઈના.

ગાયકવાડીગામ, દેવાના વતની સેમ્યુલભાઈનો જન્મ ૬ ફેબ્રુઆરી ૧૯૪૦ના રોજ થયો હતો. શિક્ષણ તરીકેની તાલીમ બાદ સરકારી નોકરી શરૂ કરી. ડભોઉ, મલીઆતજ, માછિએલ, મોટીજેર, દંતાલી, નિરમાલી, વાલવોડ, ભુરાકૂઈ, પંડોળી વગેરે ગામમાં નોકરી અર્થે ફરતા રહ્યા અને અંતે નરસંડામાં ૧૯ વર્ષ નોકરી કરી. મુખ્ય શિક્ષક તરીકે ૧૯૯૮માં નિવૃત્ત થયા. હાલમાં મિશન રોડ નડિયાદ ધર્મવિભાગમાં વિવિધ રીતે સેવામય કાર્યોમાં પ્રવૃત્ત છે. વિન્સેન્ટ - દ - પોલ મંડળ દ્વારા ગરીબ અને જરૂરીયાતમંદ લોકોની પડખે ઊભા રહી સેવાની જ્યોત જલતી રાખી રહ્યા છે.

૧૯૯૭માં તેમનાં ધર્મપત્ની હસુમતીના અવસાન બાદ સમાજોપયોગી કાર્યોમાં સાથે દરરોજ દેવળમાં જવું, પ્રાર્થનામય જીવન ગાળવું ને વિવિધ રીતે ધર્મસભાને મદદ કરવા તત્પર રહેવું એ તેમના નિવૃત્ત જીવનનો મુખ્ય ભાગ છે. બહોળો સંપર્ક ધરાવતા સેમ્યુલભાઈ સદાય તેમના મિત્રો, શુભેચ્છકોને જરૂરીયાતમંદ વ્યક્તિઓ વચ્ચે દેખાય છે.

દૂતના સ્વંયસેવક તરીકે છેલ્લા પંદરેક વર્ષથી તેઓ કાર્યરત છે. તેમના માટે દૂત ઘેર ઘેર પહોંચાડવો મુલાકાતનું એક કારણ બની રહે છે. હાલમાં ૧૦૧ ગ્રાહકોને નડિયાદ મિશન વિસ્તારમાં દૂત પહોંચાડે છે.

તેમના ત્રણ સંતાનોમાં જ્યેષ્ઠપુત્ર ઈસુસંઘી ફાધર અશોક ગુર્જરવાણી - અમદાવાદ ખાતે કાર્યરત છે. વચેટપુત્ર શૈલેન્દ્ર નડિયાદમાં ફેબ્રીકેશનનો સ્વતંત્ર ધંધો કરે છે. સૌથી નાનો પુત્ર મનોજ રાજકોટ મ્યુનિસિપાલિટીના આરોગ્ય ખાતામાં નોકરી કરે છે.

બે મહિના પહેલા સેમ્યુલભાઈને કેન્સરની ગંભીર માંદગી ઘેરી વળી પણ ઈશ્વર પરનો અખૂટ વિશ્વાસ, ડોક્ટરની દવા અને અનેક લોકોની શ્રદ્ધામય પ્રાર્થનાથી હાલ આરામ છે. દૂત પરિવાર તેમના સારા સ્વાસ્થ્ય માટે ઈશ્વરપિતાને દુઆગુજારે છે.

— ફાધર જેરી સિક્વેરા, એસ.જે.
પ્રકાશક

# ચલ ! ઉડ જા રે પંખી



✍ એન્ડ્રુ સિલ્વેરા. એસ.જે.

એક દિવસ એક જ્ઞાની ગુરુની નજરે એક અદ્‌ભૂત દ્રશ્ય નજરે ચડ્યું, મરઘા-ઘરમાં મરઘા-મરઘીઓ હરતા ફરતા. માલિકે ફેંકેલા અનાજના દાણા ખાતાં. પણ એમની સાથે એકદમ સહજ રીતે હળી મળી અને ભળીને દાણા ખાતા પંખીઓના રાજા ગરુડને જોઇને ગુરુ આશ્ચર્યમાં મુકાઇ ગયા. તેમણે મરઘા-ઘરનાં માલિકને પૂછ્યું, “આ પંખીઓના રાજા ગરુડ મરઘા-મરઘીઓની વચ્ચે કઇ રીતે ભળે છે?”

માલિકે કહ્યું, “વાત એમ છે એ બચ્ચું હતું ત્યારે એની મા પાસેથી વિખૂટું પડી ગયું. ફરતું ફરતું મારા મરઘા-ઘરમાં આવ્યું. મરઘા-ઘરના મરઘા-મરઘીઓ સાથે હળવા-ભળવા લાગ્યું. તેમની સાથે દાણાં ખાવા લાગ્યું. મરઘીની પાંખો નીચે સૂવા લાગ્યું. ખાય-પીએ અને મરઘી મા સાથે એમના બચ્ચાંની જેમ સાથે પાળ પૂરતું જ ઉડે. પાળ ઉપર જ બેસે. એ ક્યારેય એના અસલી ગરુડ સ્વભાવ મુજબ ઊડતા શીખ્યું જ નથી. હવે મરઘા મરઘીઓના માહોલમાં રહીને એ પોતાની જાતને મરઘું જ માને છે. એનું વર્તન પણ તદ્‌ન મરઘા જેવું જ.”

ગુરુજીએ ટકોર કરી.... પણ અસલમાં. એનું હૃદય તો ગરુડનું જ છે ને! હકીકતમાં એને એની અસલિયત વિશે જાગૃત કરીને એને એના મરઘાપણાંમાંથી મુક્ત કરીને પાછો ગરુડ બનાવી શકાય. ગુરુજીએ ગરુડને પ્રેમથી પોતાના હાથોમાં લઇને કહ્યું, “તું તો અસલ ગરુડ છે. જો! તારી તીક્ષ્ણ નજરથી આકાશ તરફ જોઈ લે, જો, જો ને! એ ઊંચા આકાશમાં પંખીઓ કેવી મસ્તીથી ભરારી મારી રહ્યા છે. ગરુડે કુતુહલથી પૂછ્યું: એ ક્યા પ્રકારનાં પંખીઓ છે? એ આકાશમાં એટલે ઊંચે કઇ રીતે ઊડતા હશે? ગુરુજી બોલ્યા, “અરે દોસ્ત, એ તો તારા જ જાત-ભાઇઓ છે. પંખીઓના રાજા અસલ ગરુડ છે. ચાલ, હું તને ડુંગરના ઊંચા શિખર ઉપર લઇ જાઉં, તારી પાંખોમાં આકાશમાં ઉડવાની ગજબની શક્તિ છે, તારી એ શક્તિમાં વિશ્વાસ રાખજે. બસ! તારી પાંખો ફેલાવજે, જોખમ ખેડજે. મસ્તીમાં આકાશમાં ઉંચે ઉંચે ભરારી મારજે.” આ સાંભળીને ગરુડને તો કંપારી છૂટી. ઉપર આકાશ અને નીચે ઊંડી ખીણ. “હું ખાઇમાં પડી જઇશ તો મરી જ ગયો. ના, ના! મારાથી એ નહિ જ બને. એના કરતાં બહેતર છે કે હું મરઘાની જેમ જીવન જીવી કાઢું. મને મરઘો રહેવા દો. મારે ગરુડ થવું જ નથી.”

ગરુડની વાત સાંભળીને ગુરુજીએ એને એ દિવસ માટે એની હાલત ઉપર જ છોડી દીધો.

બીજા દિવસે હિંમત લઇને ગુરુજી ફરી પાછા ગરુડ પાસે આવ્યા. ગરુડને પ્રેમથી હાથમાં લઇને ડુંગરના ઊંચા શિખર ઉપર લઇ ગયા. ફરીથી ગરુડને સમજાવતા કહ્યું, “જો તું તો મરઘો નથી. તુ અસલ ગરુડ છે. તારી પાંખોમાં ઊંચે આકાશમાં ઊડવાની ગજબની શકિત છે. તારી પાંખોની શક્તિમાં વિશ્વાસ રાખ અને તારી પાંખો ફેલાવજે, તારી જાતને ઓળખીને જાત ઉપર વિશ્વાસ રાખ. ભયના બંધનમાંથી મુક્ત થઇને બસ આકાશમાં ઉંચે ઊડી જા, તારું સ્થાન આકાશમાં છે, ધરતી ઉપર નહી.” પણ ગરુડની હિંમત ચાલી જ નહીં, એણે એક નજર મરઘા તરફ રાખી અને બીજી જ ક્ષણે આકાશ તરફ જોયું. ઉડવાની કોશિષ તો કરી પણ ઊડી શક્યો નહીં.

પછી ગુરુજીએ એના મુખને સૂરજના કિરણો પ્રત્યે ધર્યું. સૂરજના તેજસ્વી કિરણોથી ગરુડ અંજાઇ ગયો. એના આખાયે તનમાં ને મનમાં તીવ્ર ઝણઝણાટી થઈ. ધીરે ધીરે એની પાંખોમાં જોર આવ્યું અને એ છૂટવા લાગી. બીજી જ ક્ષણે એની પાંખો ખૂલી ગઇ અને મુક્તિના ઉન્માદમાં એક તીણી ચિચીયારી કરીને ગરુડે ઊંચા આકાશમાં મુક્ત રીતે ભરારી મારી. એના સઘળા બંધનોનો કોથળો છૂટ્યો ને એ સાવ મોકળો થઇને હલકોફૂલકો થઇ ગયો.

ક્યારેક ગરુડ પાછલા જીવનની યાદો વાગોળતો. એ કેવું બંધનમય અને ભયની ગુલામીનું મજબૂત જીવન જીવતો હતો. મરઘા તરીકે બીકમાં ને બીકમાં જીવન જીવીને કંઇ કેટલાંયે વર્ષો બગાડ્યા એનો એને અફસોસ થતો. અફસોસની વાત છે. કંઇ કેટલાય માણસો ભ્રામક ભયના ઓથા હેઠળ રહીને બંધનમય જીવન જીવી રહ્યા છે. તેઓ પોતાની અસલિયતને ઓળખીને સંકુચિત જીવનમાંથી મુક્ત થઇને જીવનનો ભર્યો ભર્યો આનંદ માણી શકતા નથી. કદાચ આવા લોકોમાં મારી પણ ગણના થતી હશે. મરઘીની જેમ મારી અસલિયતના ભોગે હું નકલિયાત જીવન જીવતો હોઇશ. જીવન પ્રત્યેની મારી દૃષ્ટિ મરઘાની છે કે ગરુડની? હું સતત ભયમાં કે બંધનમાં રહું છું કે બધા બંધનો તોડીને મુક્ત જીવન જીવું છું?

માણસો બે પ્રકારની જીવન દૃષ્ટિ રાખે છે. મરઘાની દૃષ્ટિવાળા હરહંમેશ ડર અને બંધનમય મજબૂરીનું જીવન જીવે છે તો ગરુડની દૃષ્ટિ ધરાવનાર માણસો આત્મવિશ્વાસ અને હિંમતથી જોખમો ખેડતા રહીને મુક્ત આનંદનું જીવન જીવે છે અને સતત વિકસતા રહે છે. ખળખળ વહેતા ઝરણાની જેમ વહેતા જ રહે છે. હું કઈ વિચારધારાને લઈને જીવન જીવું છું? મરઘીની કે ગરુડની?

**મરઘીની દૃષ્ટિ:**

મારા મનમાં સતત એકજ વિચાર ઘોળાતો હોય છે કે હું કશું જ નથી. મારામાં કંઈક અધુરપ કે ઉણપ છે. હું તો ખાલી ખોખા જેવો છું. હું મારી પાસે જે છે એના ઉપર નહિ પણ મારી પાસે જે નથી તેના ઉપર જ મન કેન્દ્રિત કરીને ચાલું છું. મને તો કપ અડધો ખાલી જ દેખાય. કપ ભરેલો નથી દેખાતો. પરિણામે મનમાં સતત બીકના મોજાંઓ અથડાતા હોય. મારું માનસ હંમેશા બીક અને અસલામતીથી ઘેરાયેલું રહે છે. બીકના લીધે મારે જે કરવું હોય એ હું નથી કરતો પણ જે નથી કરવું એ જ કરું છું. મને માનસિક લકવો થયો છે. વસંતમાંયે મને ડાળખી કેમ નથી ફૂટતી.

અસલમાં મારી આંતરચેતના કે આત્મબળના આધારે જીવન માણવાને બદલે હું એના ભોગે બાહ્ય સંજોગો, વસ્તુઓ અને બાહ્ય વ્યક્તિઓ ઉપર નિર્ભર રહીને જીવન જીવું છું, હું એવી ભ્રામક કલ્પના કે માન્યતામાં રહું છું કે મને કે મારી સલામતી, સુખ કે મારું સ્વમૂલ્ય મારા અંતર્યામી પરિબળોના આધારે નહિ પણ બાહ્ય પરિબળોના આધારે નિર્ભર હોય છે. મારા અંતરનો ખાલીપો બાહ્ય પરિબળો ભરી કાઢશે. બીજાઓ સાથે હું ભ્રામક સરખામણીઓ કરવા લાગુ છું. પાડોશીઓ પાસે જે છે તે મારી પાસે નથી. એ મેળવવા હું ધમપછાડા કરું પણ મને બીક લાગે છે. એ સુખ હું ક્યારેય પ્રાપ્ત કરી ન શકું. મારી પાસે અસલમાં જે છે તેનાથી મને સંતોષ નથી પણ મારી પાસે નથી તેની ચિંતા મને સતાવે છે. બજારમાં લેટેસ્ટ મોબાઈલ કે ફેશન ચાલે છે તેને ખરીદું તો જ હું સુખી થાઉં. હવે ઘરની પોતીકી વ્યક્તિઓ છોડીને બહારની વ્યક્તિઓની ચાહત મેળવવા લાગુ છું. એવું લાગે છે કે ઘરની બાબતોના બદલે બહારની બાબતો હવે મને વધુ સુખી કરે છે. પછી આપણે થઈ જઈએ નહિ ઘરના કે ઘાટના.

બીજાને કંઈ આપું તો હું જ ખોટમાં જાઉં અને ખાલી થઈ જાઉં. આમેય બીજાને કંઈ મદદ કરીએ તો એ પરત કરે એની ખાતરી જ શું? એને કંઈક આપું તો આખરે હું જ લુખ્ખો બની જાઉં. હું કોઈને કશુંક આપું તો એમાં મને કોઈ ચોક્કસ બદલો તો મળવો જ જોઈએ. આમેય હું ઉપર પડીને તમારા માટે ફલાણું ને ઢીંકણું કરું છું. તો તમે મારા માટે કશું જ ના કરો? મને મદદ કરવી એ તમારી ફરજ નથી બનતી? આમેય દરેકે દરેકનું ફોડી લેવું સારું. હું મારો માળો સાચવું અને તમે તમારો માળો સાચવજો. હું મારું કામ કરું. તમે તમારું કામ કરો. હું ક્યાં તમારી અને તમે ક્યાં મારી અપેક્ષાઓ/જરૂરિયાતો પૂરી કરવા બંધાયેલા છીએ.

જ્યાં સુખ છે ત્યાં માણસ એને શોધતો નથી. એના બદલે એ જ્યાં નથી ત્યાં એ એને શોધે છે. એક દિવસ સાંજના સમયે એક માણસની ચાવી ખોવાઈ ગઈ, ઘરનાં આંગણામાં બેસી નીચે ઘૂંટણીએ પડીને એ ચાવી શોધતો હતો. એમનો એક મિત્ર ત્યાં થઈને જતો હતો. એણે પૂછ્યું, દોસ્ત શું શોધે છે? જવાબ મળ્યો, "હું મારા ઘરની ચાવી ખોવાઈ ગઈ છે તેને શોધું છું". મદદ કરવાની લાગણીથી દોસ્ત પણ ઘૂંટણીએ વળીને ચાવી શોધવા લાગ્યો. ખાસ્સો સમય વહી ગયો તોયે ચાવી કંઈ મળે જ નહિ, દોસ્તથી રહેવાયું નહિ, એ બોલ્યો, "મિત્ર સાચું કહે તારી ચાવી ક્યાં ખોવાઈ ગઈ છે?" અરે! ચાવી તો ઘરમાં જ ખોવાઈ ગઈ છે. "પણ પછી તું ઘરની બહાર કેમ શોધે છે?" અરે ડોબા, તને આટલીયે ખબર નથી કે ઘરમાં અંધારું છે અને અહીં ઘરની બહાર કેટલો બધો ઉજાસ છે."

આ છે માણસનો સ્વભાવ એ સુખ જ્યાં છે ત્યાં નહિ શોધે પણ જ્યાં નથી ત્યાં જ શોધે. સુખ માણસના અંતરમાં છે. સુખ બહાર નહિ હોય. માણસનું સુખ જો અંતર્યામી હોય તો એને બહાર શોધવાની કાંઈ જ જરૂર નથી, પોતાની અસલામતીના કારણે માણસ સંઘરાખોર બની જાય છે. એ બીનજરૂરી વસ્તુઓનો સંગ્રહ કરે છે. એની આજુબાજુ એની ખુશામત કરનાર લોકો ફરતા થાય છે. એ લોકોનો માત્ર પોતાના સ્વાર્થ ખાતર ઉપયોગ કરી જાણે છે. લોકો એની પાસેથી કંઈક લઈ લે કે માગી લે એની એને બીક હોય છે.

પોતાના અંગત જીવનની આસપાસ એ કંપાઉન્ડ ઠોકી દે છે જેથી એના અંગત જીવનમાં કોઈ ડોકિયું કરી ના શકે. પોતાના અંગત જીવનમાં એ કોઈને જોવા નહિ દેતો કે એ કોઈના અંગત જીવનમાં જોવાની તસ્દી લેતો નથી. એના કહેવાતા સ્વજનો કે મિત્રો એના માટે કઠપૂતળી કે હાથા જેવા જ હોય. ભલે એના જીવનમાં ઝાકમઝાળ હોય કે એની આજુબાજુ ખુશામતીઓનો ભરડો હોય પણ અંદરથી એ બિચારો એકલો જ હોય.

મરઘીની દૃષ્ટિ ધરાવતી વ્યક્તિઓ એવી માનતી હોય કે તારા વગર મારું ચાલતું નથી અને મારા વગર તારું ચાલશે નહિ. આવા લોકો માનસિક રીતે પગભર થવા ચાહતા નથી. એમને સ્વાવલંબી નહિ પણ પરાવલંબી જીવન ગમે છે.

સાંતાક્લોસની ક્રિસમસ પાર્ટી, રંગીન લાઈટસની ઝાકમઝાળ, શણગાર અને સુંદર સંગીતમય વાતાવરણમાં બધા જામી ગયા હતા. એમાં એક ગમગીન માણસની એક જ ચિંતા હતી. ક્યારે ક્રિસમસ ટ્રીનો એટલે કે ક્રિસમસ

ભેટો આપવાનો કાર્યક્રમ શરૂ થશે. અને ક્યારે એને સૌથી સારી ભેટ મળી જશે. આખરે સાંતાક્લોઝની પાર્ટી શરૂ થઈ. દરેકને એકસે બઢકર એક એવી ભેટ મળવા લાગી. એ માણસ આતુરતાથી પોતાના ભેટબોક્સની રાહ જોતો રહ્યો. સાંતાક્લોસે એના નામની જાહેરાત કરી. એક સૌથી મોટું અને આકર્ષક બોક્સ એના ખોળામાં પડ્યુ. લોકોએ જોરશોરથી તાળીઓનો ગડગડાટ કર્યો. સૌથી આકર્ષક અને સૌથી મોટા બોક્સમાં કેવી ભેટ હશે એની ઉત્સુક્તામાં એણે બોક્સ ખોલ્યું અને અંદર જોયું તો એમાં કશું જ નહોતું. એ તો ખાલી ખોખું નીકળ્યું. પાર્ટીના આયોજકમાંથી એકાદ વ્યક્તિએ એનો સ્વભાવ જાણીને એની ક્રૂર મશ્કરી કરી હતી. એને મૂર્ખ બનાવવામાં આવ્યો હતો.

દરેક માણસને આવી મૂર્ખાઈનો અનુભવ થાય છે. દરેક માણસ આવી ખોટી ભ્રમણામાં રહેતો હોય છે. દરેક માણસને એવું લાગતું હોય છે કે દુનિયામાં કોઈ એક આદર્શ પરિપૂર્ણ અને સર્વાંગસુંદર વ્યક્તિ માટે કે વસ્તુ મારા માટે સર્જાઈ હશે અને એ જ મને સાચું સુખ આપશે. પણ આવી માનસિક્તા ધરાવતા માણસોને ખાલી ખોખા જેવું પોકળ સુખ જ મળવાનું. એટલે જ સુખ માટે બાહ્ય સંજોગો વસ્તુઓ કે વ્યક્તિઓમાં જોવાના નિરર્થક ધમપછાડા કરતાં એ સુખ જ્યાં છે ત્યાં જ એટલે આપણા હૃદય મંદિરમાં શોધીએ તો?

જાગ્યા ત્યાંથી સવાર. હવે ઝાંઝવાના નીર પાછળ પડીએ એના કરતાં પગ ધરતી ઉપર ટેકવીને વાસ્તવલક્ષી જીવન જીવીએ જ સારું.

માણસની અંદર ઊણપ કે અધુરપના લીધે એ હરહંમેશ અપૂર્ણ જ રહેવાનો. વિરોધાભાસમાં ગરુડની દૃષ્ટિ મુજબ માણસમાં કોઈ કમી નથી. આપણી પાસે બધું જ છે આપણે જે કાંઈ છીએ અને જે કાંઈ આપણી પાસે છે તે બધું ઈશ્વરે જ આપણને આપી દીધું છે. એ જ આપણી સાચી ઓળખ છે. આપણે એમના પ્રત્યેની નીપજ છીએ આદમની જેમ સ્વાર્થના માટે કે અસંતોષના કારણે વધુ ને વધુ મેળવવા વલખા મારીશું તો પગ ઉપર જ કુહાડી મારીશું. હકીકતમાં સુખ માટે જે કાંઈ આપણે શોધીએ છીએ એ સુખનું ઐશ્વર્ય ઈશ્વરે આપણી અંદર મૂક્યું જ છે એટલે જ કોઈ બાહ્ય સંજોગો વસ્તુઓ કે વ્યક્તિઓ આપણી સંમતિ કે મંજૂરી વિના આપણને સુખી કે દુઃખી કરી શકતા નથી, માણસ પોતે શું છે અને એની પાસે શું છે એ જાણે સમજે, સ્વીકારે અને અપનાવે તો જ એ સુખી થાય.

સૃષ્ટિના સર્જન વખતે ઈશ્વર અને માણસ સહજ રીતે એકબીજાના સંગાથમાં હરતા-ફરતા. ઈશ્વરે માણસ માટે આનંદ-વાટિકા સર્જી હતી, ઈશ્વરે માણસને એ આનંદ-વાટિકામાં માણસ માટે બધું જ ઐશ્વર્ય આપ્યું હતું. પણ માણસ આડો ફાટ્યો અને માણસ તરીકે રહેવું ન ગમ્યું અને તે ઈશ્વરને ખસેડીને એમની જગ્યાએ એને ઈશ્વર થવું હતું. ઈશ્વરના ઐશ્વર્યનો એ માલિક થવા માગતો હતો.

ગુરુજીએ ગરુડને એની મરઘાપણાની લઘુતાગ્રંથી છોડાવીને એમણે ગરુડની આંતરિક શક્તિ તરફ ધ્યાન દોર્યું એની પોતાની ભીતરની આત્મશક્તિ કે આત્મબળ વિશે એને સજાગ કર્યો. એમણે ગરુડને ઉડવા માટે પ્રેમ, પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતાં કહ્યું. "તારી પાંખોમાં ગજબની શક્તિ છે. તારી એ ભીતરની શક્તિમાં વિશ્વાસ રાખ તારી પાંખો ફેલાવ અને ઉંચા આકાશમાં મુક્ત રીતે ભરારી મારજે."

ઈસ્રાએલ, તારો સર્જનહાર અને તારો ઘડવૈયો પ્રભુ તને કહે છે. હું તારો ઉધ્ધાર કરીશ મેં તને નામ દઈને બોલાવ્યો અને તું મારો પોતાનો છે. જ્યારે તું અગાધ જળમાં થઈને પસાર થતો હશે ત્યારે હું તારી પાસે રહીશ, તું નદીમાં થઈને હશે ત્યારે તેના વહેણ તને તાણી નહિ લઈ જાય, અગ્નિમાં થઈને ચાલશે તો તું દાઝી નહિ જાય, જ્વાળાઓ તને બાળશે નહિ, કારણ હું તારો ઈશ્વર છું, ઈસ્રાએલનો પરમપવિત્ર ઈશ્વર છું, તારો ઉદ્ધારક છું. તું મારે મન બહુ કિંમતી છે, સન્માનપત્ર છે, અને મને તારા ઉપર પ્રેમ છે એટલે જ હું તારી જિંદગીના બદલામાં પ્રજાઓની પ્રજા આપું છું, ડરીશ નહિ, હું તારી સાથે છું. ●


# લીટલ સિસ્ટર્સ ઓફ ધ પુઅર

"હું કેટલી ધન્ય છું એક લીટલ સિસ્ટર્સ ઓફ ધ પુઅર થઈને." (સંત જેન જુગાન)



લીટલ સિસ્ટર્સ ઓફ ધ પુઅર બનીને વૃદ્ધોની સેવા કરવા પરમેશ્વર તમને પણ હાકલ કરતા હશે.

લઘુતમ શૈક્ષણિક લાયકાત - ધોરણ ૧૨.

વધારે વિગતો માટે મળો અથવા લખો.

Little Sisters of the Poor
Mahakali Caves Road,
Andheri (East), Mumbai - 400093
Phone: 022-28364187, 28382535

# ઝોકનો દરવાજો



✍ ફાધર અનિલ સેવરીન એસ.જે.

જિંદગી કા સફ્ર
હૈયે કૈસા સફ્ર?
કોઈ સમજા નહિ
કોઈ જાના નહિ

જિંદગી એક કોયડો છે? એક વણ ઉકેલાયેલું રહસ્ય એટલે જિંદગી. જેટલું વધારે જિંદગી વિશે જાણીએ એટલું ઓછું. જિંદગીની સમજ વ્યક્તિ વ્યક્તિએ બદલાય. સમય અને સંજોગો, આપણે કરેલી જિંદગીની વ્યાખ્યાઓ જ બદલી નાખે.

મનગમતું મળે તો જિંદગી બાગ લાગે
મનગમતું છિનવાઈ જાય ત્યારે જિંદગી રણ લાગે.
સમસ્યાઓ વગરની જિંદગી હળવીફૂલ લાગે.
સમસ્યાઓ ગ્રસ્ત જિંદગી બોજો બની જાય.
વૈરાગ્યમાં મમત્ મૂકી વૈરાગીઓને વિચલીત કરે જિંદગી
સંસારના સુખોમાં વૈરાગ્ય લાવે જિંદગી.

હું જેટલું વધારે જિંદગી વિશે જ્ઞાન મેળવું છું. હું વધારેને વધારે જિંદગી વિશેના મારા અજ્ઞાનથી સભાન બનું છું. સભાનતા સાથે જીવેલી જિંદગીમાં મને હંમેશા મજા આવી છે. સભાનતા વગર જીવેલી જિંદગી શુષ્ક ને મજા વગરની જિંદગી બની જાય છે. જિંદગી વિશે મારી સમજવાની મથામણ મને નમ્રતા તરફ દોરી ગઈ છે. હા, જ્યારે જિંદગી પ્રત્યેનો મારામાં માલિકીભાવ જાગ્યો છે ત્યારે અધિકાર વગરનો અધિકારી જેવો હું ખાલીખાલી બની જાઉં છું. હું પુરોહિત ખરો. આ મોટી જવાબદારીથી હું વાકેફ ન હતો - પરંતુ હવે છું. લોકો મારી પાસે સમાધાનો શોધવા, કોયડાઓ ઉકેલવા અને બોજો હળવો કરવા આવે છે. જાણે કે હું સુખના રાજ્યનું પ્રવેશદ્વાર ના હોઉં. લોકો માટે હું ઈસુનો પ્રતિનિધિ છું. ઈસુ ઝોકનો દરવાજો છે. ઈસુએ આપેલી સ્વઓળખ હતી. ઈસુની જેમ શિષ્ય પણ દરવાજો જ હોવો જોઈએને! લોકો આ કારણથી જ મારી પાસે આવે છે. ઈસુના શબ્દોમાં લોકોને શ્રદ્ધા છે, 'હું આવ્યો જ છું એટલા માટે કે તમને જીવન મળે, ભરપટ્ટે મળે.' લોકોને જીવન - ભરપટ્ટે અનુભવવું છે એટલે તો ઈસુના પુરોહિત પાસે જાય છે. હું મારી જાત ઉપર હસુ છું. જીવન અને તે પણ ભરપટ્ટે આપનારો હું જ જીવનથી દૂર હોઉં તો ભરવાડ વગરના ઘેટાંઓનું શું?

પુરોહિત લોકોની ચર્ચાનો મુખ્ય વિષય હોય છે. પુરોહિતોની પ્રશંસા થાય એજ પુરોહિતની ટીકા-આલોચના પણ થવાની. પુરોહિતનું વર્તન ટીકા-આલોચના માટેનું કારણ હોઈ શકે. ઘણી વખતે 'આદત સે મજબૂર' લોકો માટે 'ટીકા-આલોચના' કરવી આદત બની ગઈ છે. એમ પણ બને કે પુરોહિતે એ લોકોના 'સ્વાર્થ અને અહંકાર'ને ઠેસ પહોંચાડી હોય. પુરોહિતોની ધર્મજનોને હંમેશા જરૂર રહી છે.

**જીવનના સાધકોઃ**

પતિ-પત્નીના સંબંધમાં પ્રવેશતા સ્ત્રી-પુરુષ પુરોહિતના આશીર્વાદ યાચે છે. પુરોહિત ઈસુનો વર્તમાન ચહેરો! એના આશીર્વાદ 'દાંપત્ય જીવન'ને મઘમઘતું કરવાને સમર્થ છે તેવો દંપતીનો ભરોસો છે.

પ્રેમના પરિણામરૂપે મળેલી ભેટો, બાળકોનો યોગ્ય વિકાસ થાય, તેઓને પ્રભુના આશીર્વાદ મળે તેવી દરેક મા-બાપની ઈચ્છા હોય જ! પોતાનું સંતાન ઈસુએ આપેલ જીવન પામે તે યાચના સાથે સ્નાનસંસ્કાર માટે માબાપ પુરોહિતો પાસે જાય છે.

દુઃખ ને બીમારીમાં ધૈર્ય, આશાને શક્તિ કેટલા અગત્યના છે એની સહુ કોઈને ખબર છે. દુઃખ ને બીમારીમાં યે "જીવન પામવાની ઈચ્છા" પુરોહિતોને પ્રાર્થના ને આશીર્વાદ માટે ખેંચી લાવે છે. પુરોહિતનું કામ ઈસુના સ્પર્શનો અનુભવ કરાવવાનું છે ને!

જીવનનો કોઈ અર્થ છે ખરો? જે અનુભવાય છે એ જ જીવન કે જીવન એથી વિશેષ છે? જે કંઈ બને છે અને ઘટે છે તેમાં કોઈ સંદેશો છુપાયેલો છે? હું જીવનને જે રીતે અનુભવું છું તે કેમ અનુભવુ છું અને જે મારે અનુભવવું છે તે કેમ અનુભવાતું નથી? શું બધા માટે એક જ જીવન છે કે બધા માટે જીવન અલગ અલગ હોય છે?... આવા ઘણા પ્રશ્નોના સમાધાનો આપી શકે એવી શ્રદ્ધાળુઓને ખાતરી હોય છે. જીવનનો દરવાજો પુરોહિત છે. કારણ ઈસુએ એને અભિષિક્ત કર્યો છે. ઈસુ જીવનનો દરવાજો હોય તો પુરોહિત પણ જીવનનો જ દરવાજો ગણાયને!

પુરોહિતોને ખૂબ જ મોટી જવાબદારી ઈસુએ સોંપી છે. પુરોહિતો ડાળીને વળગેલા ના રહે તો એ ડાળી સુકાઈ જવાની બધી જ શક્યતાઓ છે. સુકાઈ ગયેલી ડાળખીઓ 'જીવન' ફળો આપી શકે ખરી?

**પુરોહિત એટલે હાંડમાસનો માનવીઃ**

પુરોહિત ઝેરોક્ષ મશીન નથી. ઝેરોક્ષ અસલ કોપીની આબેહૂબ અસલ કોપીના જેવી જ નકલો કરી આપે. પુરોહિત પરમેશ્વરના પ્રતિનિધિઓ ખરા પણ ઝેરોક્ષ મશીન જેવા સક્ષમ નહિ. પુરોહિતો માનવ કરતાં ચઢિયાતા દૂતો પણ નથી. જ્યારે લોકો દૂત અને ઝેરોક્ષ મશીનની જેમ મારી પાસેથી અપેક્ષા રાખે છે ત્યારે હું સાચે જ નિઃસહાય અને એકલો પડી જાઉં છું. લોકો માટે આદર્શ પુરોહિત એટલે દૂત અને સંત. સંતત્વ પામવું સાચે જ અઘરું છે. જ્યારે જ્યારે મેં મારી નબળાઈઓ, નિષ્ફળતાઓ અને પાપમય પ્રકૃતિને એકરાર સાથે મારી જાતનો સ્વીકાર કર્યો છે ત્યારે પ્રભુ સમીપ હોવાનો મેં સાચે જ ઉંડાણથી અનુભવ કર્યો છે. મારી જાતને શક્તિશાળી હોવાનો અનુભવ અને પ્રભુથી ખૂબ જ દૂર લઈ ગયો છે. હું લોકો પ્રત્યે વધારે સંવેદનશીલ અને શાણો હોવાનો ત્યારે જ અનુભવ કર્યો છે જ્યારે મારી નબળાઈઓ ને અપૂર્ણતાઓ પ્રત્યે હું શાણપણ અને સંવેદનાપૂર્ણ વર્ત્યો છું. જ્યારે તમને લાગે કે તમારા પુરોહિતો વ્યક્તિત્ત્વ અને ચારિત્ર્યમાં નબળા છે ત્યારે તેઓ માટે પ્રાર્થના કરશો. ઈસુ પણ શિષ્યોને પોતા માટે પ્રાર્થના કરવાનું કહેતા હતા. ટીકાઓ તથા આલોચના કરતાં તમારી સમજ અને તમારા સ્વીકારમાં મને સારૂં ને પવિત્ર જીવન જીવવાનું પ્રોત્સાહન મળ્યું છે. શું પાપીઓ ભેગા ભળેલા ઈસુ અને ઈસુનો સંદેશ તમારી જીવન કિતાબમાં દૃશ્યમાન થતાં નથી? પુરોહિત તરીકે મારું કામ ઈસુને તમારા જીવનમાં પ્રગટ કરવાનું છે.

**પુરોહિત વગરની ધર્મસભા?**

ધર્મસભા સંસ્થા નથી. ધર્મસભા કોઈ ઈમારત નથી. ધર્મસભા એ સમયની નીપજ નથી. ધર્મસભા એ ઈસુના મૂલ્યો તથા સિદ્ધાંતોને વરેલા શ્રદ્ધાળુઓનો સંઘ છે. આ સંઘનું એક અંગ એટલે પુરોહિતો. સંઘને પુરોહિતની જરૂર છે. અને પુરોહિતનું અસ્તિત્ત્વ સંઘની ગેરહાજરીમાં શક્ય નથી.

સંઘને નિઃસ્પૃહી ને પ્રભુ સમીપ હોય એવા પુરોહિતોની જરૂર છે. જીવનના રહસ્યને સમજવા માગતા-પામવા માગતા પુરોહિતોની સંઘને જરૂર છે. સંઘીઓ માટે દીવારૂપ પુરોહિતોની સંઘને જરૂર છે. બે હજાર વર્ષો પૂર્વે ઈસુએ માછીમારો, જકાતદારોને અન્યોની મદદ માગી હતી. ઈસુને મદદની આજે પણ જરૂર છે. ઈસુએ આરંભેલ 'જીવન યજ્ઞ'માં નૈવેદ્ય અને બલિ બનાર પુરોહિતોની જરૂર છે.

ઈસુનો સાદ્ ગુંગળાઈ જતો તો નથી ને? ઈસુએ હાંક મારવાનું બંધ તો કર્યું નથી ને? બદલાતા વિશ્વમાં પુરોહિતોની સંખ્યા ઘટતી ચાલી છે. એના કારણો છે. કારણોની ચર્ચા આપણે પંડિતોને સોંપીએ, તમને ઈસુ હાકલ કરે છે? તમને ઈસુ બોલાવે છે? તો યાહોમ કરીને પડો, ફતેહ છે આગે! ●

# હિમાલયની હાકલ



સંન્યસ્ત જીવન પસંદ કરીને પ્રકૃતિને ખોળે, નૈસર્ગિક વાતાવરણમાં પુરોહિત અથવા બ્રધર બનીને સેવામય જીવન જીવવા ઈચ્છતા નવયુવકોને ઈસુસંઘનો દાર્જિલિંગ ધર્મપ્રાંત સહર્ષ આવકારે છે. અમારો ધર્મપ્રાંત ઉત્તર બંગાળના ત્રણ જિલ્લાઓઃ દાર્જિલિંગ, જલપાઈગુડી, કૂચબિહાર, આખા સિક્કીમ રાજ્ય તથા સમગ્ર ભૂતાન દેશને આવરી લે છે. તળેટીમાં ચાના બગીચાઓમાં કામ કરતા આદિવાસી શ્રમિકોની વચ્ચે હિન્દી ભાષામાં અને પહાડોમાં નેપાળીઓ તથા અન્ય જનજાતિઓ મધ્યે નેપાળી ભાષામાં કામ કરીએ છીએ. અમે કૉલેજો, સ્કૂલ, પેરિશ, હોસ્પિટલ તથા સમાજસેવાનાં કેન્દ્રોમાં પ્રવૃત્ત છીએ. તમને નવયુવાનોને આ બધાં કાર્યોમાં અમને સાથ આપવા ભાવભીનું નિમંત્રણ છે. ઈચ્છુક નવયુવકો જેમણે ૧૨મું ધોરણ પાસ કર્યું હોય અથવા ૧૨મા ધોરણની પરીક્ષા આપી હોય તેમને દાર્જિલિંગ ઈસુસંઘી ધર્મપ્રાંત નીચેના સરનામે સંપર્ક કરવા આહ્‌વાન કરે છે.

**<u>પત્રવ્યવહાર કરો</u>**

Fr. Jagdish Parmar SJ
St. Peter's Jesuit Community,
P.O. Gayaganga-734 426,
Dt. Darjeeling, West Bengal.
Mobile: 09434179246, 08670974097
Email: jagdishsj@jesuits.net

Fr. Pramod Dabhi SJ,
Jesu Ashram,
Matigara-734 010,
Dt. Darjeeling, West Bengal.
Mobile: 9733266484
Email: pamusj@yahoo.com

# પરિવર્તન કી ઓર

✍ બકુલ મેકવાન

૨૨મી એપ્રિલ, ૨૦૧૨ના અખબારમાં એક સરસ મજાના સમાચારે ધ્યાન આકર્ષ્યું. રાજસ્થાનના જોધપુર જિલ્લામાં લાંબા જેવા નાનકડા ગામના ગ્રામવાસીઓએ સમાજ સુધારણા માટે ઓગણત્રીસ જેટલાં ક્રાંતિકારી નિર્ણયો લીધા છે, જેમાં જાન મોડી પડે તો વર પક્ષને રૂા. ૧૧૦૦/-નો દંડ કરવાની જોગવાઈ છે. એથીય રૂડું દંડની રકમ પશુ-પક્ષીઓના ચણ માટે ખર્ચવામાં આવે છે. કુરિવાજો અને દેખાડો નહિ કરવાનો સંકલ્પ કરવા સાથે કેફી પદાર્થોના સેવન સામે પણ પ્રતિબંધ લાદવામાં આવેલ છે; ડીજેના ઘોંઘાટ પર પણ પ્રતિબંધ લાધ્યો છે. તો ઈંધણ તરીકે ભીનાં લાકડાંના વપરાશ માટે રૂા. ૧૧૦૦/-નો દંડ ભરવો પડે છે. આર્થિક કે સામાજિક-સર્વત્ર પરિવર્તનનો પવન ફૂંકાવા લાગ્યો છે. મારા એક મિત્ર વિજયભાઈ ભાટી અજમેર જિલ્લાના કિશનપુર ગામના વતની છે. આ વાંચતાં તેમણે સરસ વાત કરી. એમના ગામમાં ડી.જે, બેન્ડવાજા મંગાવીએ તો રૂા. ૨૧૦૦૦/-ના દંડની જોગવાઈ છે. વળી, રંગેચંગે ઘોડેસવાર થઈ મહાલવા નીકળતા વરરાજાને પણ રૂા. ૨૧૦૦૦/-ના દંડની જોગવાઈ છે. વિજયભાઈના ગામની આસપાસના તમામ ગામડાંઓમાં આ જ પ્રથા ચાલી રહી છે. વરઘોડો કાઢવાની તો વળી વાત જ કેવી! જો દંડ ના ભરે તો જે તે વ્યક્તિ સમાજથી બહિષ્કૃત! એમની સાથે વાત કરતાં વધુ વિગત જાણવા મળી. જાનૈયાઓ પર શરાબપાનનો પણ પ્રતિબંધ ને એના માટેના દંડની જોગવાઈ કેટલી છે? ખબર છે? રૂા. ૫૧૦૦૦/- અથવા સામાજિક બહિષ્કાર! દંડની રકમ ભરતાં શરાબીને પણ ચક્કર આવે એવી પ્રથા! નાના ગામડાંઓના આ વિચારશીલ સમાજ-સમુદાયોને નતમસ્તકે વંદન. થોડા અંશે તો થોડા, નાનકડા આ સમુદાયે દેશની સેવામાં સહભાગી બનવામાં કેટલું મોટું પ્રદાન કર્યું છે? ટીપે ટીપે સરોવર ભરાય! દરેક સમાજ-સમુદાયો પોતાના ઉત્તરદાયિત્ત્વ પરત્વે સભાન બને એથી રૂડું શું? સમાજની તો સેવા કરી જ છે આ સમુદાયે બલ્કે પર્યાવરણની પણ કેટલી મોટી સેવા કરી છે આ સમાજે? મોડા પડવા બદલ દંડ કરીને શિસ્તબધ્ધતા તરફ દુર્લક્ષ સેવતા લોકોને શિસ્તના પાઠ શીખવાડ્યા છે; તો ઘોંઘાટિયા સંગીત પર અને ભીનાં લાકડાં સળગાવવા પર પ્રતિબંધ લાદવા દ્વારા પર્યાવરણની જાળવણી બાબતે પણ લોકજાગૃતિ લાવવાના પ્રયાસ પ્રશંસનીય ના ગણીએ તો આપણે નગુણા ઠરીએ. આ લખતો જ હતો ત્યાં મારા એક પ્રોટેસ્ટન્ટ પંથી મિત્ર આવી ચડ્યા. એમને રસ પડ્યો ને મને કહેઃ "હજુ થોડા દિવસો અગાઉ જ અમદાવાદમાં એક જાન મોડી પડી ને અમારે બંને પક્ષે થઈને રૂા. ૧૦૦૦/-નો દંડ ભરવો પડ્યો." આ સારી શરૂઆત છે. લગ્નની ધાર્મિકવિધિનું ગાંભીર્ય તો જળવાવું જ જોઈએ. મોડા પડીએ એ પ્રથમ અપરાધ, નાચગાનમાં મસ્ત બની જઈને બીજાઓને અડચણરૂપ બનીએ એ બીજો અપરાધ ને સમય ના સાચવીને શિસ્તના ચીંથરા ઉરાડીએ એ ત્રીજો અપરાધ. અપરાધોની શ્રૃંખલા અટકવી જ જોઈએ. દરેક ચર્ચમાં આ માટે નિયમ બનાવી શકાય? કદાચ આ પ્રકારનો નિયમ હોય તો જાણકારી નથી.

ઉક્ત પરિપ્રેક્ષ્યમાં, કેટલીક વાતો કરવાનો અવસર સાંપડ્યો છે. વિશેષતઃ સામાજીક પરિપ્રેક્ષ્યમાં, આર્થિક સુખાકારી વધતાં, આપણાં મોટા ભાગના લગ્ન-સમારંભોમાં ઝાકઝમાળ વધી છે; વરઘોડામાં નાચગાન, બેન્ડ-ડીજેના ઘોંઘાટિયા સંગીતની ભરમાર વધી છે; રિસેપ્શન સમારંભોમાં પીરસાતાં મોંઘાદાટ વ્યંજનો, ભવ્ય પાર્ટી પ્લોટનાં શણગારમાં થતો અતિરેક સામાજીક મોભાનું વરવું પ્રદર્શન બની રહ્યાં છે. સત્કાર સમારંભો પૂરા થતાં, પાર્ટી પ્લોટની મુલાકાત લેતાં ખરેખર સૂગ ચડે છે. હજુ કલાકો અગાઉ નવોઢા જેવા શણગારેલા પાર્ટીપ્લોટની અડોઅડ એંઠવાડમાં ફેંકી દીધેલી વાનગીઓની બદબો, ફટાકડા ને ફૂલોના અવશેષો વિચિત્ર ભાસે છે. અન્નના બગાડને રાષ્ટ્રીય સંપત્તિનો દુર્વ્યય છે. થોડા દિવસો અગાઉના એક સમાચાર ધ્યાનાકર્ષક હતા. દેશનું નામ સ્મરણમાં નથી પણ એ દેશના એક જાણીતા રેસ્ટોરન્ટમાં પ્લેટમાં વધેલા ભોજન પર દંડ વસુલવામાં આવે છે. અન્નના બગાડને ત્યાં સામાજિક અપરાધની શ્રેણીમાં મૂકવામાં આવે છે. આ થઈ એક વાત. હવે જુઓ, અવાજનું પ્રદૂષણ ફેલાવતા ધ્વનિના અમુક ડેસીબલ જ શા માટે માન્ય ગણાવા જોઈએ? અવાજ એટલે અવાજ! ફટાકડા લોકોની પરેશાનીનું કારણ થઈ પડે છે. વયસ્કોને માનસિક ત્રાસ, અવાજથી ધ્વનિ અને ધૂમાડાથી વાતાવરણનું પ્રદૂષણ. શ્રીમંતાઈના એકમાત્ર દેખાડા સારું, પ્રકૃતિને હાનિ પહોંચાડવામાં આપણે કેટલા દોષિત છીએ? પ્રમાણભાન ભૂલાય ત્યારે સમસ્યાની હારમાળા ઉદ્ભવે છે. જૂન, ૨૦૧૨ના અંકમાં પ્રવીણભાઈ પ્રવાસીએ સરસ વાત કરેલીઃ જ્યારે બજાર જવાનું બને ત્યારે ફાટક બંધ હોય! ગાડીના આગમનનો અણસાર સુધ્ધાં ના હોય. એ અગાઉ ફાટક બંધ થઈ જાય અને ગાડી પસાર થયા પછી ખાસ્સી વારે ફાટક ખૂલે ત્યારે બંને તરફ ઊભેલાંનાં ભાગ્ય ખુલતાં હોય એમ બધા ઝડપથી નીકળી જવા તાકે." પણ આ હોડમાં કોઈનો લાડકવાયો હડફેટે ચડી જાય ને છબી બની દીવાલે ટીંગાઈ જાય. માનવસહિતનાં ફાટકો હતાં ત્યારે પણ લોકોને ઉતાવળ અને સ્વયંસંચાલિત ફાટકમાં પણ ઉતાવળ! માનસિક્તા બદલાય નહિ ત્યાં લગી બધું જ વ્યર્થ! આડકતરી રીતે આપણે પરપીડનનો પિશાચી આનંદ માણીએ છીએ.

દેખાડો કરવામાં દાખવવામાં આવતી શૂરવીરતા નવો ચીલો ચાતરવામાં દાખવવાતી નથી. જુઓ.... કાળઝાળ ગરમીમાં સૂટ-બૂટમાં સજ્જ થઈ વરઘોડામાં નાચતી મેદની ટ્રાફિક જામ કરી દે છે. આને લઈને પસાર થતાં વાહનોના ઈંધણનો વ્યય, વાહન-ચાલકોના સમયનો વ્યય, ઈંધણ થકી સર્જાતા ધૂમાડાને લઈને આબોહવાના પ્રદૂષણની સમસ્યા, ને લટકામાં ભોજનનો

વ્યય. ભોજનનો વ્યય ગરીબીની ક્રૂર હાંસી નથી? લગ્નોના વરઘોડામાં અટવાતા ટ્રાફિક જામને લઈને થતો ઇંધણનો વ્યય રાષ્ટ્રીય સંપત્તિના વેડફાટનો ગંભીર ક્રાઈમ નથી? કાળઝાળ ગરમીમાં સૂટનો ભપકો દેખાડવો જરૂરી ખરો? આવી ગરમીમાં લોકોને બાનમાં લેવાનો બંધારણે કોઈ અધિકાર બક્ષ્યો છે ખરો? બીજી વાત! વરઘોડામાં નાચગાનમાં ગુલતાન યુવાપેઢી જાણે સંવેદનશીલતા ગુમાવી બેઠી છે. આ લખનારે એવા વરઘોડા નજીકથી જોયા છે જ્યાં મૃત્યુનો પણ મલાજો જળવાતો હોતો નથી. એક તરફ સ્મશાનયાત્રા ને એક તરફ વરઘોડો! મૃતક અજાણ્યો હોય તો પણ કમ સે કમ, એની અંતિમ યાત્રાની અદબ જળવાવી જોઈએ. ટેક્નોસેવી પેઢી જાણે સંવેદનહીન બનતી જાય છે. આ સંદર્ભે, એક સ્વરચિત શેરનું સ્મરણ થઈ આવ્યું, જુઓ...

"બે પેઢી વચ્ચે જુઓને કેવી ખાઈ વધી છે,
સંબંધોમાં કશું નહિ, ને આછકલાઈ વધી છે."

પરિવર્તનશીલતા વગરનો સમાજ દુર્ગંધયુક્ત સમાજ છે. વહેણ વગરની સરિતા જેવો! સંવેદનશીલતામાંથી સંવેદનહીનતા પ્રતિ પ્રયાણ એ પરિવર્તન નથી પરંતુ અધઃપતનનો પર્યાય છે. પરિવર્તન આવે ત્યારે કાયાપલટ થવી જોઈએ; એમાં જે તે સમાજ કે સમુદાયની પ્રચ્છન્ન અસલિયત પણ બહાર આવે. આપણે પરિવર્તન કોને ગણીએ છીએ? આ રહી એ બાબતો. જ્ઞાનમાં વૃદ્ધિ આવી; શિક્ષણમાં ક્રાંતિ આવી; કૌશલ્યમાં વિકાસ થયો; રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું પણ આપણામાં વૈચારિક ક્રાંતિ ના આવી. વૈચારિક ક્રાંતિ પરિવર્તનની જનેતા ગણાય. રશિયામાં "ગ્લાસનોસ્ત પેરેસ્ત્રોઈકા" તરીકે જાણીતું પરિવર્તન ઐતિહાસિક પરિવર્તન ગણાય છે. આ પરિવર્તને જગત સમક્ષ સામ્યવાદનો વરવો ચહેરો પ્રગટ કરી દીધો હતો. આ ક્રાંતિ વૈચારિક ક્રાંતિ હતી; યુનાઈટેડ સ્ટેટ ઓફ સોવિયેત રિપબ્લિકના નામે જાણીતું રશિયા એ પછી અનેક ટુકડાઓમાં વિખરાઈ ગયું. પરિવર્તન જડતાને ધ્વસ્ત કરવાની તાકાત ધરાવે છે. સંત પાઉલની શાઉલ તરીકેની જડતાને જીવન પરિવર્તન પછીની જીવનશૈલી આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મેં વર્ષો અગાઉ એક લેખમાં લખેલું કે આપણો બૃહદ સમાજ શહેરીકરણના જુવાળમાં સ્થળાંતરિત થયેલો સમાજ છે. શહેરની રહેણી-કરણીથી લઈને 'કહેવાતો' શિષ્ટાચાર આ બૃહદ સમાજે અપનાવ્યો ખરો પણ માનસિક્તામાં જોઈએ એટલો પલટાવ ના આવ્યો. ઉદાહરણ તરીકે ગામના વાડાની હદના ઝઘડા સોસાયટીના ઓટલા સુધી વિસ્તર્યા. રસ્તા સાંકડા થાય એ ચલાવી લેવાય; તાકીદની પરિસ્થિતિમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને અડચણ ભલે નડે પણ ઓટલાનું સંકોચન ના થવા દેવાય. જેમ કે, ઘરમાં ફોર વ્હીલર આવે પણ ટ્રાફિક સેન્સ અવિકસિત રહી જાય તેવું. સમાજ વ્યવસ્થામાં પરિવર્તન આવે પણ 'આગે સે ચલી આતી હૈ' વાળી મનોવૃત્તિ ના બદલાય તો એને પરિવર્તન ના ગણાય. સ્થૂળ વિકાસ એ પરિવર્તન નથી. પરિવર્તન ટેન્જીબલ (વાસ્તવિક) હોવું ઘટે. અને આ ત્યારે જ શક્ય બને જ્યારે વૈચારિક ક્રાંતિ આવે, જે સાચી સામાજીક ક્રાંતિ તરફ દોરી જાય. વિચારશીલ સમાજ શું ના કરી શકે? જુઓ.... દેશના વિકાસમાં આવા સમાજનું પ્રદાન નોંધપાત્ર ના હોય તો જ નવાઈ! નિયમોના કોચલામાં કેદ વ્યક્તિ કે સમાજ પરિવર્તન ના સાધી શકે. દસ આજ્ઞાના સંદર્ભમાં આ વાત વિચારવા લાયક છે.  ઈસુ આ આજ્ઞાઓના કોચલામાંથી ત્યારના એમના સમાજ બાંધવોને બહાર લાવવા સુંદર દૃષ્ટાંતો આપે છે. ઉદા. ભોજન સમયે હાથ ધોવા સંબંધી વાત કરતાં તેઓ કહે છે કે "જે ભોજન ઉદરમાં જાય છે તે માણસને મલિન કરતું નથી; બલ્કે અંદરથી બહાર આવતી મલિન બાબતો વ્યક્તિને પતિત કરે છે." સ્વચ્છતાનો નિયમ ખરો પણ જડતા નહિ અને ફ્લેક્સિબિલીટી (લવચીક્તા) પણ નહિ. નિયમની પૂર્તિ થકી પરિવર્તનનો કેટલો જુવાળ! હાથ ધોવાની બાહ્ય ક્રિયા જેટલી અગત્યની નથી તેટલી આંતરિક સ્વચ્છતાનું માહાત્મય વર્ણવતાં ઈસુ, એમના સમયના રૂઢિચુસ્ત લોકોને નિયમના કોશેટામાંથી બહાર આવવા આહ્‌વાન કરે છે. જે સમજ્યા તે તરી ગયા ને ના સમજ્યા તે રહી ગયા.

પરિવર્તનની વાત નીકળી છે ત્યારે હમણાં એક સમાચાર વાંચ્યા. મધ્ય ગુજરાતના એક શહેરના પ્રાંત અધિકારી તાજેતરમાં જ સમૂહ લગ્નમાં ઘોડે ચડ્યા ને શિક્ષિકા યુવતીને પરણી લાવ્યા. આદિવાસી સમાજના આ પ્રાંત અધિકારીને નાણાંકીય તંગી નહોતી; એમનેય ઓરતા હતા સ્ટેટસ મુજબ લગ્ન કરવાના; પણ ઉત્તમ નમૂનો પ્રસ્થાપિત કરવા આ આઈએએસ વીરલો સમૂહ લગ્નમાં જ પરણ્યો. આપણે ત્યાં બીજા સમાજો જેવું નથી. પછાત ગણાતા અનેક સમાજમાં સમૂહ લગ્નો અવારનવાર યોજાતાં રહે છે; અનેક જોડાંઓ લગ્નગાંઠે બંધાય છે. પરિવર્તન ઠાલું અપનાવી જ નહિ પચાવી પણ જાણ્યું છે આ સમાજોએ. આ વૈચારિક ક્રાંતિ વગર શક્ય છે? આપણે પ્રયાસો તો કરીએ જ છીએ પણ લગ્નવાંચ્છુકોની સંખ્યા વધી શકતી નથી એની પછવાડે ક્યાં પરિબળો જવાબદાર છે એની ખોજ કરવાની તાતી આવશ્યક્તા છે. ભપકાદાર પ્રસંગોમાં ઝળહળતી રોશનીને નાણાંની ઠલવાતી કોથળી, જરૂરિયાતમંદોની કારકિર્દીના દીવડા પ્રકાશિત કરે એ સમયનો તકાજો છે. એક મૃત્યુ પ્રસંગમાં જવાનું બનેલું. શોકસભામાં હમણાં મૃતકની છબી સહિતની પત્રિકાઓનું વિતરણ કરવાનું ચલણ વધી ગયું છે. આ પત્રિકાઓ ને સ્વર્ગસ્થની છબીઓ આદર જળવાતો નથી. લગભગ તે રસ્તામાં રઝળતી ને પગ તળે કચડાતી જોવા મળે છે એનું આયખું જ રહેવા સર્જાયું હોય છે. આ પ્રસંગે મૃતકના સ્વજનોએ પત્રિકાનો વ્યર્થ ખર્ચ કરવાને બદલે બચેલા ખર્ચમાંથી ગરીબ બાળકોની શાળાની ફી ભરવાની ઘોષણા કરી. આ વૈચારિક ક્રાંતિ ગણાય. બીબાઢાળ વિચારસરણી બદલાશે એટલે પરિવર્તન આવશે, જે સરવાળે તો ફાયદાકારક જ રહેશે. આર્થિક બચત થવા ઉપરાંત લોકો માટે અડચણરૂપ નહિ બનીએ, પર્યાવરણને થતું નુકશાન અટકશે, આર્થિક-સામાજીક વિષમતા કેટલેક અંશે અંકુશમાં આવશે. પર...વો સુબહ કબ આયેગી? ●

# "આજે મારી આ અવદશા ન હોત"

✍ આઈ.ડી.પરમાર

ગ્રીક તત્ત્વચિંતક સોક્રેટીસ એકવાર પોતાના મિત્રો સાથે ચર્ચા કરવામાં વ્યસ્ત હતા, ત્યાં ઓચિંતો એક જ્યોતિષી આવી પહોંચ્યો. તેણે સોક્રેટીસ તરફ ઈશારો કરીને કહ્યું, "આ માણસ ભયંકર ગુસ્સાવાળો છે. એનામાં દ્વેષ અને વેરવૃત્તિનો તોટો નથી, એટલું જ નહિ જાતીય સુખની ઈચ્છા તો એની રગેરગમાં છે."

સોક્રેટીસના મિત્રો તો આ સાંભળી સ્તબ્ધ બની ગયા અને પેલા જ્યોતિષી પ્રત્યે નારાજગી પ્રગટ કરવા લાગ્યા, પણ સોક્રેટીસનો એક મિત્ર ગુસ્સે થઈ ગયો અને સોક્રેટીસ તરફ હાથ લાંબો કરી જ્યોતિષીને કહેવા લાગ્યો, "તને ખબર છે આ કોણ છે? તું કોના પર આવા ગલીચ આક્ષેપો કરી રહ્યો છે?"

પણ સોક્રેટીસે પોતાના મિત્રને અટકાવતાં કહ્યું, "આ માણસ તદ્દન સાચો છે, તેમણે વર્ણવેલા બધા દુર્ગુણો મારામાં છે, પણ તેઓ એક મહત્ત્વની વાત કહેવાનું ભૂલી ગયા છે કે મારા બધા દુર્ગુણો પર નિયંત્રણ રાખી શકે તેવો સંયમ જેવો વિશેષ ગુણ પણ હું ધરાવું છું અને મારા આ સંયમને કારણે જ મારા દુર્ગુણો દેખાતા નથી."

પ્રત્યેક માનવીમાં સોક્રેટીસ જેવા કે એથી પણ વિશેષ દુર્ગુણો સુષુપ્ત અવસ્થામાં પડેલા હોય છે, જેને તક મળતાં જ ઝડપથી બહાર આવી જાય છે અને સંયમને અભાવે ન બોલવાનું બોલી જવાય છે, ન જોવાનું જોવાય જાય છે, મારવાનો ઈરાદો ન હોવા છતાં હાથ ઉપડી જાય છે, શરીરને માફક નહિ આવે એવું જાણતા હોવા છતાં બિનજરૂરી આહાર લેવાય જાય છે, તમાકુમાંનું નિકોટીન હાનિકારક છે એનું જ્ઞાન હોવા છતાં બીડી-સિગારેટ અને માવા-મસાલા છૂટતા નથી. આ બધુંજ આપણે જાગ્રત માનસ દ્વારા સભાનપણે કરીએ છીએ. અરે, ઘણીવાર સામાન્ય બોલચાલમાં સંયમ ગુમાવતાં ન કરવાનું કરી બેસીએ છીએ.

એક વખત મને જેલની મુલાકાતનો મોકો મળેલો. સ્વાતંત્ર્ય પર્વના દિવસે જેલના કેદીઓ સમક્ષ કાર્યક્રમ રજૂ કરવા માટે અમારી શાળાને આમંત્રણ મળેલું. વિદ્યાર્થીઓને લઈને અમે કેટલાક શિક્ષકો સેન્ટ્રલ જેલમાં પહોંચી ગયા. બધા જ કેદીઓ ગોઠવાઈ ગયા હતા. સામાન્ય રીતે કેદીઓને દરરોજ તેમને ફાળવેલ કાર્ય કરવાનું હોય છે પણ આજે રાષ્ટ્રીય પર્વ હોવાથી સૌ કેદીઓ તેમના કાર્યમાંથી મુક્ત હતા. વળી આજે બડા ખાના મળવાનું હતું એટલે બધાજ કેદીઓ ખુશખુશાલ હતા. આવા પ્રસન્ન માહોલમાં અમે કાર્યક્રમ રજૂ કર્યો.

કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ અમે લઈ ગયેલાં સાધનો-ઉપકરણો પાછાં અમારી બસમાં ગોઠવતા હતા ત્યારે એક સીધો સાદો લાગતો કેદી મને મદદ કરી રહ્યો હતો. તક મળતાં જ મેં તેને પૂછ્યું, "આપ સાવ સીધાસાદા લાગો છો તો આપ શા માટે અહીં સજા ભોગવી રહ્યા છો?"

અશ્રુભીની આંખે કેદીએ ઉત્તર આપ્યો, "મારા ખેતરની બાજુમાં જ મારા પિતરાઈ ભાઈનું ખેતર છે. પિયત કરતી વખતે સામાન્ય બોલાચાલીમાં મેં સંયમ ગુમાવ્યો અને ગુસ્સામાં ને ગુસ્સામાં મારા હાથમાંનો પાવડો મારા જ પિતરાઈભાઈને મારી બેઠો અને કમનસીબે તે મૃત્યુ પામ્યો. હું ખરા દિલથી આજે પણ કહું છું કે મારા જ ભાઈને મારવાનો મારો કોઈ ઈરાદો ન હતો અને એટલે જ જજ સાહેબે મને ફાંસીને બદલે જન્મટીમની સજા આપી છે. મને પશ્ચાતાપ થાય છે કે જો મેં મારા ક્ષણિક ગુસ્સાને સંયમમાં રાખ્યો હોત તો આજે મારી આ અવદશા ન હોત." ●


## મિશનરીસ ઓફ ચેરિટી બ્રધર્સ

પ્રિય નવયુવાનો, શું તમે અમારા મંડળનાં સ્થાપિકા મધર ટેરેસાના જીવનમાં ભાગીદાર થઈ

- ઈસુના અગાધ પ્રેમનો અનુભવ કરવા માગો છો?
- શું તમે સંપૂર્ણ જીવન, પ્રાર્થનામય જીવન તથા સામૂહિક જીવન જીવવા માગો છો?
- શું તમે ગરીબોમાં ગરીબની સેવા કરવાની ઈચ્છા રાખો છો?

કદાચ તમારા જીવનના આંગણે ઈશ્વરની હાકલનો અનુભવ થઈ રહ્યો હોય અને વિશેષ પ્રેરણા પ્રત્યે આકર્ષણ હોય તો અમારા આંતરરાષ્ટ્રીય ધર્મસમાજ મિશનરી ઓફ ચેરિટી તમારા જેવા ઉદાર, ઉત્સાહી તથા કર્મશીલ યુવક મિત્રોનું હાર્દિક સ્વાગત કરે છે. કૃપા કરીને આજીવન ધર્મબંધુ બનવા માટે સંપર્ક કરો.

:: સંપર્ક કરો ::

Missionaries of Charity
7, Mansatala Row
Kidderpore, Kolkata
West Bangal - 700 023
(Tel. 033-2449 7080)

Missionaries of Charity
P.O. Nunna,
Dit. Krishna
Andhra Pradesh - 521 212
(Tel. 0866-222 0318)

Shanti Daan
Missionaries of Charity
L.T. Road, Goral Creek
Borivvali (w),
Mumbai 400 091
Maharastra.
(Tel. 022-2867 1362)

**લાયકાતઃ** ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ

# ચાલો રજાઓ માણીએ

✍ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ

વેકેશન કોને ન ગમે? દરેકને ગમે. રજાઓ એટલે મજાઓ. મજાઓને માણીએ તો જ ઉજવણી કરી કહેવાય. આજના ઝડપી યુગમાં મજાઓ પણ ઝડપી બની ગઈ છે. બધાને ફટાફટ મજાઓ માણવી છે, પણ કોઈને મજાઓ માણવા માટે સમય ફાળવવો નથી. માણવું એટલે હૃદયથી આનંદ પ્રાપ્ત કરવો.

બાળકોને શાળામાં રજાઓ હોય, શિક્ષકોને વેકેશન હોય, અન્ય કર્મચારીઓ રજાઓ મૂકીને વેકેશન માણે. કેટલાક કહે છે અમે વેકેશન ભોગવ્યું. કેટલાક કહે છે, માણ્યું. “ખાવુ” અને “પેટ ભરવા” સાથે જેવો સંબંધ છે, તેવો સંબંધ “માણવું” અને “ભોગવવા” વિશે છે. બાળકોને ભણવામાંથી મુક્તિ અને રમતમાં પ્રવેશ એટલે વેકેશન. દરેક બાળક વેકેશનની રાહ જોતું હોય છે. વેકેશન પડે તે પહેલાં, વેકેશન કેવી રીતે પસાર કરીશું તેના સપના જોતું હોય છે. સપના સાચા જ પડશે તેની કોઈ ગેરેન્ટી હોતી નથી. આજના ઈન્ટરનેટના યુગમાં રમતોમાં પણ વેકેશન છે. કોણ રમે છે આંબલી-પીપળી, કોણ રમે છે થપ્પો, ભમરડા, લંગડી, દીવાસળીના ખોખાની છાપો ઈત્યાદિ. આજનું વેકેશન એટલે મોબાઈલ ગેમ, કમ્પ્યૂટર ગેમ, સમર કેમ્પ. ફક્ત મગજની કસરત. શરીરની નહિ. કોઈ ભાવ નહિ. જ્યાં ભાવ નહિ ત્યાં પ્રેમ નહિ. સંપ, સહકાર, પોતાપણાની ભાવના, હાર-જીત પચાવવાની ભાવના. આ બધું નથી. ક્યાં ગયું પેલું વેકેશન જ્યાં આપણે રાત્રે બેસીને વાર્તાઓ સાંભળતા હતા. ને કંઈક બોધ શીખતા હતા. હવે વાર્તા ટી.વી.માં છે, ચેનલમાં છે અને બોધની વાત જ જવા દો!

આજના આધુનિક મા-બાપ સોરી મમ્મી-પપ્પા વેકેશન પણ અદ્યતન બનાવે છે. બાળકને સમર કેમ્પમાં મોકલીને. મારા મતે સમર કેમ્પ એટલે બાળકને ઢીંગલા-ઢીંગલીની જેમ નચાવવાનો કીમિયો. ડ્રોઈંગ કોમ્પીટીશન, ડાન્સ કોમ્પીટીશન, ટ્રેકિંગ ઈત્યાદિ. રજાઓમાં પણ આજના મમ્મી-પપ્પાઓ બાળકોને અલગ-અલગ પ્રકારના ક્લાસિસમાં પોતાના બાળકને મોકલે છે, અને તેને દરેક બાબતમાં પારંગત બનાવવાની વ્યર્થ કોશિષ કરે છે. તેમને મારે એટલું જ કહેવાનું કે એક દિવસ તમે પણ બાળક હતા, ત્યારે તમે શું કર્યું હતું તે યાદ કરો. અને તેવું વર્તન પોતાના બાળક સાથે વર્તો. કોઈને કહેવાનું મન થાય કે આ બધું કરવું પડે નહિ તો આપણું બાળક અન્ય બાળકોથી પાછળ રહી જાય. મારે તેમને એટલું જ કહેવાનું કે પ્રકૃતિની ગોદમાં રહીને, પિતાનો પ્રેમ પ્રાપ્ત કરીને, અને માતાની મમતાથી બાળક જે શીખે છે તે દુનિયાની કોઈ કિતાબ કે કોઈ પ્રવૃત્તિ તેને શીખવી શકતી નથી. માટે જ બાળકને રમવા દો, રજાઓ માણવા દો.



“રમત રમતાં અમે શીખી ગયા
બધાને રમતમાં જોતરતા ગયા
ખોયું કાંઈ નહિ, પામી ઘણું ગયા
સાચું જીવન અમે શીખી ગયા”

સામાન્ય માણસ માટે વેકેશન એટલે ખાવાનું, ફરવાનું, આરામ કરવાનો આ જ નિત્યક્રમ. આવા લોકો વેકેશન ભોગવે છે, માણતા નથી. રજાઓ એટલે મનગમતી પ્રવૃત્તિ કરવાનો સમય. કંઈક નવું સારુ વાંચવાનો સમય, નવું પ્રાપ્ત કરવાનો સમય, નવા વિચારો બાળકોને આપવાનો સમય. સાચો માણસ કામ કરીને પણ રજાઓ માણી શકે છે, તેને રજાઓની જરૂર નથી. વગર રજાએ મનગમતી પ્રવૃત્તિ કરી કામનો બોજ ઓછો કરી શકે છે. જૂનું બધુ ખરાબ નથી હોતું અને નવું બધું સારું નથી હોતું પણ સાચો માણસ પોતાની વિવેક બુદ્ધિથી તેનો યોગ્ય ઉપયોગ કરી શકે છે.

બાળક એ તો પરમેશ્વરનું રૂપ છે. બાળકમાં ઈશ્વરને જુઓ તો બાળક જેવા બની જશો. અને જો બાળક જેવા બની જઈશું તો ઈશ્વરની સમીપ પહોંચી શકીશું. પવિત્ર બાઈબલમાં માથ્થીની લખેલી સુવાર્તા ૧૮મા અધ્યાયમાં જણાવ્યું છે કે - “ચોક્કસ માનજો કે જ્યાં સુધી તમારી વૃત્તિ ન બદલાય અને તમે બાળક જેવા ન બની જાઓ, ત્યાં સુધી તમે કદી ઈશ્વરના રાજ્યમાં દાખલ થઈ શકવાના નથી. જે કોઈ પોતાની જાતને આ બાળક જેવી નાની બનાવી દેશે તે જ ઈશ્વરના રાજ્યમાં સૌથી મોટો ગણાશે. જે કોઈ આવા બાળકનું મારે નામે સ્વાગત કરે છે તે મારું જ સ્વાગત કરે છે.” આજે આપણે બાળક બની જઈએ, બાળકની જેમ જીવી જઈએ અને પરમેશ્વર પિતાનું આપણા દિલમાં સ્વાગત કરીએ અને આ વેકેશન ઊજવીએ.

“બાળક બની અમે રમતાં ગયાં
પરમ પિતાને મનમાં લાવતા ગયા
જીવન અમારું, અમે સવારતા ગયાં” •

# ધરતીના છેડા સુધી....

✍ વિક્ટર મેકવાન

પ્રભુ ઈસુના મૂલ્યવાન પવિત્ર લોહી અને બલિદાન ઉપર શ્રદ્ધા રાખીને, સાચા પ્રશ્ચાતાપ વડે જેઓનાં પાપ માફ થયાં છે, અને જેઓ પરમપિતાના નિયમો અને આજ્ઞાઓ પાળે છે, તેવા 'અભિષિક્ત', 'ખ્રિસ્તી' લોકોને ઈસુ આજ્ઞા આપે છે કે, "તમે જાઓ અને બધી પ્રજાના લોકોને મારા શિષ્યો બનાવો... તમને મેં જે જે આજ્ઞાઓ આપી છે તેનું પાલન કરવાનો ઉપદેશ આપો." (માથ્થી ૨૮:૧૯-૨૦) એજ રીતે પુનરુત્થાન પામ્યા પછી સ્વર્ગે જતાં પહેલાં સૌથી મહત્વનું કામ તેમણે શિષ્યોને સોંપ્યું "તમે દુનિયામાં જઈને આખી સૃષ્ટિને શુભસંદેશ સંભળાવો. અને શિષ્યો તો નીકળી પડ્યા અને સર્વત્ર 'શુભસંદેશ'ની ઘોષણા કરવા લાગ્યા." (માર્ક ૧૬:૧૫,૨૦). "તથા યરૂશાલેમથી માંડીને બધી પ્રજાઓમાં તેને નામે પાપની ક્ષમા માટે જીવન પલટો કરવાનો ઉપદેશ કરવામાં આવે...." (લૂક ૨૪:૪૭-૪૮). ".... પિતાએ જેમ મને મોકલ્યો છે તેમ હું તમને મોકલું છું...." (યોહાન ૨૦:૨૧).



બધી જ આજ્ઞાઓના નીચોડરૂપે ઈસુએ, પરમપિતા ઉપર પોતાની જાત કરતાં વધારે પ્રેમ રાખવો અને જેમ પોતા ઉપર તેવો જ પ્રેમ પોતાના 'પડોશી' પર રાખવો એવી આજ્ઞા આપી. (માથ્થી ૨૨:૩૭-૪૦). શુભસંદેશને જીવનમાં પચાવીને, પરમેશ્વરની આજ્ઞાઓ મુજબ પવિત્ર જીવન જીવીને, પરમેશ્વર પ્રત્યે અને પડોશી પ્રત્યેનો પ્રેમ બતાવીને, ઈસુએ શીખવેલું શિક્ષણ બધા લોકોને જણાવવા માટે, શુભસંદેશના પ્રસાર-પ્રચાર માટે, ઈશ્વરના 'રાજ્ય'ની ઘોષણા કરવા માટે, બધા લોકો આગળ 'અનંત જીવન'ની ખુશ-ખબર ફેલાવવા માટે, ઈસુએ આપણ સર્વને હાકલ કરીને, પસંદ કર્યા છે.

જે કિંમતી - અમૂલ્ય 'સંદેશો' અને 'સુસમાચાર' આપણને મળ્યા છે તે બીજા લોકોને પણ જણાવવો જોઈએ. કેમકે ઈસુની આજ્ઞા અને હાકલ પ્રમાણે 'શુભસંદેશ'નો 'પ્રચાર'એ દરેક 'ખ્રિસ્તી' વ્યક્તિના જીવનનો હેતુ, નૈતિક અને ધાર્મિક ફરજ અને આધ્યાત્મિક જવાબદારી બની જાય છે.

અમેરિકા જેવા મોટા અને વિશાળ દેશમાં, વિવિધ દેશોમાંથી આવેલા કાળા અને ગોરા લોકો હિન્દી ભાષા શીખીને, હિન્દી ભાષા સમજનારા ભારતીય લોકો વચ્ચે 'શુભસંદેશ'નો પ્રચાર કરી રહ્યા છે. જેઓ પાસ્ટરો, પાળકો, ધર્મગુરુઓ, ફાધરો, સિસ્ટરો, બ્રધરો કે સાધુ-સાધ્વીઓ નથી. પણ સામાન્ય ગૃહસ્થ ધર્મજનો છે. પોતાના જ દેશ, પ્રદેશ, વતન કે વિસ્તારમાં પોતાની જ ભાષામાં 'શુભસંદેશ'નો પ્રચાર ચોક્કસ એટલો મુશ્કેલ તો નહિ જ લાગે.

'શુભસંદેશ'નો પ્રચાર નહિ કરવા માટે આપણી પાસે અસંખ્ય વાજબી કારણો અને બહાનાંઓ હોઈ શકે, તો શું પ્રભુ ઈસુને સ્વીકાર્યા પછી, 'શુભસંદેશ'ના પ્રચાર માટે આપણને એક સાચું કારણ કે બહાનું નહિ મળે?

સમયને બરબાદ કરતી કેટલીક કુટેવો, વ્યસનો, નિંદા, પારકી પંચાત, ટી.વી. સિરિયલો, કોમ્પ્યુટર-મોબાઈલ ચેટિંગ, ઈન્ટરનેટનો દુરૂપયોગ અને આળસને ખંખેરી નાંખીને જીવન એટલે કે સમયનું યોગ્ય આયોજન કરીએ તો ચોક્કસ પ્રચાર કામ માટે જોશ, હિંમત, ધગશ, પ્રેરણા અને સમય તો મળી જ રહેશે.

પ્રભુ ઈસુનો સર્વોત્તમ અને અમૂલ્ય 'સંદેશો' જે આપણને મળ્યો છે તેની કિંમત આપણે સમજ્યા નથી. જે લોકો સાચા અર્થમાં તેની કિંમત સમજ્યા છે, તેઓ એ 'શુભસંદેશ' બીજાઓને જણાવવા માટે ઉતાવળા અને બેબાકળા થાય છે, તેઓ ચૂપ રહી શકતા જ નથી. પોતાની કૌટુંબિક, સામાજિક તેમજ આર્થિક જવાબદારીઓ ઉપરાંત તેઓ 'શુભસંદેશ'ના પ્રચારને પોતાના જીવનમાં પ્રથમ સ્થાન આપે છે.

પૂજ્ય સિસ્ટર ઝેવિયર, સિસ્ટર જેરોમ, ફાધર પરેઝા, ફાધર સૂર્યા, ફાધર એસ્પાસા અને પછાત આદિવાસી વિસ્તારોમાં અસંખ્ય મિશનરીઓ અને કેટેકિસ્ટ માસ્ટરોએ 'શુભસંદેશ'ના પ્રચારનું કામ હાથમાં લીધા પછી પાછા વળીને જોયું નથી. તેઓના ઉત્તમ-આદર્શ નમૂના આપણી નજરો સામે છે જ.

સામાજિક પ્રગતિ, વિકાસ અને લોકસેવાની પ્રવૃત્તિઓ જેટલું જ બલ્કે એથી વધારે મહત્ત્વ 'શુભસંદેશ'ના પ્રચારને

મળે એ જરૂરી છે, કેમકે આજે પણ ઈસુ આપણ દરેકને કહે છે કે, "ફસલ ખરેખર મબલક છે, પણ કામ કરનારા થોડા છે..." (માથ્થી ૯:૩૭).

ટેકનોલોજીના વિકાસની સાથે સાથે લોકોની માનસિક, બૌદ્ધિક, સામાજિક અને આર્થિક પ્રગતિ પણ વધી છે. શિક્ષણની સાથે સાથે સુખ-સગવડના સાધનો અને ધન-સંપત્તિ પણ વધી છે. લોકોએ તનતોડ મહેનત તો કરવી જ પડે છે, પણ પરિણામે લોકોના જીવનમાં મોજ-મઝા, એશ-આરામ અને ભોગ-વિલાસ પણ વધ્યા છે. ત્યારે એ વાત યાદ રાખવી જોઈએ કે આપણા દરેકની પાસે ઈસુનો 'શુભસંદેશ' પણ છે...!! ઈસુના શિષ્યો અને પ્રથમ સદીના 'ખ્રિસ્તી' ભાઈ-બહેનોએ 'શુભસંદેશ'ને જીવંત રાખવા માટે જુલમી રાજાઓ અને ખતરનાક અમલદારો દ્વારા મારપીટ સહન કરી છે, કોરડાનો માર ખાધો છે, ભૂખ-તરસ વેઠી છે, જેલવાસ ભોગવ્યો છે, જાહેરમાં પથ્થરોના મારથી મારી નાખવામાં આવ્યા છે, ફાંસીના માચડે લટકાવી દેવામાં આવ્યા છે, તલવારોથી વીંધાઈ ગયા છે અને લાખો પ્રભુભક્તોએ પોતાનું લોહી વહેવડાવીને બલિદાનો આપ્યાં છે; ત્યારે આપણને અતિમૂલ્યવાન 'શુભસંદેશ' મળ્યો છે. 'શુભસંદેશ'ની જ્યોત જ્વલંત રાખવા માટે લાખો શહીદ-વીરોએ પોતાની જીવન જ્યોત બૂઝાવી નાંખી છે. એ વાત ભૂલાવી ના જોઈએ. પોતાનું જીવન બચાવવાની સાથે સાથે આપણી આજુબાજુના બિનખ્રિસ્તી લોકોને પ્રભુ ઈસુ દ્વારા પાપોની માફી, ઉદ્ધાર અને અનંતજીવનની 'સુવાર્તા' જણાવવાની જવાબદારી એજ સાચો 'પડોશી-પ્રેમ' છે, તે હરપળ યાદ રાખવું જોઈએ.

માથાનો દુઃખાવો ભલે લાગે, આમ છતાં 'સુવાર્તા પ્રચાર'એ ન ગમે તેવી કડવી વાસ્તવિક્તા છે. ધર્મગુરુઓ અને ધર્માધિકારીઓ, ઈસુના આ પવિત્ર કાર્યમાં વધારેને વધારે ગૃહસ્થ-ધર્મજનોને નોતરે એ હાલના સમયની અગત્યની જરૂરિયાત છે. એ પડકાર ઝીલીને મારા સંપર્કમાં આવતા અને મારી આસપાસ રહેતા મારા બિન-ખ્રિસ્તી 'પડોશી' ભાઈ-બહેનોને પ્રભુ ઈસુનો 'સંદેશ' પહોંચાડવા તૈયાર છું? વિધિઓ અને ક્રિયાકાંડમાં અટવાઈ ગયેલા, સહેલા-સરળ અને સગવડિયા ધાર્મિક ઢાંચામાંથી બહાર નીકળીને 'જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર' પરમપિતાની ઈચ્છા વહેલી તકે પૂરી થાય એ માટે હું ઈસુના પગલે ચાલું તો જ પરમપિતા મારા પર ખુશ થશેને...!!

'શુભસંદેશ'ના પ્રચારનું કાર્ય એ 'નિવૃત્તિ' પછી સમય પસાર કરવા માટેની 'પ્રવૃત્તિ' નથી જ નથી; બલ્કે 'ખ્રિસ્ત'ને સ્વીકારેલ દરેક કિશોર, યુવાન, વડીલ અને વૃદ્ધોની ધાર્મિક ફરજ પણ છે. તો જ નવી પેઢીને મૂલ્યનિષ્ઠ જીવનનું ભાથું અને ધાર્મિક ફરજોનો વારસો આપી શકીશુંને?

કેટલાક લોકોના કર્તવ્યનિષ્ઠ, ધાર્મિક, પવિત્ર, પ્રેમાળ અને સેવાભાવી જીવન જોઈને 'અમૂક' લોકો 'ખ્રિસ્તી' ધર્મ પ્રત્યે 'આકર્ષાય'છે, પરંતુ નમૂનેદાર - આદર્શ જીવન જોઈને ભાગ્યે જ કોઈ 'ખ્રિસ્તી' ધર્મ અપનાવે છે. કેમકે, 'ખ્રિસ્તીધર્મ' વિશેનું પૂરતું જ્ઞાન, સાચી સમજણ અને યોગ્ય શિક્ષણ તેમને કોણ આપશે? એ માટે તિરસ્કાર, નફરત, જાકારો અને અપમાન વેઠીને પણ આપણે લોકોની પાસે જવું જ પડશે. સામે ચાલીને લોકો આપણા પ્રભુનું શિક્ષણ લેવા આપણી પાસે, આપણા ઘેર આવે તેવી આશા અને અપેક્ષા વધારે પડતી ગણાશે...!! કેમકે સંત પાઉલ સ્પષ્ટ રીતે જણાવે છે કે, "...જેને વિશે સાંભળ્યું નથી તેના ઉપર શ્રદ્ધા રાખે શી રીતે?" અને કોઈએ ઘોષણા કર્યા વગર (કે જણાવ્યા વગર) લોકો સાંભળે શી રીતે... (રોમન ૧૦:૧૪). માટે જ ઈસુ આપણા દરેકને કહે છે કે, "જેમ બાપે મને મોકલ્યો છે તેમ હું તમને મોકલું છું" (યોહાન ૨૦:૨૧).

અંતે, પ્રભુ ઈસુએ જાહેર અભિયાન ચલાવવા માટે એક ખુલ્લો પડકાર સૌની સામે મૂક્યો છે. "અને તમે યરૂશાલેમમાં સમસ્ત યહુદિયામાં અને શમરૂનમાં અને ઠેઠ ધરતીના છેડા સુધી મારે વિશે સાક્ષી પૂરશો...." (પ્રે.ચ. ૧:૮). ગૌરવ સહિત નોંધ લેવી પડે કે અસંખ્ય ભાઈ-બહેનો, જાત-જાતની મુશ્કેલીઓ, અગવડો, અવરોધો અને હેરાનગતિ વચ્ચે 'શુભસંદેશ'ના પ્રચાર માટે, મોતને મુઠ્ઠીમાં લઈને 'ખ્રિસ્ત'ને ખાતર જોખમી જીવન જીવી રહ્યા છે. તે સર્વને અભિનંદન!!!

"જઈને તમે ફેલાવો આજ....." ●


# અભિનંદન



કુ. વિધિ પરમાર

જનવિકાસ, અમદાવાદના **ડાયેરક્ટર** શ્રી વિજય પરમાર તથા સ્મિતાબેનની દીકરી **કુ. વિધિ** હાલમાં નિરમા યુનિવર્સીટી, B Tech (Mechanical) ના છેલ્લા સેમીસ્ટરમાં છે અને CAT કેટની પરીક્ષા ૯૯.૭૪% પર્સેન્ટાઈલ સાથે પાસ કરી જવલંત સફળતા મેળવી છે. ત્યારબાદ પર્સનલ ઈન્ટરવ્યુ પણ પાસ કરી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (I.I.M.) અમદાવાદમાં પ્રવેશ મેળવ્યો છે તે બદલ **વિધિ**ને ખૂબ ખૂબ અભિનંદન!! ભવિષ્યમાં **વિધિ**ની કારકિર્દી વધુ ઉજ્જવળ બને અને તેના સ્વપ્ન સાકાર કરે તે બદલ અમારી અંતઃકરણની શુભેચ્છા અને પ્રાર્થના. **વિધિ**નો નાનો ભાઈ **વિસ્મય** હાલ દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સીટીમાં મિકેનિકલ એન્જીનિયરીંગમાં અભ્યાસ કરે છે. તેના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ અંતઃકરણની શુભેચ્છા અને પ્રાર્થના.

૨૨, ઝેવિયર્સ પાર્ક,
નડીઆદ

**રમેશ એફ. પરમાર (એડવોકેટ)**
**વિમળાબેન આર. પરમાર, આશિષ પરમાર**
**મો. ૯૨૨૭૬ ૪૮૨૦૪**



# પ્રભુ સમર્પિત ગોવાળ

## (મે મહિનાનો પ્રાર્થનાનો હેતુ)



✍ સિ. શીલા, એલ. ડી.

પ્રભુ ઈસુ કહે છે કે સાચો ગોવાળ હું છું. સાચો ગોવાળ ઘેટાંને ખાતર પોતાના પ્રાણ પાથરી દે છે. (યોહાન ૧૦:૧૧) વળી ઈસુ આગળ પણ જણાવે છે કે હું સાચો ગોવાળ છું. મારા ઘેટાંને હું ઓળખું છું. અને ઘેટાં મને ઓળખે છે. (યો. ૧૦:૧૪) ઉપરના આ વાક્યો આપણને સંત યોહાનનાં ગ્રંથમાં વાંચવા મળે છે. આ વાક્યો દ્વારા ઈસુ પોતે એક સાચા ગોવાળ છે તેની પ્રતીતિ કરાવે છે. ખરેખર ઈસુએ પોતાનાં જીવનનું બલિદાન આપીને પોતાના ઘેટાં માટે પ્રાણ પાથર્યા છે. પયગંબર હઝકીયેલના ગ્રંથમાં આપણને વાંચવા મળે છે કે ઈસ્રાયેલી પ્રજામાં કેટલાક એવા રાજકર્તા હતા જેઓ સાચા અર્થમાં પ્રજાનું રક્ષણ અને લાલનપાલન કરતા ન હતા. પ્રભુ પયગંબર હઝકીયેલ દ્વારા તેમને ચેતવણી આપે છે કે તેઓ સાચા ગોવાળ ન હતા તેથી તેમના ઘેટાં એટલે કે ઈસ્રાયેલી પ્રજા જંગલી પ્રાણીઓની શિકાર બની હતી. હઝકીયેલના ગ્રંથમાં સાચો ગોવાળ કેવો હોવા જોઈએ તે વિશે પ્રભુ જણાવે છે કે ખોવાયેલાઓની હું શોધ કરીશ. આડે રસ્તે ચડેલાઓને હું રસ્તે લાવીશ. ઘવાયેલાઓને હું પાટાપીંડી કરીશ. દુબળાને હું બળ આપીશ. તંદુરસ્ત અને મજબૂત હશે તેમને હું સાચવીશ. (હઝકીયેલ ૩૪:૧૬)

હાલની ધર્મસભામાં સાચે ગોવાળોની ખૂબ જરૂર છે. આધુનિકરણ, ભૌતિકવાદ તથા બિનજવાબદારીને કારણે ધર્મસભામાં ઘેટાંનું સારી રીતે લાલનપાલન તથા રક્ષણ થતું નથી. બાહ્ય પરિબળોને કારણે ઘેટાં (પ્રજા) કુટેવો, વ્યસનો, ધર્મ પ્રત્યે બેદરકારી વગેરે બાબતોના શિકાર બન્યા છે. કેટલાક ઘેટાં તો પ્રભુથી દૂર થઈ ગયા છે.

આજનો યુવાવર્ગ ધર્મસભાથી, સંસ્કારોથી, પ્રાર્થનાથી દૂર થતો જાય છે. તેને માટે કોણ જવાબદાર છે? તેમને સાચા માર્ગે દોરવા માટે સાચા ગોવાળની ખૂબ જરૂર છે. ધર્મસભામાં જેઓ પ્રભુની હાકલનો પ્રત્યુતર વાળવા માટે પુરોહિત દીક્ષા લઈને પ્રજા પાળકો/ગોવાળો બને છે. તેમની ખૂબ મોટી જવાબદારી છે. તેમણે પ્રજાના સાચા ગોવાળ બનવાનું છે. પ્રજા/ઘેટાંના લાલનપાલન માટે તેમને બચાવવા માટે પોતાના પ્રાણને પણ હોડમાં મુકવા તૈયાર રહેવું પડશે. જેમને આ જવાબદારી સોંપવામાં આવી છે તેમણે પ્રભુ ઈસુનું હૃદય ધરાવવું જોઈએ. કિનારે ઉતરવા જ ઈસુએ મોટી માનવ મેદની જોઈને તેમનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. અને તેઓ તેમને ઘણો ઘણો ઉપદેશ આપવા લાગ્યા. (માર્ક ૬:૩૪) સંત માર્ક આગળ જણાવે છે કે ઈસુએ બે મચ્છી અને પાંચ રોટલીમાંથી કેટલા બધાને ખવડાવ્યું હતું. ઈસુએ ફક્ત ભૌતિક આહાર જ નથી આપ્યો પણ તેમને ભૌતિક આહાર કરતાં આધ્યાત્મિક આહાર વધુ આપ્યો છે. આપણા આધ્યાત્મિક આહાર માટે તેમને પોતાનું શરીર અને લોહી છેલ્લાં બુંદ સુધી આપી દીધું છે. અને એ રીતે એ ઘેટાંનાં સાચા ગોવાળ પૂરવાર થયા છે. આપણને સૌને પણ ઈસુ સાચા ગોવાળ બનવાનું આહ્‌વાન કરે છે.

પ્રભુ ઈસુને પગલે ચાલવા માટે ઘેટાંના સાચા ગોવાળ બનવા માટે ઘણા મિશનરીઓએ પોતાનો દેશ અને કુટુંબનો ત્યાગ કરીને શુભસંદેશના પ્રચાર માટે પોતાનું જીવન ખર્ચી નાખ્યું છે. નડિયાદ મિશનના સો વર્ષની ઉજવણી વખતે ફ્રા. પરીઝાના જીવન વિશે એક નાની પુસ્તિકા ફ્રા. અંતોન દ્વારા બહાર પાડવામાં આવી અને તેનું નામ તેમણે 'ભલો ભરવાડ' રાખ્યું છે. ફ્રા. પરીઝાએ ઘણા વર્ષો સુધી આમોદ મિશનમાં ખૂબ કાર્ય કર્યું. પોતાનાં ઘેટાંની સંભાળ રાખી છે. ફ્રા. પરીઝા સાથે જ પોતાનાં ઘેટાંના સાચા ગોવાળ બન્યાં છે. ખૂબ મોટી ઉંમરે પણ તેઓ સાયકલ પર ફરીને આણંદ વિસ્તારમાં પોતાના ઘેટાંની આધ્યાત્મિક કાળજી રાખે છે. જ્યારે તેમને સાયકલ પર ફરવાની ના પાડી તો રીક્ષાનો ઉપયોગ કરીને પણ આટલી મોટી ઉંમરે લોકોની મુલાકાત લે છે. ઘણા મિશનરીઓએ ખાવા-પીવાની ચિંતા કર્યા વગર રાત દિવસ ગામડામાં રહીને શ્રદ્ધાળુઓની ભૌતિક તેમજ આધ્યાત્મિક ભૂખ સંતોષી છે. એટલું જ નહીં પણ લોકોના સામાજિક વિકાસ માટે અથાગ પ્રયત્નો કર્યા છે. તેમના બાળકો સારું શિક્ષણ પ્રાપ્ત કરે, આર્થિક રીતે પગભર થાય તે માટે આ મિશનરીઓએ પોતાની જાત નીચોવી નાખી છે.

ઈસુ કહે છે કે મારે પણ ઘેટાં છે જે આ ઝોકના નથી તેમને મારે લઈ આવવા જોઈએ (યો. ૧૦-૧૬) અને તેઓ પણ મારો સાદ સાંભળશે. આમ, અંતે એક ટોળું અને એક ગોવાળ થઈ જશે. પ્રેષિતો આ વાક્યનો અર્થ બરાબર સમજતા હતા તેથી પ્રેષિતો યરુશાલેમ છોડીને બીજા દેશમાં ગયા અને ત્યાં તેમને શુભસંદેશના પ્રચાર માટે પોતાનાં પ્રાણની આહુતિ આપી દીધી છે. આપણા ભારત દેશમાં પ્રેષિત સંત થોમાસ

આવ્યા હતા. તેમણે કેરાલામાં તથા તમિલનાડુમાં પ્રભુ ઈસુના શુભસંદેશનો પ્રચાર કરીને ઘણા લોકોને પ્રભુ ઈસુના શિષ્યો બનાવ્યા એટલું જ નહીં પણ તેઓએ શહીદી વહોરી લીધી. તેજ પ્રમાણે સંત જહોન ડી. બ્રીટોએ પણ પ્રભુ ઈસુના શુભસંદેશ માટે સખત પરિશ્રમ કર્યો અને પોતાના પ્રાણની આહુતિ આપી દીધી. સંત ફ્રાન્સિસ ઝેવિયરે પણ ભારતમાં તેમજ જાપાનમાં પ્રભુ ઈસુના શુભસંદેશ માટે ઘણો પરિશ્રમ કર્યો. અને ઘણા લોકોને પ્રભુ ઈસુનો શુભસંદેશ સંભળાવ્યો તેમને ઈસુના શિષ્યો બનાવ્યા.

સંત પાઉલ ભલે ઈસુના શિષ્યો સાથે ન હતા પણ તેમનો જીવનપલટો થતા તેમણે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો. અને ઘણા કષ્ટો વેઠીને તેમણે વિવિધ દેશોમાં વિધર્મીઓ વચ્ચે પ્રભુ ઈસુનો શુભસંદેશ લોકોને સંભળાવ્યો અને ઘણાંબધાં લોકોને પ્રભુ ઈસુના શિષ્યો બનાવ્યા. ઘણાંબધાં સંતોએ પ્રભુ ઈસુનાં શુભસંદેશ માટે આકરા તપ કર્યા. અને ઘણાંબધાંએ શહીદી વહોરી લઈને લોકોને પ્રભુ ઈસુના માર્ગે વાળ્યા છે.

પ્રભુ ઈસુ પણ આપણને આપણા ઘેટાંનાં સાચા ગોવાળ/પાળક બનવા માટે હાકલ કરે છે. કુટુંબમાં માતા-પિતાએ પોતાના બાળકોના સાચા ગોવાળ/પાળક બનવાનું છે. પોતાનાં બાળકો પ્રભુના માર્ગે ચાલે તથા સાચા ઈસુપંથી બને તેની સંપૂર્ણ જવાબદારી માતાપિતાની છે. તે સાથે જેઓએ પ્રભુની હાકલનો સ્વીકાર કર્યો છે તેવા દરેક સંન્યાસીએ સાચા ગોવાળ બનવા માટે શુભસંદેશની ઘોષણા કરવા માટે પ્રભુને સમર્પિત જીવન જીવવાની ખૂબ જ જરૂર છે.

સંત યોહાનકૃત શુભસંદેશમાં ઈસુ અને પ્રેષિત પીટર વચ્ચે સંવાદ છે જેમાં ઈસુ પીટરને પૂછે છે કે ઓ યોહાન પુત્ર સિમોન, આ બીજાઓ કરતા તું મારા ઉપર વધારે પ્રેમ રાખે છે. અને પીટર જવાબ આપે છે જી હા પ્રભુ ઈસુએ કહ્યું તો મારા ગાડરાને ચરાવ. ઈસુ બીજીવાર પૂછે છે ને પીટર એ જ જવાબ આપે છે ફરી ઈસુ કહે છે તો મારા ગાડરાને ચરાવ. ત્રીજીવાર ઈસુ પીટરને એ જ પ્રશ્ન પૂછે છે ત્યારે પીટર કહે છે કે પ્રભુ આપ બધું જાણો છો કે હું આપના ઉપર પ્રેમ રાખું છું. ઈસુએ કહ્યું તો મારા ઘેટાંને ચરાવ. આમ ઈસુ ત્રણ ત્રણવાર પીટરને પોતાના ઘેટાંની જવાબદારી સોંપે છે. ધર્મસભામાં દરેક પાળકને પ્રભુ પ્રેષિતની જેમ પોતાનાં ઘેટાંની જવાબદારી સોંપે છે. મે મહિનામાં વડાધર્મગુરુ પુરોહિત-દીક્ષાર્થીઓ, ખ્રિસ્તનું હૃદય ધરાવતા ગોવાળો બનીને, શુભસંદેશની ઘોષણા માટે સંપૂર્ણ સમર્પિત બની રહે તે માટે પ્રાર્થના કરવા આપણને જણાવે છે. આ જવાબદારી અદા કરવામાં પાળકો કેટલે અંશે પોતાનો ફાળો આપે છે એ વિશે વિચારવાનું છે. ●

# ✝ ધર્મપ્રાંતિય પુરોહિત હાકલ ✝

શું તમે અમદાવાદ ધર્મપ્રાંતમાં પુરોહિત બનવા ઈચ્છો છો?
તો આવો અમદાવાદ ધર્મપ્રાંત તમને આવકારે છે.

**મારી પાછળ આવો, હું તમને માછલાંને બદલે માણસો પકડતા કરીશ (માથ્થી ૪:૧૯)**



**અમદાવાદ ધર્મપ્રાંતમાં જોડાવવા સંપર્ક કરો**

ફા. નિલેશ પરમાર
સેન્ટ જોસેફ સેમીનરી, નિર્મલ નગર,
જુના ડુમરાલ રોડ, નડીયાદ - ૩૮૭ ૦૦૨
ફોન: ૦૨૬૮-૨૫૫૪૧૭૦ ૯૪૨૭૫ ૪૮૪૪૨



# સંત પીટર કનિસિયસ (૧૫૨૧–૧૫૯૦)

✍ બ્રધર બ્રિજેશ પરમાર

જેસુઈટ સંતમાળામાં સંત પીટર કનિસિયસ એક રત્ન સમાન છે. ધર્મસભાએ એમને સર્વોચ્ચ સન્માન (DOCTOR OF THE CHURCH)થી નવાજ્યા છે. ભારતના 'ભારત રત્ન' સમાન ઈલ્કાબ.

સંત પીટર કનિસિયસનો જન્મ ન્યૂઝીલેન્ડમાં ૮મી મે, ૧૫૨૧ના દિને થયો હતો. તેઓ જેકબ કાનીસના સૌથી મોટા દીકરા હતા. બાળપણમાં એમણે માતાની છત્રછાયા ગુમાવી. પિતાએ પુનઃલગ્ન કર્યાં અને તેમની અપર માતાએ તેમનો ખૂબજ સારી રીતે ઉછેર કર્યો. તેમનામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું.

૧૫૪૦માં નાની ઉંમરે તેમણે M.A.ની ડિગ્રી મેળવી. ચિંતનમનન કરતાં તેમને અનુભવ થયો કે સાંસારિક જીવન તેમને સંતોષ આપી શકશે નહીં; આથી તેમણે બ્રહ્મચર્યનું વ્રત લીધું. ઈશ્વર વિદ્યા (THEOLOGY)નો અભ્યાસ કરવા તેઓ કોલોગ્ન પાછા ફર્યા.

કોલોગ્નમાં તેમણે કેથલિક ધર્મસભાના, એક નવા મંડળ 'ઈસુસંઘ' વિશે સાંભળ્યું. આ નવા મંડળથી તેઓ ખૂબ પ્રભાવિત થયા.

ઈસુસંઘ પ્રત્યેના પ્રેમ, ધગશ અને ઈચ્છાને લીધે તેઓ સંત ઈગ્નાસના ખાસ મિત્ર, પીટર ફેબરને મળવા ગયા. એમના માર્ગદર્શન હેઠળ તેમણે 'આધ્યાત્મિક સાધના' (ત્રીસ દિવસની રીટ્રિટ) કરી. આધ્યાત્મિક સાધનાના બીજા સપ્તાહમાં ઈસુ વિશે મનન, પ્રાર્થના કરતાં તેમને ઈસુસંઘમાં જોડાવાની તીવ્ર ઈચ્છા થઈ. ૨૨મા જન્મદિને (૮મે ૧૫૪૩)માં તેમને ઈસુસંઘમાં પ્રવેશ મળ્યો. ત્રણ વર્ષ બાદ તેમને યાજ્ઞિક દીક્ષા મળી.

સંત પીટર કનિસિયસના કાર્યથી સંત ઈગ્નાસ ખૂબ પ્રભાવિત થયા હતા, અને પત્રો દ્વારા સંત ઈગ્નાસે પોતાનો આનંદ વ્યક્ત કર્યો. ફેબ્રુઆરી અને સપ્ટેમ્બર ૧૫૪૭માં COUNCIL OF TRENTમાં તેમણે પોતાનો અગત્યનો ફાળો આપ્યો. આ સમય દરમ્યાન જર્મનીમાં પ્રોટેસ્ટંટવાદનો ખૂબજ ઝડપથી પ્રસાર થતો હતો. હજારોની સંખ્યામાં કેથલિકો, પ્રોટેસ્ટંટ સંપ્રદાયમાં જોડાવા લાગ્યા. ધર્મસભા માટે આ મોટો પડકાર હતો. નામદાર પોપે પ્રોટેસ્ટંટ ધર્મનો પ્રચાર અટકાવવા પીટર કનિસિયસની નિમણૂક કરી. આ ભગીરથ કાર્ય કરવા તેઓ રોમમાં નામદાર પોપના આશીર્વાદ લેવા ગયા. આજ સમય દરમ્યાન સંત ઈગ્નાસે તેમના છેલ્લા વ્રતનો સ્વીકાર કર્યો.

સંત પીટર કનિસિયસ પોતાના આ ધાર્મિક, પ્રેષિતિક કાર્ય માટે ખૂબ પ્રસિદ્ધિ પામ્યા. તેઓ દેવવિદ્યાના પ્રખર પંડિત શિક્ષક, પ્રચારક અને લેખક હતા. આ બધી આવડતોનો ઉપયોગ કરી તેઓ સામાન્ય માનવીને ઈસુ નજીક લાવતા. ઈતિહાસકારો માને છે કે જો નામદાર પોપે સંત પીટર કનિસિયસને પ્રોટેસ્ટંટવાદ સામે લડવાની હાકલ ના કરી હોત તો જર્મની ધર્મસભાથી વિખૂટું પડી ગયુ હોત. આ મહાન કાર્યના કારણે તેમને જર્મનીના બીજા પ્રેષિત ગણવામાં આવે છે.

સંત પીટરે ઘણાં ધાર્મિક પુસ્તકો લખ્યાં છે. તેમનું જગવિખ્યાત પુસ્તક ધર્મશિક્ષણનું પુસ્તક છે. લગભગ ૩૦૦ વર્ષ સુધી કેથલિક ધર્મસભામાં આ પુસ્તકનું મહત્ત્વ અકબંધ રહ્યું. ગુજરાતમાં 'સવાલ-જવાબ'ની ચોપડીનો આધાર આ પુસ્તક પર રહેલ છે. સવાલ અને જવાબ દ્વારા સામાન્ય શ્રદ્ધાળુઓને કેથલિક ધર્મનું જ્ઞાન પૂરું પાડવામાં આવતું હતું.

ગુજરાતની ધર્મસભાના આરંભે એમના નામ પરથી કનિસિયુસ હાઉસ આણંદ ખાતે સ્થપાયું હતું. જૂના કેટેકીસ્ટોને અહીં ધાર્મિક જ્ઞાન અને તાલીમ અપાતાં. આજે ગુજરાતની ધર્મસભા ફૂલી-ફાલી હોય તો તે આપણા જૂના કેટેકિસ્ટોને લીધે છે. ગુજરાતની ધર્મસભામાં આડકતરી રીતે સંત પીટર કનિસિયસનો અમૂલ્ય ફાળો છે. જર્મનીમાં ફક્ત બે જેસુઈટ ફાધરોથી શરૂઆત થઈ હતી. દસ વર્ષના ટૂંકા ગાળામાં ૧૦૦ જેસુઈટો ત્યાં પ્રેષિતિક કાર્ય કરતા હતા. આનું શ્રેય પીટર કનિસિયસને ફાળે જાય છે.

કોઈપણ વ્યક્તિ, ભલે પાંચ મિનિટ માટે સંત પીટર કનિસિયસને મળવા આવે તો અચૂક તેઓ ઈસુ વિશે વાત કરતા. આ હતો તેમનો ઈસુ માટેનો અનહદ પ્રેમ. તેઓ તેમની આધ્યાત્મિકતા માટે પણ જાણીતા હતા. તેઓ ઈશ્વરની દૃષ્ટિથી જ જગતને નિહાળતા.

પાછલી વયે પણ તેમણે ઈશ્વરના કાર્યો ચાલુ રાખ્યા. લકવા થયો હોવા છતાં તેમણે આરામ લીધો નહીં અને ઉત્સાહથી ઈસુ માટે, ધર્મસભા માટે પોતાનું કામ ચાલુ રાખ્યું.

૨૧મી ડિસેમ્બર ૧૫૯૭ના રોજ તેમણે પોતાનો પ્રાણ પરમપિતાને સોંપી દીધો.

૧૯૨૮માં પોપ પીયૂષ અગિયારમાએ તેમને સંતની પદવી જાહેર કરી અને ધર્મસભાના શ્રેષ્ઠ સન્માન "DOCTOR OF THE CHURCH" (ડોક્ટર ઓફ ધ ચર્ચ)થી નવાજ્યા.

સંત પીટર કનિસિયસનું જીવન આપણને કેથલિક ધર્મનાં સત્યો અને સિદ્ધાંતોનો ઊંડો અભ્યાસ કરી લોકોમાં એનો પ્રચાર-પ્રસાર કરી, ઈસુના સાક્ષી બનવા પડકાર કરે છે. ●

# "મિશનરીસ ઓફ ચેરિટી બ્રધર્સની" સુવર્ણજયંતી : ૧૯૬૩ – ૨૦૧૩

✍ ધર્મબંધુ થોમસ પીટર એમ.સી.

ધર્મસભાના ઈતિહાસમાં આપણને જોવા મળે છે કે, ઘણી વ્યક્તિઓએ પવિત્ર આત્માથી પ્રેરાઈને પોતાનું જીવન ગરીબોની સેવામાં સમર્પણ કર્યું છે. ઉદાહરણ તરીકે સંત વિન્સેન્ટ દી પોલ, સંત જોન બોસ્કો, સંત જોન ઓફ ગોડ, ધન્ય મધર ટેરેસા વગેરે. તેમણે તેમના જીવનગાળામાં પ્રભુ ઈસુના શુભસંદેશનો પ્રચાર કર્યો છે.

સ્વ. મધર ટેરેસા લોટેટો સિસ્ટર તરીકે પહેલાં તેમનું જીવન જીવ્યા પછી ૧૦મી સપ્ટેમ્બરે ૧૯૪૫માં ટ્રેનમાં દાર્જિલિંગ જતા તેમને પ્રેરણા મળી. ગરીબમાં ગરીબ લોકોની સેવા કરવા માટે સંસ્થા શરૂ કરી. જરૂરી મિશનરી મળ્યા પછી ૧૯૫૦માં તેમણે મિશનરી ઓફ ચેરીટી સિસ્ટરની સંસ્થા શરૂ કરી. મધર ટેરેસાના સેવામય જીવનથી પ્રેરાઈને યુવતીઓએ આ સંસ્થામાં પ્રવેશ મેળવ્યો. આ ધર્મસમાજ આખા વિશ્વમાં વિસ્તાર પામ્યો. તેમજ ગરીબમાં ગરીબ લોકોની નિઃસ્વાર્થ સેવામાં સંપૂર્ણ હૃદયથી કાર્યરત છે.

મધર ટેરેસાને લાગ્યું કે અતિ ગરીબ લોકોની સેવા કરવા માટે તેમણે જે નિયમ સૂચી મુજબ સિસ્ટરોનું મંડળ સ્થાપેલ છે તેવી જ રીતે ભાઈઓનું પણ એક એવું મંડળ હોય. ૧૯૬૩માં મધર ટેરેસાએ કોલકોતાના આર્ચબિશપની પરવાનગીથી મિશનરી ઓફ ચેરિટી બ્રધર્સ નામની સંસ્થા શરૂ કરી. આ માટે ૨૫મી માર્ચનો દિવસ નક્કી કર્યો. આ દિવસે મધર ટેરેસાએ બીજા સિસ્ટરોની અને ફાધરોની હાજરીમાં ત્રણ યુવાન ઉમેદવારોને નાનો ક્રૂસ આપી ટૂંકી પ્રાર્થના દ્વારા આ સંસ્થાની શરૂઆત કરી સને ૨૦૧૩માં આ સંસ્થા પોતાના સ્થાપનાની સુવર્ણજયંતી ઉજવે છે ત્યારે દુનિયાના ૨૧ દેશોમાં ૬૮ સંસ્થામાં ૩૭૮ બ્રધર્સ અને ૨૮ નોવીશ કાર્યરત છે.

શરૂઆતથી બે ત્રણ વર્ષો બ્રધર્સ કોલકોતા શિશુભવનના અલગ ઓરડામાં મધર ટેરેસા અને બીજા સિસ્ટરો, આધ્યાત્મિક ફાધરના માર્ગદર્શન અને દોરવણી હેઠળ કાર્યરત હતા. આ સમય દરમિયાન મધર ટેરેસા યોગ્ય વ્યક્તિની ખોજમાં હતા કે જેઓ આ બ્રધર્સના મંડળની આગેવાની કરે કે તેમને દોરવણી આપે. ઈ.સ. ૧૯૬૫ ડિસેમ્બરમાં હજારીબાગના પ્રોવિન્સ જેસુઈટ ફાધર ઈશાન ટ્રાવર્સ બાલ તેમના છેલ્લા વ્રતની તૈયારી માટે એક મહિનાના અનુભવ માટે કોલકોતામાં બ્રધર્સની સંસ્થામાં આવ્યા. તેમની સેવા અને જીવનરીતિ જોઈ મધરને લાગ્યું આ યોગ્ય વ્યક્તિ છે. મધરે ફાધર ઈશાનને વિનંતી કરી કે તેઓ આગેવાની લઈ દોરવણી આપે. પ્રાર્થના અને ચિંતન બાદ ફાધર ઈશાને તેમના સુપિરીયરની પરવાનગી મેળવી ૧૯૬૬માં આ સંસ્થામાં પ્રવેશ મેળવ્યો. ૧૯૬૬ થી ૧૯૮૬ સુધી ફાધર ઈશાને સંસ્થામાં ૨૬ બ્રધર્સને માર્ગદર્શન, દોરવણી આપી. સંસ્થાની નિયમસૂચિનું પુસ્તક પણ લખ્યું જનરલ સુપિરીયર તરીકે પોતાની સેવા આપી. તેમણે બ્રધર એન્ડ્રુ નામ ધારણ કર્યું. અને તેમને અમે અમારા સહ સ્થાપક તરીકે પણ ઓળખીએ છીએ.

મધર ટેરેસા કહે છે કે "બ્રધર એન્ડ્રુ તથા બ્રધરોનો સંઘ એ ધર્મસભા તથા આખી દુનિયા માટે ઈશ્વરની ભેટ છે જે બલિદાન તથા પ્રાર્થનાનું ફળ છે. હું શરૂઆતથી જ પ્રાર્થના કરતી હતી કે ઈશ્વર એવી વ્યક્તિ અમને આપે કે જે તેમનું સંપૂર્ણ જીવન પ્રભુઈસુને સમર્પણ કરે અને સાથે સાથે અતિ ગરીબ લોકોને સાચો પ્રેમ આપી શકે."

"અમારો મુખ્ય ઉદ્દેશ એ છે કે જ્યાં જ્યાં ગરીબમાં ગરીબ લોકો જોવા મળે તથા અમે ઈશ્વરને સમર્પિત અમારા જીવન દ્વારા તેઓને સાચો પ્રેમ આપી તેમની નિઃસ્વાર્થભાવે સેવા કરવાનો છે."

અમારા સહસંસ્થાપક બ્રધર એન્ડ્રુ અમારી આ હાકલને મુખ્ય ચાર બાબતમાં વર્ણવે છે:

**૧) પ્રાર્થના:** પ્રાર્થના અમારા જીવનનો મુખ્ય ભાગ છે. પ્રાર્થનાથી અમે શાંતિપૂર્ણ રીતે ઈશ્વરમાં ડૂબી જઈએ છીએ. આથી મુખ્ય આધાર દરરોજ ભક્તિભાવપૂર્વક ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લઈ ઈસુ ખ્રિસ્તને અંતરમાં આવકારવાથી થાય છે. અમારો પહેલો ઉદ્દેશ પ્રાર્થના દ્વારા અંગત રીતે ખ્રિસ્ત ઈસુના સાચા અનુયાયી બનીને ગાઢ સંબંધ સ્થાપિત કરવાનો છે.

**૨) સામૂહિક જીવન:** નાના સમૂહમાં રહીને દરરોજનું કાર્ય કરતા, એકબીજામાં ભાઈચારો જળવાઈ રહે તેને મહત્ત્વ આપવામાં આવે છે. અહીં અમે બધા એકબીજાને સમજીને આગળ વધવાનો સંકલ્પ કરીએ છીએ. સામૂહિક જીવનમાં અમે એક કુટુંબ-પ્રેમનો અનુભવ કરીએ છીએ.

**૩) ગરીબોની સેવા:** 'નાના કાર્ય મહાન પ્રેમથી કરવા' (સુધન્ય મધર ટેરેસા) અને ગરીબમાં ગરીબ લોકોની નિ:સ્વાર્થ ભવ્ય સેવા કરવા આખું જીવન ઈશ્વરને સમર્પણ કરીએ છીએ. અમારામાં વિશ્વાસ છે કે ઈસુ ખ્રિસ્તની ખરેખર હાજરી ગરીબમાં ગરીબ લોકોની વચ્ચે હોય છે. અને એવા જ ગરીબ અને નિ:સહાય લોકોની સેવા જ ખ્રિસ્તની સાચી સેવા છે. ઈસુખ્રિસ્તે જાતે કહ્યું છે "ઓ મારા ભાઈઓમાંથી અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારા માટે જ કર્યું છે." (માથ્થી ૨૫:૪૦).

**૪) સાદગીભર્યું જીવન:** શુભસંદેશના વચનોને ધ્યાનમાં રાખીને અમે ખ્રિસ્તની સાથે એકરૂપ થવાય તેમ જ ગરીબો સાથે ભળી જવાય તે હેતુને ધ્યાનમાં રાખીને સાદગીભર્યું જીવન આનંદમાં ગાળીએ છીએ.

"અમે રોટલી અને દ્રાક્ષાસવને ભલે પ્રભુ ઈસુના શરીર અને લોહીમાં ન પલટાવીએ પરંતુ અતિ ગરીબોમાં રહેલા ઈસુખ્રિસ્તના ભાંગી પડેલ શરીરના સ્પર્શનો તેમને પ્રેમના અનુભવ કરાવી શકીએ." — સુધન્ય મધર ટેરેસા

આ ધર્મસમાજે બ્રધર્સ માટે કોઈ નિશ્ચિત પરિધાન નક્કી કર્યા નથી. તેઓ સામાન્ય વ્યક્તિની જેમ જ સાધારણ પોષાક પહેરે છે. તેઓ પોતાની છાતી પર ક્રૂસ રાખે છે જે તેમના વ્રતધારી અને સમર્પિત જીવનની નિશાની છે. આજીવન ધર્મબંધુ રહે છે.

**અમારી દરરોજની પ્રાર્થના:** હે પ્રભુ, અમને યોગ્ય બનાવ કે અમે સંસારના દરેક ગરીબ ભાઈઓની સેવા કરી શકીએ જે ગરીબી અને ભૂખની દશામાં જીવે છે તથા મરણની પથારીમાં પડેલા છે. અમારા હાથ તેમની રોજની રોટલી આપે તથા પ્રેમ, આનંદ અને શાંતિનો અનુભવ કરાવીએ. ●

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| અનામી દાતા | | ૫,૦૦૦ |
| અરવિંદ પ્રજ્ઞા તરફથી | ગાંધીધામ | ૫૦૦ |
| હર્ષદભાઈ પેટ્રીકભાઈ વાઘેલા | સુણાવ | ૨૫૧ |
| સ્વ. કાંતિલાલ ડી. પરમાર | મણીનગર | ૨૫૧ |
| આલેક્ષ આમ્બ્રોસ | ચાવડાપુરા | ૨૫૦ |
| સ્વ. પાઉલભાઈ સીમોનભાઈ | નડીઆદ | ૧૫૦ |
| જોનભાઈ જી. પરમાર | નડીઆદ | ૧૦૧ |
| વિમલ જે. સોલંકી | નડીઆદ | ૧૦૧ |
| સોમાભાઈ ઝવેરભાઈ મકવાણા | કાણીસા | ૧૦૦ |
| સ્વ. ડહીબેન દાઉદભાઈ પરમાર | બોરીચાવી | ૧૦૦ |
| સ્વ. સંજય જોન વાઘેલા | આણંદ | ૧૦૦ |


# પેઈનલેશ ટ્રીટમેન્ટ
## (એલોપથી)

૧. હાર્ટબ્લોકેજ, હૃદયરોગ

૨. કેન્સર-કિમોથેરાપી
અને ઓપરેશનનો પર્યાય

૩. ઘુટન, કમર, શાધાના દુ:ખાવા

૪. ચર્મરોગ, ડાઘ, ખીલ વગેરે
સસ્તો, સરળ, સચોટ ઈલાજ

**Contact: 88666 76888**
Ozone Therapy Centre,
B/h Railway Station, Baroda

**જાહેરાત**

# ફ્લેટ વેચવાનો છે

૭૫ ચોરસ વાર, ત્રીજો માળ, સી.એન.આઈ. ચર્ચની સામે, મણીનગર (પૂર્વ), સંપૂર્ણ હવા ઉજાસ, ૨૪ કલાક પાણીની સગવડ તથા ગેસ પાઈપ-લાઈનની સુવિધા સાથે

(દલાલ માફ)

**મો. ૯૯૨૫૦ ૪૯૪૮૯**

## આપણું કાર્ય - એ જ ઈશ્વર સ્તુતિ
## પવિત્ર કુટુંબ એનું ઉત્તમ ઉદાહરણ.

### ઉમદા ભેટઃ

વિરેન્દ્રની દસમી વર્ષગાંઠ હતી. તેના પિતાએ એક સુંદર ભેટ આપી. બાળમિત્રો, તમે જાણવા માંગો છો; વિરેન્દ્રના પિતાએ શાની ભેટ આપી હશે? તેના પિતાએ વિરેન્દ્રને લાલ રંગની સુંદર સાયકલની ભેટ આપી હતી.

ભેટમાં સાયકલ મળતાં જ વિરેન્દ્ર ખૂબ ખૂશ થઈ ઉઠ્યો. બીજે દિવસે તે સાયકલ પર આખો દિવસ ફરતો રહ્યો. ઘરની બાજુના મેદાનમાં તેણે સાયકલ ફેરવ્યા કરી. સાંજે જ્યારે તે ઘેર પાછો ફર્યો ત્યારે તેની માતાએ શિખામણ આપી, "જો બેટા, તને તારા બાપુજીએ આપેલી ભેટ ખૂબ જ પસંદ પડી હોય તો તારે તેને સાચવવી જોઈએ. રોજ સાયકલ સાફ કરી તારે તેને ચોખ્ખી અને વ્યવસ્થિત રાખવી જોઈએ. સાયકલની સારી સંભાળ રાખતાં જોઈ તારા પિતા પણ ખૂશ થશે."

વિરેન્દ્રએ માતાની સલાહ માની લીધી. એક કપડાંના કટકા વડે તે રોજ સાયકલ સાફ રાખતો. એટલે જ આજ સુધી તેની સાયકલ સુંદર અને નવા જેવી જ દેખાય છે.

વ્હાલા બાળમિત્રો, ઈશ્વરપિતા આપણને સાયકલ કરતાં પણ અતિ મૂલ્યવાન ભેટ બક્ષી છે. પરમેશ્વરે આપણને માનવજીવનની સુંદર ભેટ આપી છે. જો આપણે ઈશ્વરપિતા પ્રત્યે કૃતજ્ઞ હોઈએ તો આપણા શરીરને સ્વચ્છ, સુંદર અને ખડતીલું રાખીએ. સવારે ઉઠ્યા પછી, શાળાએ જતા પહેલાં અને પાછા ફર્યા બાદ, રમત રમ્યા પછી, આપણા દેહને નાહી-ધોઈને સ્વચ્છ રાખવો જોઈએ. સરસ રીતે વાળ ઓળવા જોઈએ. અને વ્યવસ્થિત કપડાં પહેરવાં જોઈએ.

કોઈને પોતાનો સાથી ગંદો હોય તે ન ગમે. આપણે પણ આપણાં નજીકના સાથીઓ - એટલે આપણાં માતા-પિતા, ભાઈ-બહેનો, શિક્ષકો, શાળાના વિદ્યાર્થી મિત્રો વગેરે માટે તથા આપણા પોતાના હિત માટે વ્યવસ્થિત અને સુઘડ રહીએ.

આ જ કારણથી આપણો ઓરડો, આપણી પથારી, આપણું ટેબલ, આપણું ઘર, આંગણું વગેરે સ્વચ્છ રાખતાં શીખીએ.

સ્વચ્છતા ત્યાં પ્રભુતા.....

### પતંગિયા મારફતે ઈશ્વરે મદદ મોકલીઃ

એક ગરીબ વિધવા બાઈ હતી. થોડા મહિનાઓ પહેલાં જ તેના પતિનું અવસાન થયું હતું. તેને એક નાનકડો દીકરો હતો. વિધવા માતા આ બાળકનું ભરણપોષણ ખૂબ જ મૂશ્કેલીથી કરતી.

એક દિવસ ખૂબ મોટી રકમનું બિલ તેને મળ્યું. બિલ જોઈ વિધવા સ્ત્રીને યાદ આવ્યું કે આ રકમ તો તેણે ભરી દીધી છે. બિલ ભર્યાની રસીદ માટે તેણે ઘરમાં ઘણાં ફાંફાં માર્યા. પરંતુ આડે હાથે મૂકાઈ ગયેલી પહોંચ મળી નહીં. પહોંચ ન મળતાં આ વિધવા સ્ત્રીએ શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરી, "હે પરમપિતા, તમે જાણો છો કે મેં આ બિલ ભરી દીધું છે. જો આ બિલની રસીદ નહીં મળે તો મારે ફરીથી મોટી રકમ ભરવી પડશે. હે પ્રભુ, મુજ ગરીબ પર કૃપા મોકલો."

થોડા દિવસ પછી બિલનાં નાંણા લેનાર અધિકારી તેના આંગણે આવી પહોંચ્યો. પૈસાની ઉઘરાણી કરતાં તેણે ધમકી આપી કે જો સાત દિવસની અંદર બિલની ભરપાઈ કરવામાં નહીં આવે તો કાયદેસર કડક કાર્યવાહી કરવામાં આવશે. અઠવાડિયા પછી પેલો અધિકારી પાછો આવ્યો. તેને જોઈ વિધવાના તો મોતિયા મરી ગયા. તે ખૂબ ગભરાઈ ગઈ. પરંતુ તેના અંતરમાં શ્રદ્ધા અને પ્રાર્થના હતી. "નિરાધાર અને અનાથોના બેલી એવા મારા પરમેશ્વર, મારા જીવનની દોર તમારા હાથમાં સલામત છે. મને મદદ કરો પ્રભુ."

આ જ ક્ષણે એક સુંદર રંગબેરંગી પતંગિયું ઊડેને વિધવાના ઘરમાં આવી ચડ્યું. પેલી વિધવાના પુત્રએ આ પતંગિયું જોયું. તેણે પતંગિયું પકડવા પ્રયત્ન કર્યો. પરંતુ પતંગિયું ઊડીને ઘરના સોફાના એક ખૂણામાં જઈ બેઠું. છોકરાને તો પતંગિયું પકડવું જ હતું. તેણે બિલ ઉઘરાવવા આવનાર અધિકારીને સોફા ખસેડવા મદદ કરવા વિનંતી કરી. બંનેએ મોટો તોતિંગ સોફા સહેજ ખસેડ્યો ત્યાં જ તેની પાછળ એક ચબરખી ઊડીને પડી. વિધવા સ્ત્રીએ તે કાગળનો નાનો ટુકડો ઉપાડીને જોયું તો તે ખુશીથી ઊછળી પડી. એ નાનો કાગળનો ટુકડો તે જે શોધતી હતી તે બિલ ભર્યાની પહોંચ હતી. પ્રેમાળ ઈશ્વરે વિધવા સ્ત્રીની ખરા હૃદયની પ્રાર્થના સાંભળી હતી. તે સ્ત્રી બોલી ઊઠી, "હે પરમેશ્વર, દયાના અખૂટ ભંડાર, તમારાં કાર્યો પ્રેમ અને દયાથી ભર્યાં ભર્યાં હોય છે. આપનો ખૂબ જ આભાર."

## આનંદી સ્વભાવના સંત – સંત ફિલિપ નેરીઃ

યુવા વયે ફિલિપ નેરી રોમ ખાતે રહેતાં હતાં. તેઓ ખૂબ ગુસ્સાવાળા સ્વભાવના હતા. તેમને હંમેશા લાગતું કે કોઈક દિવસ તેમનો ગુસ્સો ફાટી પડશે અને કોઈકને દુઃખ પહોંચાડશે. પોતાનો ગુસ્સાભર્યો સ્વભાવ શાંત રાખવા તેમણે એક તરકીબ અપનાવી હતી. તેઓ હંમેશા પ્રસન્ન રહેવા વિચારતા. સદા હસતું મોઢું રાખતા. અને મુક્ત મને હસતાં. તેમના આ ગુણને લીધે લોકો તેમના પ્રત્યે આકર્ષાતા. અને તેમની સાથે વાતો કરવા પ્રેરાતા.

ફિલિપ પુરોહિત બન્યા. તેમણે એક નાનું દેવળ ઊભું કર્યું. અહીં તેઓ અને તેમનાં મિત્રો ભેગાં મળતાં સાથે બેસીને તેઓ પ્રાર્થના કરતાં. ભજનો ગાતાં. પુરોહિત હોવાને લીધે ફિલિપ તેમના માટે પરમપૂજા અર્પણ કરતાં. તેઓ બધાં શેરીમાં પ્રાર્થના કરતાં અને ભજનો ગાતાં ગાતાં ફરતાં. તેમણે માતા મરિયમની પ્રતિમાની સ્થાપના કરી તેના માથે સુંદર મુગટ મૂક્યો હતો. ઘણાં લોકો આ સ્થળે ખાસ પ્રાર્થના કરવા આવતાં. દુઃખી લોકો ફાધર ફિલિપને મળી સાંત્વના મેળવતાં અને આનંદભર્યા હૃદયે વિદાય લેતા. સંત ફિલિપ નેરીને રોમના રક્ષક સંત ગણવામાં આવે છે. મે માસની ૨૬ તારીખે ધર્મસભા તેમનું પર્વ ઉજવે છે.

**સારઃ** દૃઢતા પૂર્વક તમારા અવગુણનો ત્યાગ કરો,
તમે સંત જેવું જીવન મેળવશો.

## ભલો ગોવાળઃ

પ્રભુ ઈસુના જન્મના ઘણાં વર્ષો પહેલાં પયગંબર શમુએલ બેથલેહેમ આવ્યા હતા. ઈશ્વરપિતાની દોરવણીથી શમુએલે ભવિષ્યવાણી ભાખી હતી કે આઠ ભાઈઓમાંના સૌથી નાનો એવો દાવિદ (ડેવિડ) જ્યારે મોટો થાય ત્યારે તે ઈસ્રાયેલનો રાજા બનશે.

શમુએલે જ્યારે ભવિષ્ય ભાખ્યું હતું ત્યારે દાવિદ તો નાનો કિશોર હતો. સુંદર મજાનો યુવા દાવિદ તેના પિતાનાં ઘેટાં-બકરાં સાચવતો.

દાવિદ આજ્ઞાકારી ગોવાળ હતો. તે તેનાં ઘેટાં-બકરાંને ખૂબ ચાહતો. ઘેટાં-બકરાં પણ તેનો અવાજ ઓળખતાં અને તેને અનુસરતા. દાવિદ તેમનાં માટે ઘાસ-ચારો અને પાણી શોધીને તેમને ચરાવતો. જો કોઈ ઘેટાં કે બકરાંને ઈજા થતી તો દાવિદ તેના ઘા પર તેલ રેડીને સારવાર કરતો. નાનાં ગાડરાં અને ઈજાગ્રસ્ત ઘેટાં-બકરાંને તે ઊંચકીને ફરતો. જંગલી જનાવરોથી તેમનું રક્ષણ કરતો. એક વખતે એક સિંહ અને બીજી વખતે એક રીંછને મારી નાંખી તેણે ઘેટાં-બકરાંને બચાવ્યા હતાં.

જ્યારે ઘેટાં-બકરાં મેદાનમાં શાંતિથી ઘાસચારો ચરતાં ત્યારે દાવિદ વીણા વગાડતો અને ભજનો ગાતો. તેણે ઈશ્વરસ્તુતિના ઘણાં ભજનો લખ્યાં છે. આ ભજનો આપણને બાઈબલનાં સ્તોત્રસંહિતા ગ્રંથમાં જોવા મળે છે. દાવિદનું ખૂબ જ પ્રખ્યાત ભજન છે - પ્રભુ મારો ગોવાળ છે જાતે; મને ઊણું ન લાગે કોઈ વાતે... (સ્તોત્રસંહિતાઃ ભજન ૨૩).

પ્રભુ ઈસુ ભલો ગોવાળ છે. જેમ દાવિદ તેના ગાડરાંની સંભાળ લેતો તેમ પ્રભુ ઈસુ આપણાં સૌની નિત્ય સંભાળ લે છે.

## આંગળીઓમાં પડી તકરારઃ

આપણા હાથમાં પાંચ આંગળીઓ હોય છે. બધી આંગળીઓ એક જેવી સરખી નથી હોતી. અંગુષ્ઠ, તર્જની, મધ્યમિકા, અનામિકા અને કનિષ્કા એમ જુદી જુદી પાંચે આંગળીઓ વચ્ચે વિવાદ ઊભો થયો કે પાંચેયમાં સૌથી મહત્ત્વનું કોણ.

અંગુષ્ઠ (અંગુઠો) બોલ્યોઃ બધામાં હું જ સૌથી વજનદાર છું એટલે હું જ સૌથી શ્રેષ્ઠ.

તર્જની (અંગુઠા પાસેની આંગળી) બોલી ઊઠીઃ ના...ના... ના... કોઈપણ જગ્યા કે વસ્તુ બતાવવા માટે મારો જ ઉપયોગ થાય છે. દિશાનિર્દેશ કરવા મારી જ સહાય લેવાય છે. એટલે હું જ સૌથી મહત્ત્વની.

મધ્યમિકા (સૌથી લાંબી - વચલી આંગળી) બોલીઃ બધી આંગળીમાં સૌથી મોટી હું જ છું. લોકો કોઈપણ મુશ્કેલી વિના મને જોઈ શકે છે. એટલે બધામાં હું જ સૌથી અગત્યની.

અનામિકા તુરંત ઊછળી પડીઃ લોકો મારી આંગળી પર જ સોનાની વીંટી પહેરી મારું બહુમાન કરે છે. એટલે બધી આંગળીઓમાં હું જ ખાસ ગણાઉં.

ત્યારે સૌથી નાની આંગળી કનિષ્કા (ટચલી આંગળી) બોલીઃ લગ્નવિધીમાં વરવધૂ બંને પોતપોતાની ટચલી આંગળી ભેગી કરે છે અને સુખી સંસારના શ્રી ગણેશ કરે છે. આથી હું જ સર્વ શ્રેષ્ઠ.

બાળમિત્રો, હવે તમે જ નક્કી કરો કે કોણ શ્રેષ્ઠ.....

## નમ્રતાઃ

બધાં ધર્મો ઈશ્વર સ્તુતિ શીખવે છે.
ઈશ્વરની સ્તુતિ એટલે જાતનું સંપૂર્ણ સમર્પણ
સમર્પણ નમ્રતામાંથી પ્રગટે છે.
નમ્રતાથી થયેલ સમર્પણ ઈશ્વરનાં આશીર્વાદ પામે છે.

## પ્રયત્ન કરોઃ

તમારો જન્મ મહાન કાર્ય કરવા થયો છે
તો શુભારંભ કરી દો...
જ્યાં સુધી ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત ના થાય ત્યાં સુધી સતત પ્રયત્નશીલ રહો.

## સાથીદારની પ્રગતિનો આનંદઃ

જેસિકા અને જુલિયા બંને ખાસ બહેનપણીઓ હતી. બંનેને નવી નવી વસ્તુ શીખવાનું ખૂબ ગમતું. પરંતુ તેમના માતા-પિતા હંમેશા ડર બતાવી નવું સાહસ ખેડતાં તેમને રોકતાં.

જેસિકાને સાયકલ ચલાવતાં શીખવું હતું. એક દિવસે તેણે તેની ઈચ્છા તેના માતા-પિતા સમક્ષ રજૂ કરી. પરંતુ તેમણે તેનો ધરાર ઈન્કાર કર્યો. અને સાયકલ ખરીદવાનો સખ્ત વિરોધ કર્યો. આથી જેસિકાને માઠું લાગ્યું.

જેસિકાને દુઃખી અને ઉદાસ જોઈ જુલિયાએ કારણ જાણવા પૃચ્છા કરી. રડમસ અવાજે જેસિકાએ સાયકલવાળી વાત જુલિયાને જણાવી. જુલિયાએ તેને શાંત્વના આપી.

પોતાની વર્ષગાંઠ પર સાયકલની ભેટ લાવી આપવા જુલિયાએ તેના માતા - પિતાને રાજી કરી લીધા. વર્ષગાંઠ પર સાયકલ મળતાં જ જુલિયાએ તે સાયકલ જેસિકાને ચલાવવા આપી. જેસિકા ઝડપભેર સાયકલ ચલાવતાં શીખી ગઈ. અને સાયકલ સવારીનો ભરપૂર આનંદ ઉઠાવવા લાગી. જુલિયાને હજુ સાયકલ ચલાવતાં શીખવાનું બાકી હતું. પરંતુ પોતાના સાથીદારની પ્રગતિથી તે ખૂબ ખૂશ હતી.

## મે માસની મહત્ત્વના દિવસોઃ

૧ મે - ગુજરાત સ્થાપના દિન / આં.રા.શ્રમ દિન

૩ મે - વિશ્વ ઉર્જા દિન

૮ મે - વિશ્વ રેડક્રોસ દિન

૧૩ મે - મધર્સ ડે

૧૫ મે - વિશ્વ પરિવાર દિન

## ધર્મસભાના મહત્ત્વના દિવસોઃ

૧ મે - કામદાર સંત યોસેફ

૩ મે - સંત ફિલિપ અને યાકોબ

૬ મે - સંત ડોમનિક સાવિયો

૧૨ મે - પ્રભુ ઈસુનુ સ્વર્ગારોહણ

૧૩ મે - ફાતિમાના માતા મરિયમ

૧૪ મે - સંત માથિયાસ

૧૯ મે - પવિત્ર આત્માનું પર્વ

૨૬ મે - પવિત્ર ત્રૈક્યનું પર્વ

૩૧ મે - માતા મરિયમ અને એલિસાબેતનું મિલન

— રાજેશ ક્રિશ્ચિયન
૯૪૨૬૫ ૮૪૦૨૮

rajesh.christian@yahoo.com.in

## આપણી શાળા
## સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ - દઢવાડા

**સેંટ મેરીઝ સ્કૂલ તેમજ ચર્ચની નજીક સંપૂર્ણ ક્રિશ્ચિયન વિસ્તારમાં)**



# ગણેશ બંગ્લોઝ

**ફક્ત એક જ મકાન**

**વેચવાનું બાકી**



3 BHK રેસીડન્સ

❋ ગ્રાઉંડ ફ્લોર ઉપર ૧ ડ્રોઈંગ રૂમ, માસ્ટર બેડરૂમ તથા કિચન કમ ડાઈનિંગ તથા પ્રેયર રૂમ સાથે.

❋ બીજા માળે ર માસ્ટર બેડરૂમ તથા સીટીંગ રૂમ તથા અગાસીમાં એક કેબીન સાથે.

આગળ સ્વતંત્ર ૨૫ ફૂટ ખુલ્લી જગ્યા. ❋ પ્રાઈવેટ બોર તથા ગટરની સુવિધા સાથે. ❋ ગેસલાઈનની સુવિધા સાથે. ❋ લોન પેપર ઉપલબ્ધ

**:: સ્થળ ::**

ગણેશ બંગ્લોઝ, પેરીસ પાર્કની બાજુમાં
જગપ્રકાશ સોસાયટીની પાછળ
ઈન્દિરા ગાંધી માર્ગ, નડિઆદ - ૩૮૭૦૦૨

**:: સંપર્ક ::**

ગજાનન કન્સટ્રક્શન
અલ્પેશભાઈ ઠક્કર (B.E. Civil)
મો. ૯૮૨૫૦ ૧૨૦૪૩

પ્લોટ તથા કન્સ્ટ્રક્શનને લગતા કામ માટે સંપર્ક કરો.



## હાર્દિક અભિનંદન

**બ્રધર થોમસ પીટર મેકવાન એમ.સી.**

**દિક્ષાવિધીઃ તા. ૦૩-૧૨-૧૯૮૮-૨૦૧૩**

આપે છેલ્લા પચ્ચીસ વર્ષોથી મિશનરી ઓફ ચેરીટી સંઘમાં દીપ પ્રગટાવી સેવામાં ઉજ્વલિત થતા સફળતા પામી જીવનને શ્રદ્ધાનાં શિખર સર કરી તમાર જીવનને ધન્ય બનાવનાર પ્રભુ પરમેશ્વર આપના જીવનને આશીર્વાદિત કરે તેવી અમારા અંતરથી પ્રભુને પ્રાર્થના.

## સફળ દાંપત્યજીવનની રજતજયંતિ નિમિત્તે હાર્દિક અભિનંદન



**રજનીકાબેન જોસેફ મેકવાન**

**જોસેફ (રાજુ) પીટર મેકવાન**

**તા. ૧૨-૦૫-૧૯૮૮ – ૨૦૧૩**

આપે ૨૫ વર્ષનું સુખદ, વફાદારપૂર્વક દાંપત્યજીવન પસાર કરવા બદલ પરમપિતા તમને તેમના પ્રેમ, શાંતિ અને આનંદમાં હમેશાં તરબોળ કરે એવી અમારા સૌની હાર્દિક શુભેચ્છા અને પ્રાર્થના.

## ભાવભીની શ્રદ્ધાંજલિ

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું, જેને મારામાં શ્રદ્ધા છે, તેનુ મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે."



**સ્વ. લુઈશ મોરાર મેકવાન**
અવસાનઃ ૧૩-૦૫-૧૯૮૮
૨૦૧૩

**સ્વ. પીટર લુઈશ મેકવાન**
અવસાનઃ ૧૦-૦૫-૧૯૯૮



**સ્વ. રૂબેન અંતોનભાઈ મેકવાન**
અવસાનઃ ૦૭-૦૮-૨૦૧૦



પ્રભુ તમારા આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના.

પરમિપાનો આભાર માનતા

**લિ. મરિયમબેન પીટરભાઈ મેકવાન અને સહપરિવાર (ગામઃ કરમસદ)**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. હિતેશકુમાર જેરામભાઈ મકવાણા**

જન્મ: ૦૮-૦૫-૧૯૭૩

અવસાન: ૧૨-૦૫-૨૦૧૨

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું."

કોને ખબર ઓચિંતું આવુ બની જશે
કોને ખબર ચાર બેનીનો વિરો, છોડી ચાલ્યો જશે
કોને ખબર માતા-પિતા, દીકરા વિના એકલાં પડી જશે
કોને ખબર માળો મારો અધવચ્ચે વિખરાઈ જશે

"ઈશ્વર તારા આત્માને શાંતિ આપે."

**આભારઃ** મારા દીકરાની દફનવિધિમાં, શોકસભામાં આવેલ સૌ સગાંસ્નેહીઓ ફાધરો, સિસ્ટરો, મહોલ્લાના લોકો, કબર બનાવનારા યુવાનો આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**લિ. જેરામભાઈ બી. મકવાણા, આનંદીબેન જે. મકવાણા**
**તથા પરિવાર**
ખડાણા, તા. પેટલાદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મેકવાન કેશવભાઈ ખુશાલભાઈ**

જન્મ: ૧૮-૦૫-૧૯૨૫

અવસાન: ૧૩-૦૫-૨૦૧૨

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

વ્હાલા બાપુજી,

આપની વિદાયને એક વર્ષ પૂરું થયું તેમ છતાં પરિવારમાં આપના સંસ્મરણો અકબંધ છે! વાર-તહેવારે પ્રસંગોપાત આપની ગેરહાજરી સાલે છે.

ઈવાન અને બ્લેસીની આંખોમાં છબી છે તમારી, જ્યારે આર્ચી અને પ્રાર્ચીની આંખોમાં તો યાદો છે તમારી.

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

**લિ. વાલીબેન કે. મેકવાન**
**તથા સમસ્ત પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પીટરભાઈ ધૂળાભાઈ મેકવાન**

જન્મ: ૦૨-૦૫-૧૯૪૨

અવસાન: ૧૬-૦૫-૨૦૧૨

અમારા પીટર,

પપ્પા જીવન એવું જીવ્યા કે સદાયે,
અમને એમની યાદ આવે કે,
ન ભૂલાય એવા એમાના શબ્દો,
પ્રભુભક્ત જે ભક્તિવાન હતા.
તેમની હાજરી હજીયે વર્તાય છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ બક્ષે
અને અમારા માટે પ્રાર્થના કરે.

**લિ. સવિતાબેન પીટરભાઈ**
**તથા સમસ્ત પરિવાર**
૪૭, એક્તાનગર, વડોદરા - ૨

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સેરોન આલોઈશ મેકવાન**

જન્મ: ૦૫-૦૩-૧૯૮૮

અવસાન: ૨૪-૦૫-૨૦૧૨

"ચોખ્ખા દિલના પરમસુખી છે; તેમને ઈશ્વરનાં દર્શન થશે."
(માથ્થી ૫:૮)

વ્હાલી સેરોન,

સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી?
વિદાય તારી અણધારી આવશે, એ ક્યાં ખબર હતી?
વિધિના લખ્યા લેખ તેમનું કામ કરશે, એ ક્યાં ખબર હતી?
હાસ્યતણાં ઝરઝરિયાં આંસુ થશે, એ ક્યાં ખબર હતી?
હરખની હેલીથી ભર્યું ઘર, નીરવતામાં પલટાશે, એ ક્યાં ખબર હતી?
તું અમારાથી અચાનક છીનવાઈ જઈશ, એ ક્યાં ખબર હતી?

"જીવનની જ્યોત અચાનક ઝબકાઈને બુઝાઈ, આશા અધૂરીને આંખડી મીંચાઈ. રડી પડે છે આંખો અમારી, જોઈ તસવીર તારી દરેક પ્રસંગે ખટકે છે ગેરહાજરી તારી."

**લિ. આલોઈશ એફ. મેકવાન તથ સહપરિવાર**
વલાસણ

## ૧૮મી પુણ્યતિથિ



**સ્વ. જેરોમ વિલ્યમ પરમાર**

અવસાન: ૦૫-૦૪-૧૯૯૫

વસંત આવી છે તો પાનખર તો આવશે જ,
ફૂલ ખીલ્યાં છે તો કરમાઈ તો જશે જ.

વાદળ છવાયાં છે તો વરસાદ તો પડશે જ,
દરિયામાં ઓટ પછી ભરતી તો આવશે જ.

"પ્રભુને જે ગમ્યું તે ખરું"
એવું કહેવું સહેલું છે પણ તમારી વિદાયને,
જીવનભર જીરવવી પડશે જ, આશીર્વાદ બની,
હમેશાં અમારી સાથે જ છો.

પુનરુત્થાને તો ફરી આપણી મુલાકાત થશે જ!

**લિ. દિનાબેન જેરોમ પરમાર**
**તથા પરિવાર**

## द्वितीय श्रद्धांजलि



**स्व. एलीस थोमस**

जन्म: १५-०६-१९५६

निधन: २४-०५-२०११

पिताही धर्म, पिताही ज्ञान, पिताही हमेशां महान.

सदा आपके आशिषोकी हम पर छाया है, ऐसा हमने हरपल महेसुस किया है। आपकी यादें सदैव आशीर्वाद बनकर हम पर बरसेगी ऐसी प्रार्थना।

सुनी आंखोमें ख्वाब दिखाया आपने और हर मुश्किल वक्तमें जीना शिखाया आपने। आपने अपने कर्मो की प्रति सर्मपित रहना शिखाया आपने।

आज आपकी दूसरी पुण्यतिथि समय पर समस्त थोमस परिवार अक्षुसभर श्रद्धांजलि अर्पित करता है।

**विमला ए. थोमस**
**व परिवार**
इन्दोर

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રોબર્ટ રાફાયેલ ક્રિશ્ચિયન**

જન્મ: ૧૩-૦૫-૧૯૫૨

અવસાન: ૨૯-૦૫-૨૦૧૧

"ઓ થાકેલાઓ સઘળા મારી પાસે આવો."

રહેવાને સદા કોઈ આવતું નથી,
તમે ગયા એમ કોઈ જતું નથી.
જિંદગીનો સાથ ઓછો પડશે ન્હોતી ખબર
આવજો કહેવાને રોકાયા પણ નહીં.
દુ:ખમાં ડર્યા નહીં ને સુખમાં છલકાયા નહીં
વ્યવહાર ચૂક્યા નહીં, કર્મ ભૂલ્યા નહીં

અંજલિ અર્પતા હૈયું તૂટે છે, શ્રદ્ધાંજલિ અર્પતા શબ્દો ખૂટે છે, છાયા તમારી નથી રહી પણ સ્નહેનાં બંધનો ક્યારેય ભૂલાતાં નથી. પ્રેરણાના પુષ્પો ક્યારેય કરમાતાં નથી. આપનું જીવન સદાય સ્મૃતિમાં રહેશે. સ્વજનના સ્મરણો ક્યારેય વિસરાતાં નથી.

પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે, એજ અમારી અંતરની પ્રાર્થના. પુનરુત્થાનની પ્રભાતે મળવાની અપેક્ષા સાથે.

સી-૭૦,
પવિત્રકુંજ સોસાયટી,
સી.ટી.એમ. ચાર રસ્તા,
અમદાવાદ

**લિ. કોકિલા રોબર્ટ ક્રિશ્ચિયન**
**રોબીન-નેન્સી, રવિના-ઈવેન્જલીના,**
**વિક્ટર રાફાયેલ ક્રિશ્ચિયન**
**એલીસા, સિયોના, આશીષ**

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ફ્રાન્સિસ શાંતિલાલ પરમાર**

જન્મ: ૨૩-૧૧-૧૯૮૭

અવસાન: ૨૪-૦૫-૨૦૧૧

આપની અણધારી વિદાય, સૌના હૃદય ધ્રુજાવી ગઈ.
જે અમારે વર્ણવી મુશ્કેલ છે.
નજર સમક્ષ રહી હવે ફક્ત છબી જ આપની.
આપની ઉદારતા, પ્રેમાળ સ્વભાવ, નિખાલસતા તથા
કૌટુંબિક ભાવના સૌના હૃદયમાં ગુંજતી રહેશે.
સુખદુ:ખમાં સદાય હસતા રહ્યાં,
સૌના અંત:કરણમાં પ્રેમથી વસતાં ગયાં.
આખરે પ્રભુ બાપનાં પ્યારા થઈ ગયાં.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ
પ્રદાન કરે, તેમજ પુનરુત્થાનની પ્રભાતે
ફરી મળવાની આશાએ ખરા અંત:કરણથી
સૌ શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ...

**જ્યોત્સનાબેન શાંતિલાલ પરમાર તથા પરિવાર**
મો. ૯૮૨૫૦ ૯૨૩૯૭

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મણીબેન રમણભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૧-૧૯૫૧

અવસાન: ૧૫-૦૫-૨૦૧૨

ઈશ્વરનો સાદ સૂણીને ન કર્યો પળનો વિલંબ
ને પહોંચી ગયા તમો પરમ ધામે,
વિદાય એવ લીધી કે મન માનતું નથી.
સૂનું થયું ઘર, સૂના થયા અમે સૌ પરિવાર
આખી જિંદગી કર્યો પરિશ્રમ ક્યારેય ન લીધો વિરામ
તત્પર રહેતા કરવા બીજાની સેવા
ક્યારેય ન લીધી પોતે બીજાને સેવા
સત્ય, નમ્ર, ઉદારતાના પાઠ શીખવ્યા તમે
તમારા ચીંધેલા માર્ગે ચાલીશું સદા અમે
ઈશ્વરપિતા આપના આત્માને શાશ્વત
શાંતિ બક્ષે અજ પ્રાર્થના.

**લિ. રમણભાઈ આશાભાઈ પરમાર તથા સમસ્ત પરિવાર**
મુ. આમોદ, તા. પેટલાદ, જિ. આણંદ (મો. ૯૯૨૫૮ ૮૧૧૯૮)

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. આન્નાબેન મગનભાઈ પરમાર**

જન્મ: ૨૪-૦૨-૧૯૪૩

અવસાન: ૧૯-૦૫-૨૦૦૫

સમય, સમયનું કામ કરી ગયો
હાથમાંથી તારો હાથ... અરે!
મીઠો મધુરો સંગાથ છૂટી ગયો.
લાગ્યા ભલે પડળ હવે વર્ષોના
તોય હજી એજ શ્વસતું ઘર ને,
એજ તુજ સીંચી લીલુડી વાડી,
તું હજીયે અમ વચાળે છું એમ
બાળકોનો મીઠો કલરવ કહી રહ્યો.
હૈયે શ્રદ્ધા છે પુનરુત્થાનની
મુક્તિદાતાના મુક્તિ વરદાનની
મળશું જરૂર પુનઃ એકવાર
સ્મરણોમાં ધબકીશું વારંવાર
છબીમાંનો તારો ચ્હેરો કહી રહ્યો.

**પ્રભુ તને ચીરશાંતિ બક્ષો**
**પ્રાર્થના મગ્ન**
**મગનભાઈ આર. પરમાર**
**પરિવાર**
નવદિપ નગર સોસાયટી,
નડીયાદ
**ખૂબ સ્નહે સહઃ**
**તારાં પુષ્પોની યાદ**
**સ્ટેશી, શ્રેયા, સૌમ્ય, સૃષ્ટિ,**
**જોયલ, અભિષેક અને વિમલ**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. નગીનભાઈ મૂળજીભાઈ પરમાર**

જન્મ: ૩૦-૧૨-૧૯૫૬

અવસાન: ૦૩-૦૫-૨૦૦૨

અમને એજ સમજાતું નથી,
આવું શાને થાય છે?
આંગળીઓ રહી જાય ને,
અંગુઠો ખરી જાય છે!
હજી તો તમારા જીવનની વસંત હતી,
પાનખરને તો હજી ઘણી વાર હતી,
ભલે પાનખરમાં પીળાં પર્ણો ખરી પડે,
પણ અહીં તો ભરી વસંતે કુમળી દેહકળી,
અરે! વસંતની કૂંકમાંહી ખરી પડી,
છતાં **ઈશ્વરેચ્છા બલિયસી,**
પુનરુત્થાનના દિને ફરી મળીશું,
એજ એક આશ્વાસન સહ,

**આપના જ,**
**કનુભાઈ પરમાર**
**તથા સહપરિવાર**
પેટલાદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી ડેવીડ પોલ મેકવાન**

જન્મ: ૦૯-૦૧-૧૯૫૫

અવસાન: ૨૯-૦૫-૨૦૧૨

મૃત્યુ પીંછા કરતાં હલકું છે
જીવન પહાડ કરતાં વજનદાર છે. (જાપાનીઝ કહેવત)

મૃત્યુ ઓઢીને તમે પોઢી ગયા,
પર્વત શો ભાર અમ શીરે?

આંખના પલકારામાં આપની ચિરવિદાયને એક વર્ષ વિતી ગયું. પહાડસમા જીવનને અમારા ભરોસે જ છોડી ગયા.

આપના સાથ-સંગમાં એ ભાર ઉપાડવાની હિંમત અને શક્તિ તમે અમને આપી જ ગયા છો.

પુનરુત્થાનમાં અટલ શ્રદ્ધા છે. મળીશું.

"પુષ્પમ્"
કેથલિક કોલોની, દેવીના પાર્ક પાસે
ગણદેવી રોડ, નવસારી ૩૯૬૪૪૫

**આપનાં**
**પુષ્પા, જેનેટ, મર્સી, રોબર્ટ**
**અને સમગ્ર મેકવાન પરિવાર**

## ત્રીજી પુણ્યતિથિ

**સ્વ. એલીઝાબેથ ગાબ્રિયેલ ચૌહાણ**



જન્મ: ૧૪-૦૫-૧૯૪૯

અવસાન: ૦૫-૧૨-૨૦૧૦

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. ગાબ્રિયેલ ચૌહાણ, એન્થોનીભાઈ ચૌહાણ**
**રિમ્પલબેન ચૌહાણ તથા સહ પરિવાર**

મો. ૭૩૮૩૨ ૨૫૬૧૯, ૯૩૭૫૪ ૩૩૭૨૯

બી/૧૬, ઈશ્વરકૃપા ફ્લેટ, મણીનગર, અમદાવાદ

## પાંચમી પુણ્યતિથિ

**સ્વ. પરમાર અંતોન જોસેફભાઈ**



જન્મ: ૦૩-૦૯-૧૯૫૫

અવસાન: ૨૧-૦૫-૨૦૦૮

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. લતા તથા સમગ્ર પરિવાર**

પ્રેસપુરા, ગામડી-આણંદ

## અગિયારમી પુણ્યતિથિ

**સ્વ. કુસુમબેન મણીલાલ મેકવાન**



જન્મ: ૨૯-૧૧-૧૯૪૭

અવસાન: ૨૭-૦૫-૨૦૦૨

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. મણીલાલ એન. મેકવાન**
**તથા સમસ્ત પરિવાર**

નવજીવન કોલોની, આણંદ

## શ્રદ્ધાંજલિ

**સ્વ. મરિયમબેન જેમ્સ ચૌહાણ**



જન્મ: ૨૨-૧૧-૧૯૨૩ (વડોદ, જિ. આણંદ)

અવસાન: ૨૦-૦૫-૨૦૦૫

પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

**લિ.**
**નરેશ, હીના, પીન્કી (વકીલ)**

૨૦, સંત જોસેફ સોસાયટી, નિઝામપુરા, વડોદરા

### સુધારો

માર્ચ ૨૦૧૩ના અંકમાં પેજ નંબર ૫૫માં સ્વ. મોનીકાબેન પાઉલભાઈ ક્રિશ્ચિયનની શ્રદ્ધાંજલિમાં વલાસણને બદલે વણસર વાંચવું.

## તૃત્તિય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. અંબાલાલ હીરાભાઈ બેંકર**



જન્મ: ૧૦-૦૯-૧૯૪૯

અવસાન: ૨૬-૦૫-૨૦૧૦

આંખ જોતી રહી, જીગર રોતું રહ્યું
ન બનવાનું ઓચિંતુ આ શું બન્યુ,
એકાંતમાં રડી લઈશું, જ્યારે આવશે તમારી યાદ,
રડી પડે છે આંખ અમારી જોઈ તસ્વીર તમારી,
દરેક પ્રસંગમાં ખટકશે ખોટ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. કુમારી ભારતીબેન અંબાલાલ પરમાર (પુત્રી)**
**તૃપ્તિ મેહુલકુમાર ચૌહાણ (દીકરી)** **મેહુલકુમાર બીપીનભાઈ ચૌહાણ (જમાઈ)**
**અમિત અંબાલાલ પરમાર (પુત્ર)** **આશિષ અંબાલાલ પરમાર (પુત્ર)**
**શ્વેતા અમિતકુમાર પરમાર (પુત્રવધૂ)** **પૌલોમી આશિષકુમાર પરમાર (પુત્રવધૂ)**

પુનરુત્થાનની પ્રભાતે મળવાની અપેક્ષા સાથે **(આપની મીકુ)**

આપના બાગના પુષ્પો

**મન્નતિ (ટીયા), આયાન (અંશુ), ફ્રેન્ક (આયુષ)**

આઝાદ ચોક, ખડાણા

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. માર્ટીના (શાંતાબેન) દોમિનિક આમોદિયા**

જન્મ: ૨૧-૦૫-૨૦૧૨

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી. આપનું વાત્સલ્ય અમારો પ્રાણ છે. આપનાં સંસ્કાર એ શાશ્વત યાદ છે. આપની કુટુંબ ભાવના એ અમારી શાન છે. આપનો પ્રેમાળ સ્વભાવ અમારી પ્રેરણા છે. આપની ધાર્મિક ભાવના અમારો આદર્શ છે. આપના આર્શીવાદ એ જ અમારી મૂડી છે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના.

**આપનો પ્રેમાળ પરિવાર**
**દોમિનિક વિલ્યમ આમોદિયા અને પરિવાર**

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### વિશ્વભરમાંથી નિમવામાં આવેલાં પોપના આઠ સલાહકારોમાં ભારતીય કાર્ડિનલ ઓસ્વાલ્ડ ગ્રેસિઅસ

તા. ૧૩-૦૪-૨૦૧૩ના દિવસે નવા ચૂંટાયેલાં પોપ ફ્રાન્સિસ દ્વારા રચવામાં આવેલી નવી સલાહકાર સમિતિમાં એક ભારતીય કાર્ડિનલ ઓસ્વાલ્ડ ગ્રેસિઅસનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિશ્વભરમાંથી નિયુક્ત કરવામાં આવેલી આઠ કાર્ડિનલોની આ ટીમ વેટિકનમાં કાર્યપધ્ધતિમાં સુધારાના માર્ગો સૂચવશે. તાજેતરમાં કેથોલિક ધર્મસભામાં ભ્રષ્ટાચારના આક્ષેપો ઉપરાંત ધર્મગુરુઓ દ્વારા બાળકોની જાતીય સતામણી, પોર્ન સાઈટો જોવામાં આવતી હોવાની ઘટનાને આવરી લેતાં કૌભાંડોને પગલે ધર્મસભાની કામગીરીમાં સુધારાની જરૂરીયાત ઊભી થઈ છે.

આ પુનઃગઠન થયેલી કાઉન્સિલ, ચર્ચના વહીવટ કરતાં એપોસ્ટોલિક કોન્સ્ટીટ્યુશન ઓન ધ રોમન ક્યુરિયા પાસ્ટોર બોનસમાં સુધારામાં પોપને મદદ કરશે, તેમ વેટીકને એક નિવેદનમાં જણાવ્યું હતું.

પોપ જોન પોલ દ્વિતિયે ૧૯૮૮માં પાસ્ટોર બોનસ (Pastor Bonus)જારી કર્યું હતું. નિવેદનમાં વધુમાં જણાવ્યું છે કે,'હોલી ફાધરે જનરલ કોંગ્રિગેશન્સને પગલે કાઉન્સિલની રચના કરવાનો નિર્ણય લીધો છે.'

૬૮ વર્ષીય કાર્ડિનલ ઓસ્વાલ્ડ ગ્રેસિઅસ હાલમાં આર્ચબિશપ ઓફ બોમ્બે (મુંબઈ) તરીકે પોતાની સેવા આપે છે. ૨૦૦૬માં પોપ બેનેડિક્ત ૧૬માએ તેમની નિમણૂંક કરી હતી. આ કાઉન્સિલની પ્રથમ બેઠક પહેલીથી ત્રીજી ઓક્ટોબર, ૨૦૧૩ દરમિયાન મળશે. આ કાઉન્સિલને કોઈ બંધારણીય સત્તા હોતી નથી અને તેની મુખ્ય કામગીરી પોપને 'મદદ' કરવાની અને 'સલાહ' આપવાની હોય છે.

શનિવારે ૦૬-૦૪-૨૦૧૩ને સાંજે આ સમાચાર મુંબઈ-વર્લીખાતેનાં હોલીનેમ કેથેડ્રલમાં જ્યારે ધર્મગુરુઓ પરમેનન્ટ ડિકનની ઓર્ડિનેશન વિધિમાં ભાગ લઈ રહ્યાં હતાં; તે દરમ્યાન આપવામાં આવ્યા હતાં અને જેવા કાર્ડિનલ ગ્રેસિયસ પ્રવેશ્યાં કે સહુએ તાળીઓનાં ગડગડાટથી તેમને વધાવી લીધા હતા. કાર્ડિનલે સહુને આશીર્વાદ આપ્યા હતા.

તેમણે કહ્યું 'રાજ્યના સેક્રેટરીએ કે જેઓ સત્તામાં બીજા ક્રમાંકે હોય છે. તેમણે રવિવારે (૦૭-૦૪-૨૦૧૩) આ નિમણૂક માટે મારી સંમતિ માંગી હતી. આનો સાદો અર્થ એ થયો કે પોપ પોતે વહીવટી માળખું પોતાની આગવી રીતે ગોઠવવા માંગે છે. અને એ રીતે વૈશ્વિક ધર્મસભાની પુનઃગોઠવણી કરવા માંગે છે. ચોક્કસ તેઓ હવે ભારતને ગંભીરતાથી લેવા માંગે છે અને અમારાં ફીડબેક(પ્રતિપ્રુષ્ઠી)ને તેઓએ ધ્યાનપર લીધું છે. હમણાં છેલ્લે જ્યારે હું રોમમાં પોપની ચૂંટણી વખતે હતો ત્યારે મેં એવું કહ્યું હતું કે તમારે ભારતને ગંભીરતાથી લેવું પડશે અને એ ખરેખર આનંદની વાત છે કે એ વાતનો આમ અમલ થઈ રહ્યો છે.'

કાર્ડિનલ ગ્રેસિયસ મુંબઈમાં જન્મ્યાં અને તેમણે સેંટ ઝેવિયર્સ કોલેજ (ધોબી તલાવ) ખાતે ફિલોસોફી અને થિયોલોજીનો અભ્યાસ કર્યો હતો. તેમણે માહિમની સેંટ મિશેલ સ્કૂલમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓની ધર્મગુરુ તરીકેની દીક્ષાવિધિ ૧૯૭૦માં થઈ હતી. ૧૯૭૬થી ૧૯૮૨ સુધીમાં તેમણે રોમની પોન્ટીફિકલ યુરબેનિયાના યુનિવર્સિટીમાંથી કેનન લોમાં ડોક્ટરેટ અને ડિપ્લોમા ઈન જ્યુરિસપ્રુડન્સની ડિગ્રીઓ મેળવી હતી.

(વેટિકન ન્યૂઝ અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)

## ધર્મભારતી

### બેંગ્લોર સેમિનરીમાં રેક્ટરની હત્યા

બેંગ્લોરની સેંટ પીટર મેજર સેમિનરીના રેક્ટર ફાધર કે. જે થોમાસ(૬૫)ની ૧લી એપ્રિલના રોજ સવારે સેમિનરી બિલ્ડીંગમાં જ તેમની હત્યા કરવામાં આવી હતી. ફા. થોમાસ બેંગ્લોર આર્ચડાયોસિસમાં કામ કરતા હતા. પોલીસ તપાસ ચાલુ છે પરંતુ આ ઘટના પાછળના ઈરાદાની હજુ સુધી જાણ થઈ નથી. તેઓ કેરાલાના કોટ્ટાયામ જીલ્લાના ઈટ્ટુમાનુરના હતા. છેલ્લાં ૩૦ વર્ષથી તેઓ સેમિનરીમાં પોતાની સેવાઓ આપી રહ્યાં હતા. સેમિનરીના રેક્ટર તરીકેની આ તેમની બીજી ટર્મ હતી. એવી શંકા સેવાઈ રહી છે કે રાત્રે જ તેમનું ખૂન કરવામાં આવ્યું હોય અને પછી ગુનેગારોએ તેમના મૃત શરીરને પાછળથી રૂમમાં મૂકી દીધું હોય. એ રાત્રે બેંગ્લોરમાં પડેલાં સખત વરસાદનો લાભ ગુનેગારોએ લીધો હતો. આ વખતે વોચમેન તેની ઓરડીમાં હતો. આર્ચબિશપ મોરાસે આખી ઘટનાને વખોડી કાઢી છે. તેમણે કહ્યું કે 'ફા. કે.જે. થોમાસ. પવિત્ર, માયાળુ અને મૃદુભાષી હતા; આવી વ્યક્તિની કોઈક હત્યા કરે તે માન્યામાં આવે તેવી ઘટના નથી.'

આર્ચબિશપ બર્નાર્ડ મોરાસે શ્રદ્ધાળુઓને ખાસ પ્રાર્થનાઓ, ઉપવાસ કરવા માટે અને અલગ અલગ ધર્મપ્રાંતોમાં, સંસ્થાઓમાં, ખાસ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવા માટે વિનંતી કરી છે કે, જેથી ફાધરની હત્યાની ઝડપી અને સાચી તપાસ થઈ શકે, અને ભવિષ્યમાં આવો ગૂનો બનતા અટકે.

હવે પોલિસના હાથમાંથી આ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. સિનિયર પોલિ ઓફિસરે જણાવ્યું હતું કે આ તપાસમાં અમે આકાશ-પાતાળ એક કરી નાખ્યું છે પરંતુ હજુ સુધી કોઈ ચોક્કસ પુરાવો મળ્યો નથી. પોલિસ બન્ને શક્યતાઓ પર તપાસ કરી રહી

છે. કાં તો બહારના લૂંટારાઓ આવ્યા હોય, કાં તો એક આંતરિક વેમનસ્ય-દુશ્મનાવટ પણ હોઈ શકે છે.

(UCANINDIA.IN)

## ધર્મગુર્જરી

### KSSSના સમાચાર

KSSS અ'વાદ ખાતે ૨૬-૦૩-૨૦૧૩ના રોજ CBCI, દિલ્હી અને KSSSના સહયોગ દ્વારા ટી.બી અટકાવવા માટેનો જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં CBCI ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ડો. યોગેશ પટેલ તથા અ'વાદ સિવિલ હોસ્પિટલમાં ટી.બી. વિભાગના મેડિકલ ઓફિસરે હાજરી આપી, ટી.બી. વિષેની વિગતે સમજૂતી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

KSSS અ'વાદ દ્વારા બેડવા ગામે તા. ૧૯-૦૩-૨૦૧૩થી ૨૧-૦૩-૨૦૧૩ સુધી કોમ્યુનિટી હોલ ખાતે મરઘાં ઉછેર તાલીમ શિબિર લઘુમતી મહિલાઓ માટે યોજાયો હતો. જેમાં ગામની ૨૫ લઘુમતી મહિલાઓએ મરઘાં ઉછેર, મરઘીના પ્રકારો, તેનો ઉપયોગ, ઈંડાનું હેચરીમાં સેવન કરવાની પદ્ધતિ, રસીકરણ, પોલ્ટ્રી ફાર્મ બનાવીને અર્થોપાર્જન કેવી રીતે કરવું વગેરે માર્ગદર્શન ડો. કે.વી. પટેલ, નિવૃત્ત અધિકારીશ્રી, આણંદ જીલ્લા પશુપાલન વિભાગ તરફથી આપવામાં આવ્યું હતું. નાબાર્ડનાં આર્થિક અનુદાનથી આ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

KSSS અ'વાદ દ્વારા મહિલા નેતૃત્ત્વ તાલીમ શિબિરનું આયોજન મિનિસ્ટ્રી ઓફ માઈનોરીટી અફેર્સ, દિલ્હીના આર્થિક અનુદાનથી તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરી થી ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધીમાં ૧૫૦ બહેનોને તાલીમ આપવામાં આવી હતી. તાલીમાર્થી બહેનોને સ્ટાઈપેન્ડ ચૂકવી સર્ટીફીકેટ આપવામાં આવ્યું હતું. આવો જ એક બીજો મહિલા નેતૃત્ત્વ તાલીમ શિબિર તા. ૦૬/૨ થી ૨૩/૦૨ સુધી ખેડા જીલ્લાનાં સલુણ, દંતાલી, ડાકોર, કાલસર, ડભાલી, અંધાડી, નિઝામપુર, પઠાણપુરા, જીંજર ખાતે યોજાયો હતો. જેમાં ૨૫૦ બહેનોને તાલીમ આપીને સ્ટાઈપેન્ડ ચૂકવી સર્ટીફિકેટ આપવામાં આવ્યું હતું.

KSSS અ'વાદ દ્વારા સલુણ, દંતાલી, કાલસર, ડભાલી, અંધાડી, નિઝામપુર, પઠાણપુરા, રૂદણ, જીંજર અને ડાકોરના પુષ્પાંજલિ સેન્ટર ઓફ રેસીડન્સી પ્રોગ્રામ એમ કુલ દસ લીડરશીપ ટ્રેનિંગ કાર્યક્રમોનું આયોજન કેન્દ્ર સરકારના અનુદાનથી કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગમાં સ્ત્રીઓની સમસ્યાઓ, અધિકારો, લીડરશીપ, લાઈફ સ્કીલ, પંચાયતીરાજ વગેરે વિષયોની તાલીમ આપવામાં આવી હતી. સ્ટાઈપેન્ડ ચૂકવી સર્ટીફીકેટ આપવામાં આવ્યું હતું.

KSSS અ'વાદ દ્વારા આણંદ-ખેડા જીલ્લાનાં ૧૬ ગામોની લઘુમતી તથા અન્ય પછાતવર્ગની બહેનો માટે મહિલા નેતૃત્ત્વ તાલીમ તા. ૦૬-૦૨-૧૩ થી ૩૦-૦૩-૧૩ સુધી આપવામાં આવી હતી. જેનું ઉદ્‌ઘાટન ખેડા જીલ્લાના કલેક્ટર પારગી સાહેબે કર્યું હતું. ૧૯ સરકારી અધિકારીઓ, સમાજ કલ્યાણમાંથી શ્રી સોનીભાઈ, 'રૂડસેટ' સંસ્થામાંથી પ્રવિણભાઈ, બેંક મેનેજર, સંસ્થાના નિયામક ફા. જોસેફ અપ્પાઉ, ૧૬ ગામોના સરપંચ, અને ૧૬ ગામોની ૪૦૦ બહેનોને સ્ત્રીભ્રૂણ હત્યા, મહિલાઓની સમસ્યાઓ, કેન્દ્રસરકારની વિવિધ યોજનાઓ, નેતાગીરી વગેરે વિષયોની તાલીમ આપવામાં આવી હતી. નિયત સ્ટાઈપેન્ડ ચૂકવી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

KSSS અ'વાદ અને બી.એન. બી. પોલિટેકનિક, વલ્લભવિદ્યાનગર દ્વારા આમોદ ગામમાં આવેલ સેંટ ઉર્સૂલા સામાજીક સેન્ટરમાં આર્થિક અને સામાજીક રીતે નબળી એવી ૫૦ યુવતીઓને ફેશન ડીઝાઈનીંગની તાલિમ આપવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોમાં પોલિટેકનિકના શ્રી આઈ. કે.પરમાર, સંસ્થાના નિયામક ફા. જોસેફ અપ્પાઉ સામાજિક સેન્ટરના ઈનચાર્જ સિ. દિવ્યા હાજર રહ્યાં હતાં. દરેક યુવતીનું ઈન્ટર્વ્યુ લેવામાં આવ્યું હતું. આ તાલિમ પછી બહેનો એક જ દિવસમાં ૨૦૦ થી ૫૦૦ રૂપિયાની આવક ઉભી કરે છે. આથી બહેનોની આર્થિક સ્થિતિ સુધરી છે. પોલિટેકનિકમાં તાલિમ મેળવી ચૂકેલી વિદ્યાર્થીનીઓને ફેશન ડીઝાઈનીંગનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ગામના આગેવાન શ્રી જયંતિભાઈએ પ્રત્યેક વિદ્યાર્થીનીને મશીન લાવવા માટે તાત્કાલિક રૂ. ૧૫૦૦/- આપવાનું સહર્ષ જાહેર કર્યું હતું.

(સુનિતા મેકવાન, નીલા પરમાર અને મીના બી. ખ્રિસ્તી દ્વારા)

### કરમસદ ખાતે સંત જોસફ દિનની નવસંધ્યાભક્તિ

તા. ૧૦ થી ૧૯મી માર્ચ સુધી કરમસદના સંત જોસેફ ચર્ચમાં સંત જોસેફના માનમાં અલગ અલગ ધર્મગુરુઓ દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. ૧૮મી માર્ચના સાંજે બિશપ થોમસે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ૧૯મી માર્ચે સંત જોસફ દિને ફા. મચંક પરમાર, ફા. વેલી અને ફા. પીટર ડીસાએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ફા. મચંકે પ્રસંગોચિત બોધ આપ્યો હતો. ધર્મજનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. (રમણ ગાલ્લુસ મેકવાન દ્વારા)

### અંકલપુરનો સેવાયજ્ઞ

તાડપત્રના રવિવારના આગલા રવિવારે આંકલાવ ખાતે ભરાતા અંકલપુરના મેળામાં નડિયાદ લીજીયન ઓફ મેરી મંડળના સભ્યો શ્રી કનુભાઈ એસ. વાઘેલા અને તેમની ટીમે તેમના ગ્રુપલીડર શ્રી હસમુખભાઈ પરમારની કાર દ્વારા નાપાડ ગામના બસ સ્ટેન્ડે બેઠક ગોઠવીને; મેળામાં પગપાળાં જતાં ભક્તો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા

તેઓએ જાતે જ કરી હતી. રાત્રી જેમ જેમ જામતી જતી હતી તેમ તેમ ભક્તોનો પ્રવાહ વધતો જતો હતો. યુવાન-યુવતીઓના ટોળેટોળાં અમદાવાદ, બોચાસણ, વડતાલ, મંજીપુરા, વટવા, નડિયાદ, મોગર, વઘાસી, જીંટોડિયા વગેરે જગ્યાઓએથી આવતાં હતાં. તેમના સેવા કેમ્પની જેમ જીસસનગર, જીંટોડિયા, નાવલી ગામના યુવાનોએ પણ ભક્તો માટે સેવા કેમ્પ યોજ્યો હતો. જનસેવા તે પ્રભુસેવા.

(કનુભાઈ એસ. વાઘેલા દ્વારા)

## ડાકોર ધર્મવિભાગની ભક્તિયાત્રા

તા. ૨૦-૦૩-૨૦૧૩ના રોજ, તપઋતુ દરમ્યાન ડાકોર ધર્મવિભાગમાં ભક્તિયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરેઠ દીવ્યદયા મંદિરમાં ક્રૂસના માર્ગની ભક્તિ કરી હતી. સલુણમાં દીવ્યદયાના મંદિરમાં ભક્તિ કરી હતી. પેટલાદ, મરિયમપુરા આરોગ્યદાયી માતા મરિયમના મંદિરમાં આરાધના કરી હતી. આમોદ દેવળમાં ખ્રિસ્તયજ્ઞ ફા. આઈઝેકે અર્પણ કર્યો હતો.

(જોસફ પરમાર દ્વારા)

## માઉન્ટ ગિરનાર પર ક્રૂસના માર્ગની ભક્તિ

મૂળ કેરળના પણ ઈ.સ. ૧૯૭૮થી જૂનાગઢનાં ગિરના જંગલમાં વસવાટ કરતાં પ્રસન્નાદેવીથી સહુ પરીચિત છે. પ્રસન્નાદેવી કેથોલિક સાધ્વી છે. તેમનું મૂળ નામ સિ. આન્ના; પરંતુ તેમનાં ગુરુ ફા. દોમિનિકની પ્રેરણાથી 'પ્રસન્નાદેવી' નામ ધારણ કરી છેલ્લાં ૩૫ વર્ષોથી માઉન્ટ ગિરનાર પર ઝૂંપડી બાંધીને, માત્ર પ્રકૃત્તિના આધારે, પ્રાર્થનામય, ભક્તિમય જીવન જીવી રહ્યાં છે. તેમની આ જગ્યા 'આત્મેશ્વર' નામથી ઓળખાય છે. તેમની ઝૂંપડીની બાજુમાં નાનો કૂવો છે; જેમાં ગમે તેવાં કપરાં કાળમાં પણ પાણી ખૂટતું નથી. કૂવાથી થોડે ઉપર જતાં કુદરતી કાળમીંઢપથ્થરોથી બનેલો મા મરિયમનો 'ગ્રોટો' છે. પ્રસન્નાદેવીની સામાન્ય લઘુત્તમ જરૂરિયાતો આત્મેશ્વરની મુલાકાતે આવતાં લોકો પૂરી કરે છે. મુલાકાતીઓમાં મહદ્ અંશે હિંદુઓ હોય છે.

તપઋતુ દરમિયાન જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર તેમજ ચરોતરમાંથી કેથોલિક શ્રદ્ધાળુઓ અહીં આવી ક્રૂસના માર્ગની ભક્તિ કરતાં આત્મેશ્વર સુધી પહોંચે છે. આ વર્ષે પણ ૧૭મી માર્ચના રોજ જૂનાગઢના ફા. વિનોદ કનટની રાહબરી હેઠળ ક્રૂસના માર્ગની ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગરથી અમે પણ ગયા હતાં. સવારના આઠ વાગ્યે તળેટી પાસે સહુ એકઠાં થયાં હતાં. ક્રૂસના માર્ગની ભક્તિ કરતાં કરતાં સવારે દસ વાગ્યે અમે સહુ 'આત્મેશ્વર' પહોંચ્યાં હતાં. પ્રસન્નાદેવીની ઝૂંપડી પાસે, તેમનાં સાન્નિધ્યમાં, ખુલ્લા આકાશ નીચે, વૃક્ષોની છાયામાં ફા. વિનોદે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ત્યારબાદ, ઝૂંપડીની પાસે છાપરા સ્વરૂપે 'ચેપલ'માં પ્રાર્થના કરી, પવિત્ર મારીઆના 'ગ્રોટો'નાં દર્શન કરી, પ્રસન્નાદેવીના મુખેથી તેમના અદ્ભૂત અનુભવો સાંભળી, અમે જીવનમાં કંઈક મળ્યાનો સંતોષ પામી પરત ફર્યાં હતાં.

(આઈ. ડી. પરમાર દ્વારા)

## અખબારના પાને, બ્રધર એબ્રિલ....

પોપ બેનેદિક્ત ૧૬માએ એમના સર્વોચ્ચ પદેથી રાજીનામું આપ્યું. ત્યારથી માંડીને નવા પોપની ચૂંટણી થઈ ત્યાં સુધીમાં મીડીયાએ પોપ વિષે, તેમની ચૂંટણી વિષે, પોપના નિવાસસ્થાન વિષે, વેટિકનસીટી અને સંત પીટર ચર્ચ વિષે રસપ્રદ માહિતી પીરસી હતી. ૨૦મી માર્ચના ગુજરાત સમાચારની 'નેટવર્ક' કટારમાં બ્રધર એબ્રિલનો ઉલ્લેખ કરતાં લખ્યું છેઃ 'વિશ્વભરના એકસો પંદર કાર્ડિનલો, પોપ સાહેબની ચૂંટણીમાં ભાગ લેવા વેટિકન સીટીમાં આવે છે. આ કાર્ડિનલોની સભાના વ્યવસ્થાપક સ્પેનના કાર્ડિનલ સાંતોસ એબ્રિલ છે અને એમના નાનાભાઈ બ્રધર એબ્રિલ હાલ ગુજરાતના આણંદમાં છેલ્લાં પચ્ચાસ વર્ષથી સેવા આપી રહ્યાં છે. બ્રધર એબ્રિલ પ્રિન્ટીંગ ટેક્નોલોજીના વિશ્વકક્ષાએ નિષ્ણાત છે. લાંબા સમયથી આણંદ પ્રેસમાં મેનેજર તરીકેની સેવા આપી હાલ નિવૃત્તિમાં લોકોની સેવા કરે છે. ૮૧ વર્ષના બ્રધર એબ્રિલ ભલભલા જુવાનિયાને શરમાવે એવી ધગશ-સ્ફૂર્તિ ધરાવે છે. ગુજરાતી ભાષા પર એમનો આશ્ચર્યજનક કાબુ છે.'

બ્રધર એબ્રિલને આપણાં સહુના અભિનંદન!

(રમણ મેકવાન દ્વારા)

## ICPAની ૫૦મી વાર્ષિકસભા અને રાષ્ટ્રીય સંમેલન

ઈન્ડિયન કેથોલિક પ્રેસ એસોસિયેશન (ICPA)ની ૫૦મા વર્ષની વાર્ષિક સભા યોજાઈ હતી. ૦૨-૦૩-૨૦૧૩ના રોજ રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જેનો વિષય હતોઃ માધ્યમો અને આક્રમક જનપ્રતિભાવ. ICPAના પ્રમુખ ફા. એડોલ્ફ વોશિંગટને ઉપસ્થિત સભ્યોને આવકાર્યાં હતાં. મંત્રીશ્રીએ ગતવર્ષની સામાન્યસભાનો અહેવાલ રજૂ કર્યો હતો જેને ઉપસ્થિત સભ્યોએ બહાલી આપી હતી. ખજાનચીએ રજૂ કરેલ ICPAનો હિસાબો પાસ કર્યા પછી ઠરાવ કરાયો હતો કે સંસ્થાના ઈન્ટરનલ ઓડિટર તરીકે ફા. વર્ગીસ પોલ ફરી ચાલુ રહે અને એક્સટર્નલ ઓડિટર તરીકે થોમાસ એન્ડ કું. ચાલુ રહે.

ત્યારબાદ, નવા હોદેદારોની ચૂંટણી થઈ હતી. જેમાં પ્રમુખ તરીકે ફા. આલ્ફોન્સ એસ.એસ.પી., ઉપપ્રમુખ તરીકે માથીઆસ પ્લોથોટ્ટમ, સેક્રેટરી તરીકે શ્રી જોસ વિન્સેન્ટ ચૂંટાયાં હતાં. પશ્ચિમ પ્રદેશના પ્રતિનિધિ તરીકે ફા. વર્ગીસ પોલની બિનહરીફ વરણી થઈ હતી. ICPAના મુખપત્ર સાર ન્યુઝની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં સભ્યોએ જણાવ્યું હતું કે આ ન્યુઝ

એજન્સીની ખાસ જરૂર હોવાથી તે ચાલુ રહે તેવો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ICPAનું પચાસમું વર્ષ હોવાથી સુવર્ણજયંતી ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તમામ કેથોલિક તંત્રીઓ તેમાં સંકળાય અને આ પ્રસંગે એક સ્મરણિકા, પણ બહાર પડે તેવું નક્કી થયું હતું. આ પ્રસંગે કેટલાંક સભ્યોએ દાન આપવાનું વચન આપ્યું હતું. જોસ કવિએ ICPAને ફેસબુક પર મૂકવાનું સૂચન કર્યું હતું, જેનો તમામ સભ્યોએ સ્વીકાર કર્યો હતો અને તેમને તે કાર્ય માટે આગળ વધવા જણાવ્યું હતું. ગુજરાતમાંથી ફ્રા. વર્ગીસ પોલ, રમણ મેકવાન, રોમાન ભાટિયા અને સાયમન પરમારે આ સભામાં હાજરી આપી હતી.

(ફ્રા. વર્ગીસ પોલ એસ.જે. અને સાયમન પરમાર દ્વારા)

## સી.ટી.એમ.માં તપઋતુની સાધના

સી.ટી.એમ. ધર્મપ્રાંતમાં ઈનચાર્જ ફ્રા. જેશુકની દ્વારા તપઋતુ દરમ્યાન જુદીજુદી ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તા. ૨૪/૦૨એ સિનિયર સીટીઝનની રચના કરવામાં આવી, તા. ૦૧/૦૩ના પ્રથમ શુક્રવારે ધર્મજનોને સુણાવ તથા આંકલાવ રીટ્રીટ માટે લઈ જવામાં આવ્યાં, તા. ૧૦/૦૩એ અ'વાદ ધર્મપ્રાંત અને ગાંધીનગર ધર્મપ્રાંતના ચૌદ ચર્ચમાં ચૌદ સ્થાનોની ભક્તિ કરવામાં આવી હતી. આમ, પાસ્ખાપર્વ સુધી વિવિધ કાર્યક્રમો, પ્રાર્થનાઓ વગેરેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પાસ્ખાપર્વના દિવસે, ફ્રા. જેશુકનીએ સહુને અંતરથી પાસ્ખાપર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

(પોલ વિલ્યમ મેકવાન દ્વારા)

## દીપ ડોન બોસ્કો ડાકોર, દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઊજવણી

૮મી માર્ચ, ૨૦૧૩ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે દીપ ડોન બોસ્કો, ડાકોરના ડાયરેક્ટર ફ્રા. આઈઝેક એસ.ડી.બી. અને સહકાર્યકર્તાઓ દ્વારા મહિલાદિનની ઊજવણી કરવામાં આવી હતી. આના ભાગરૂપે ડાકોરથી તાલુકા મથક ઠાસરા અને સમગ્ર ડાકોર વિસ્તારમાં સુત્રોચ્ચારો કરીને ભવ્ય રેલી કાઢીને બહેનો દ્વારા મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે પધારેલ ખેડા જીલ્લા મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી એસ.વી. સ્મિતાને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં નીચેની બાબતોનો સમાવેશ થતો હતો. (૧) ઘરેલું હિંસા અધિનિયમન ૨૦૦૫ અન્વયે તાલુકા કક્ષાએ પ્રોટેક્શન અધિકારીની નિમણૂંક કરવી અને સોશ્યલ સિક્યોરીટી પ્રોવાઈડર સંસ્થાની સ્થાપના કરવી. (૨) પોલીસ અને સરકારી અધિકારીઓ દ્વારા ઘરેલું હિંસા અધિનિયમન ૨૦૦૫નું જાગૃત અભિયાન શરૂ કરવું. (૩) મહિલા સુરક્ષા હેલ્પ લાઈન શરૂ કરવી. (૪) મહિલાઓ ઉપર થતાં અત્યાચારોમાં સંડોવાયેલાં ગુનેગારો ઉપર કાયદાકીય સમયસરના યોગ્ય પગલાં ભરવાં, વગેરે.

સ્કૂલના કાર્યની ઝાંખી કરાવતાં પુસ્તકનું મહિલા પી.આઈ. શ્રીમતિ સિમ્પી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. બપોરના ભોજન બાદ સિ. મંજુલા, એડવોકેટ, ન્યાયદર્શન વડોદરાએ સ્ત્રી સુરક્ષા તથા સ્ત્રીઓના અધિકારો વિષે સુંદર સરળ ભાષામાં પોતાનું વ્યક્તત્ત્વ આપીને બહેનોને પોતાનાં અધિકારોથી સુમાહિતગાર કર્યા હતાં. ઠાસરા તાલુકાના વિંઝોલ, મરડિયા, ગોળજ અને હરિપુરા ગામની બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ ઉજવણીમાં ફ્રા. ઈગ્નાસ, ફ્રા. મયંક, બ્ર. ટોની. સિ. મારિયા, સિ. એનરોઝ, બ્ર. જસ્તુસ, બ્ર.એન્થોની સામાજીક કાર્યકરો, શાળાના શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

(બ્ર. એન્થોની દ્વારા)

## ગોધરા ધર્મપ્રાંતનો પાસ્ખાપર્વ

તપઋતુ દરમ્યાન ગોધરા ધર્મપ્રાંતના ધર્મગુરુ ફ્રા. જોસ વાયલીલના પ્રયત્નોથી માર્ચની પહેલી-બીજી તારીખે ફ્રા. લુઈસની રીટ્રીટ યોજાઈ હતી જેમાં શ્રદ્ધાળુઓએ ઉમંગથી ભાગ લીધો હતો. પવિત્ર ગુરુવારે પ્રભુભોજન બાદ વિવિધ વિસ્તારોમાં આરાધના રાખવામાં આવી હતી. ગુડફ્રાઈડેના દિવસે ક્રૂસના માર્ગની ભક્તિ પહેલાં; એ સંદર્ભવાળી લઘુ નાટિકા શ્રી. પાઉલભાઈ અને શ્રી. રાજેશભાઈની દોરવણી હેઠળ યુવાનોની ટીમે ભજવી હતી. સદ્‌વિચાર પરિવારના ભાઈઓ પણ આ ભક્તિમાં જોડાયાં હતાં. પાસ્ખા જાગરણની રાત્રિએ બેબીલેન્ડથી ચર્ચ સુધી સળગતી મીણબત્તી હાથમાં લઈને સરઘસરૂપે શ્રદ્ધાળુઓ ચર્ચમાં પ્રવેશ્યાં હતાં. સભાપુરોહિતે ધર્મોપદેશમાં જણાવ્યું હતું કે, 'આપણે સળગતી મીણબત્તીના સરઘસ દ્વારા અનુભવ્યું કે હવે અંધકાર દૂર થયો છે. આપણે પ્રકાશના સંતાનો તરીકે પ્રકાશમાં જીવીએ છીએ. આથી જ દુનિયાના દીવા બનીને બીજાને પ્રકાશ આપીને પ્રભુઈસુના પ્રેમ અને પ્રકાશનો સાચેસાચ એકબીજાને અનુભવ કરાવીએ અને એ રીતે આપણું ખ્રિસ્તીજીવન સાર્થક બનાવીએ.'

(જીમી માથીઆસ દ્વારા)

## મહિલાદિન નિમિત્તે ગોધરામાં વિશાળ રેલી અને સભા યોજાઈ

૮મી માર્ચ, ૨૦૧૩ના રોજ આંતરરાષ્ટ્રી મહિલાદિન નિમિત્તે ગોધરા મુકામે પ્લેકાર્ડ અને બેનરો સાથેની શાંત જાહેર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગોધરા શહેરના ગણમાન્ય સંગઠનો, એન.જી.ઓ., વિવિધ સ્કૂલો, હિન્દુ, મુસ્લીમ, શીખ, ખ્રિસ્તી, નિરંકારી ભુવન, બ્રહ્માકુમારી, જૈન સમાજ, વ્હોરા સમાજ વગેરે સંપ્રદાયના લોકો, કલરવ, ઈકબાલ અને સેંટ આર્નોલ્ડ સ્કૂલ, કોમર્સ કોલેજ, વિવિધ ખ્રિસ્તી મંડળીઓ, એમ ૨૪ જેટલી સંસ્થાઓ પોતાના બેનર્સ લઈને એક નેજા હેઠળ

રેલીમાં જોડાઈ હતી. પંચમહાલના ક્લેક્ટર શ્રીમતી મનીષાચંદ્રાએ રેલીને લીલી ઝંડી બતાવીને બપોરના ૩:૩૦ કલાકે સરદારનગરખંડથી પ્રસ્થાન કરાવ્યું હતું. સાથે તેઓ પોતે પણ તેમાં જોડાયાં હતાં. સૌથી આગળ મદ્દેસા સૈફિયા સ્કૂલનું બેન્ડ રેલીની દોરવણી કરતું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને રેલી ગોધરા રેલવે સ્ટેશને, સુંદર સજાવેલાં સમીયાણામાં સભાના રૂપમાં ફેરવાઈ હતી. નર્સિંગ સ્કૂલની બહેનો દ્વારા પ્રાર્થના બાદ મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રીમતી સરોજબેન માથીઆસે મહિલાદિનનું મહત્ત્વ જણાવ્યું હતું. વિવિધ ધર્મોની બહેનો જેમકે નિરંકારી સમાજના સંચાલક વિદ્યાબહેન, બ્રહ્માકુમારીના સારીકાબહેન, ભૂતપૂર્વ નગર પ્રમુખ પ્રેમલતાબેન ગાંધી લાયોનેસ પ્રમુખ દિપીકાબહેન ચોક્સી વગેરેએ નારીનું મહત્ત્વ સમજાવી પ્રસંગોચિત્ત સુંદર વક્તવ્યો આપ્યાં હતાં. ફાધરો, સિસ્ટરો, વિવિધ મંડળીના પાસ્ટરો, રેલવે અધિકારીગણ, સ્ટેશન માસ્ટરો, વગેરેએ રેલીમાં જોડાઈને ગોધરાનું ગૌરવ વધાર્યું હતું. ધર્મગુરુ ફા. જોસ વાયલીલ, પાસ્ટર સેમશન વાઘેલાએ પ્રવચન-પ્રાર્થના કરી હતી. નર્સિંગ વિદ્યાર્થીનીઓએ 'હમ હોંગે કામિયાબ' ગીતના ગુંજનથી વાતાવરણને લક્ષ્યમય બનાવ્યું હતું. ઉદ્‌ઘોષક તરીકે પી.સી.એ ટ્રેઝરર શ્રી વિનુભાઈ હતાં. રેલી દરમ્યાન ઠંડા પાણીની વ્યવસ્થા શ્રી અનિલભાઈ (હાલોલ), શ્રી ઓસ્વાલ્ડ અને આપણા સમાજના હોનહાર તલાટી શ્રી શાંતિલાલે સંભાળી હતી. છેલ્લે, ઠંડા પીણા અને આઈસક્રીમની વ્યવસ્થા એસોસીયેશન દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર રેલી દરમ્યાન શહેર પોલીસે સુરક્ષાની સુંદર વ્યવસ્થા સંભળી હતી અને રેલવેસ્ટેશન પરની સભા દરમ્યાન રેલવે GRP અને RPF સ્ટાફે ખડે પગે સુરક્ષાની વ્યવસ્થા સંભાળી હતી. અંતે, પી.એ, પ્રેસીડેન્ટ શ્રી જસ્ટીન માથીઆસે રેલીમાં જોડાઈ ગોધરા શહેરનું ગૌરવ વધારવા બદલ સહુનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સભાના અંતિમ ચરણમાં રાષ્ટ્રગીત ગાઈને સહુ વિખરાયાં હતાં.

(જીમી માથીઆસ દ્વારા)

## ઈશ્વરની દિવ્યદયાની ધાર્મિક યાત્રા

તા.૯મી અને ૧૦મી માર્ચ, ૨૦૧૩ના રોજ રોઝરી ચર્ચના ધર્મજનો, વિમલાબેન એ. પરમાર સંચાલિત ડેડિયાપાડા, કૌરવી, ઉમરપાડા, ઊનાઈ, પીપરી અને સાપુતારાની ઈશ્વરની દિવ્યદયાની ધાર્મિક યાત્રાએ નીકળ્યાં હતાં. ડેડિયાપાડામાં પ્રથમ અને દ્વિતીય સ્થાનની પ્રાર્થના શ્રી રાજબંધુ જયંતએમ.એ કરાવી હતી. કૌરવી માતાના મંદિરે ત્રીજા અને ચોથા સ્થાનની પ્રાર્થના કરી ફા. બેરેચીના આશીર્વાદ લીધાં હતાં. બીજા દિવસે, રવિવારે ઊનાઈ 'સૃષ્ટિગાન' મંદિરમાં પાંચમા અને છઠ્ઠા સ્થાનની પ્રાર્થના કરી ફા. જોસેફના આશીર્વાદ લીધાં હતાં. ઊનાઈ રાત્રિરોકાણ દરમ્યાન વૈદ્રુના મંડળના સાધ્વી બહેનોએ રાત્રિરોકણની અને ભોજનની સુંદર વ્યવસ્થા પૂરી પાડી હતી. શાળાના આચાર્ય સિ. સુહાસિની અને અન્ય સિસ્ટરોએ યાત્રિકોને ખૂબ સહાય કરી હતી. પીપરી ગામમાં ચાર સ્થાનની ભક્તિ પૂરી કરી ભજનકિર્તન કરી ધાર્મિક યાત્રા સાપુતારા આવી પહોંચી હતી. સેંટ આન્ન ચર્ચમાં છેલ્લાં બે સ્થાનની પ્રાર્થના કરી હતી. સાપુતારાનાં જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી.સાપુતારામાં રાત્રિ ભોજન લઈને પરોઢીએ ચાર વાગ્યે યાત્રા રોઝરી ચર્ચનાં પટાંગણમાં આવી પહોંચી હતી.

(રાજબંધુ જયંત એમ. દ્વારા)

## ધર્મબોધ અને વડોદરા ખાતે તાડપત્રના રવિવારની ઊજવણી

તા. ૧૯-૦૩-૨૦૧૩ના રોજ સંત જોસેફ ચર્ચ, વડોદરાના સભાયાજ્ઞિક ફા. જયંત રાઠોડના નેતૃત્ત્વ હેઠળ નવી-જૂની આશાપુરી, રામવાડી અને સરસ્વતીનગર એ ત્રણેય વિસ્તારના પેરિશ કાઉન્સિલ એબ્રિલભાઈ, વિનુભાઈ અને એલિક દ્વારા માતા મરીયમની ટેકરી ખાતે ફા. લુઈસના ધર્મબોધનું આયોજન રાત્રિના ૯થી ૧૧:૩૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું. ફાધરે પોતાની આગવી શૈલીમાં સુંદર સચોટ ધર્મબોધ આપીને સહુ શ્રદ્ધાળુઓને તરબોળ કરી દીધાં હતાં.

૨૪મી માર્ચે તાડપત્રના રવિવારે ફા.સુરેશ, ફા. જયંત રાઠોડ અને ફા. પેટ્રીક એસ.જે.ની આગવાની હેઠળ તાડપત્રને આશીર્વાદ આપીને સરઘસરૂપે સંત જોસેફ ચર્ચ ખાતેથી શરૂઆત કરીને પ્રાર્થનામય, ભક્તિગીત અને શિસ્તબધ્ધ કતારમાં નીકળીને પ્રભુના જયનાદથી રોડ ગજવી મૂક્યો હતો. અંતે દેવળમાં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો.

(પરમાર એબ્રિલ અરવિંદભાઈ દ્વારા)

## વડોદરામાં ઘેર ઘેર પવિત્રક્રૂસના માર્ગની ભક્તિ

વડોદરાના સંત જોસેફ ધર્મવિભાગમાં સભાપુરોહિત ફા. જયંત રાઠોડના માર્ગદર્શન હેઠળ ટી.પી. ૧૩, વી.એસ. સી. અર્થાત્ કોમ્પેલેક્ષ અને ગોવર્ધન પાર્ક વિ.૧, પેરીશ કાઉન્સિલ શ્રી. પીટર કે. પરમાર દ્વારા તપઋતુ દરમ્યાન ધર્મવિભાગના કુટુંબોમાં ક્રૂસના માર્ગની ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રત્યેક દિવસે રાત્રે અલગ અલગ ઘેર જઈને કુટુંબના સભ્યો સાથે ક્રૂસના માર્ગની ભક્તિ કરવામાં આવી હતી. ૧૪ સ્થાનોનું વાંચન કરવામાં આવ્યું હતું. આ તમામ કુટુંબોમાં ભક્તિનો મહિમા વધ્યો હતો.

(પીટર કે. પરમાર દ્વારા)

## ફાધર ગિરીશ સાન્તીઆગોને આંતરરાષ્ટ્રીય એવોર્ડ

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઓફ વિઝયુઅલી ઈમ્પેર્ડ (ICEVI) અને ડેફ-બ્લાઈન્ડ ઈન્ટરનેશનલ (DBI)આ બંને વૈશ્વિક સંગઠનો વિશ્વના નેત્રહીનો અને બધિરો

માટે કાર્યરત છે. બંને સંગઠનોના ઉપક્રમે તા. પાંચમી થી સાતમી એપ્રિલ ૨૦૧૩ દરમ્યાન અમદાવાદમાં, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનમાં, સંયુક્ત એશિયન કોન્ફરન્સનું આયોજન થયું હતું. વિશ્વના દરેક ભાગમાંથી આવેલાં લગભગ ૪૨૫ કેળવણીકારો અને વહીવટકર્તાઓ જેઓ મોટેભાગે વિકલાંગ લોકો માટે કામ કરે છે. તેમણે આ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. 'સંમિલિત ભવિષ્યના પંથે'એ આ કોન્ફરન્સમાં ચર્ચા માટેનો વિષય હતો. વિકલાંગ લોકો માટે હંમેશ સેવા આપતા ફાધર ગિરીશે આ કોન્ફરન્સમાં હાજરી આપી હતી. ફાધર ગિરિશને તેમણે કરેલા બ્રેઈલમાં ગુજરાતી બાઈબલ (નવો કરાર)ના કાર્ય માટે ICEVI એન્ડ DBI એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અમદાવાદના અંધજન મંડળ (BPA)ના ડો. ભૂષણ પુનાનાઈ અને શ્રીમતી નંદિની રાવલે ફાધર ગિરિશની સેવાઓને બિરદાવી હતી. આ ગૌરવપ્રદ એવોર્ડ મેળવવા માટે ફાધર ગિરિશને અભિનંદન. (દૂત દ્વારા)

## 'જોસેફ મેકવાનની સાહિત્યસૃષ્ટિ'- સેમિનાર સંપન્ન

તા. ૨૦-૦૩-૧૩ના રોજ ગુ. સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મ્યુનિ. આર્ટસ એન્ડ અર્બન સાયન્સ કોલેજ, મહેસાણાના સંયુક્ત ઉપક્રમે 'જોસફ મેકવાનની સાહિત્ય સૃષ્ટિ' વિષય પરનો પરિસંવાદ મહેસાણાની કોલેજમાં સાહિત્યકારો શ્રી. મણિલાલ હ. પટેલ અને ડો. કેશુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણાના શ્રી અનિલભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. મુંબઈના સમાજસેવી કિશોર મારવાડીએ તેમના જીવનમાં લેખકના પ્રદાન વિષે વાતો કરી હતી. જોસેફ મેકવાનના જ્યેષ્ઠપુત્ર અને ના. સચિવ (નાણાં વિભાગ) ચંદ્રવદન મેકવાને દારૂણ બાલ્યકાળની વચ્ચે તેમના પિતાએ વેઠેલ યાતનાઓને તાદ્રશ્ય કરી, પુત્ર હોવાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું. કમિ. ઓફ સ્કૂલ્સના જો. ડાયરેક્ટર શ્રી ઈ.પી. દેસાઈએ પ્રસંગોચિત વાતો કરી હતી.

ત્રણ સત્રમાં યોજાયેલાં આ પરિસંવાદમાં ડો. ભરત પંડ્યા, પ્રો. જયંત ઉમરેઠિયા, ડો. સુનિલ જાદવ, ડો. રતિલાલ રોહિતે ઉપરોક્ત વિષયપરનાં અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપ્યાં હતાં. ત્રીજા સત્રના અધ્યક્ષ ડો. કેશુભાઈ દેસાઈ અને મણિલાલ હ. પટેલે લેખક સાથેના તેમના અંતરંગ સંબંધોની રસપ્રદ વાતો કરી હતી. વિશ્વગ્રામના શ્રી. સંજયભાઈ, રાજકોટના સં. માહિતી નિયામક શ્રી નટુભાઈ પરમાર, ગુજરાતી વિભાગના અધ્યાપકો, ભાવકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

(ચન્દ્રવદન મેકવાન દ્વારા)

## નવદિક્ષિત ધર્મગુરુ ફા. ડેવીડ પરમાર એ પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો

તા છઠ્ઠી એપ્રિલના શનિવારે આરોગ્ય માતા, મરિયમપુરા ખાતે બિશપ થોમાસના વરદહસ્તે બ્રધર ડેવીડ પરમારને દિક્ષા પ્રાપ્ત થઈ હતી. ગુજરાતની ધર્મસભાને વધુ એક નવદિક્ષિત ધર્મગુરુ મળ્યા છે.

તા. ૭મી એપ્રિલના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે માદરેવતન કરમસદમાં, સંત જોસફચર્ચના પટાંગણમાં, કરમસદના પનોતાપુત્ર ફા. ડેવીડ થોમાસ પરમારના હસ્તે ધર્મગુરુની દિક્ષાવિધિ બાદ પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. લૂર્ડસ મેરી ચોકથી ભવ્ય સરઘસ, બેન્ડવાજા સાથે ભક્તિગીતો ગાતાં ગાતાં હર્ષ પામતાં શ્રદ્ધાળુઓ આનંદથી ઝૂમી રહ્યાં હતાં. ફા. ડેવીડ સાથે તેમના વ્હાલસોયાં માતા ડાહીબહેન અને નાની ભત્રીજીએ બગીમાં સ્થાનગ્રહણ કર્યું હતું. માર્ગમાં લોકોનું અભિવાદન ઝીલતાં-ઝીલતાં, મુબારકબાદી બે હાથ જોડીને સ્વીકારતાં બગી શાળાના પટાંગણમાં આવી પહોંચી હતી. નાનીબાળાઓએ નૃત્યગીત દ્વારા નવદિક્ષિત ફા. ડેવીડ પરમાર, સભાપુરોહિ ફા. વેલી, ફા. પીટર, ફા. મયંક, સિસ્ટરો, બ્રધરો અને સર્વધર્મજનોને આવકાર્યા હતાં.

ફા. સંદિપે જણાવ્યું કે અ'વાદ ધર્મપ્રાન્તને એક સાચો રખેવાળ પ્રાપ્ત થયો છે. યશોગાન ગવાયાં. અર્પણવિધિમાં નવદિક્ષિત ફાધરના પરિવારજનોએ અલગ અલગ વસ્તુ પ્રભુને અર્પણ કરી, અરજમાળા વંચાઈ, મુખ્ય પુરોહિત, ફા. ડેવિડ પરમાર, ફા. વેલી, ફા. પીટર ડિસા અને ફા. મયંક પરમાર અર્પણવિધિમાં સાથે રહ્યાં હતાં.

પ્રથમ વાર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતા ફા. ડેવીડની ભત્રીજી નિશિતાને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર અપાયો હતો તેમની સાથે તેમના પિતા પ્રવિણભાઈ, માતા જોનીટાબહેન, નાની બેબી વિધિ તથા દાદી ડાહીબહેન એકજ કતારમાં ઊભાં હતાં.

છેલ્લે, ફૂલોના હારોની વચ્ચે ફાધરનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. ફાધરની ભત્રીજી નિશિતાનો આજે જ જન્મદિવસ હોવાથી બર્થ ડે ગીત ગાઈને તે ઊજવ્યો હતો. કરમસદ શાળાના પટાંગણમાં સ્નેહભોજન રાખવામાં આવ્યું હતું. (મેકવાન રમણ ગાલ્લુસ દ્વારા)

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. નારણભાઈ અમથાભાઈ પરમાર**

જન્મ: ૧૪-૦૧-૧૯૨૪ ● અવસાન: ૦૪-૦૫-૨૦૧૨

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. રમેશ એન. પરમાર તથા સમસ્ત પરિવાર**

"નિર્મલ", નૈરોબી સોસાયટી, ભાગ્યોદય પાછળ, આઈ.જી. માર્ગ, નડીઆદ - ૩૮૭૦૦૨

# GPSC ક્લાસ ૧ અને ૨ની પ્રિલિમ પરીક્ષાની પૂર્વતૈયારી માટેની ગ્રીષ્મ શિબિર

(જીવનની ઘડિયાળને એક જ વાર ચાવી આપી શકાય છે અને એનાં કાંટા ક્યારે ચાલતાં બંધ થઈ જશે તે કોઈ જાણતું નથી. આજે જ જીવો, આજે જ ચાહો, આજે જ થાય તેટલું કામ કરી લો, આવતીકાલે કદાચ ઘડિયાળ બંધ પણ પડી જાય કાં તો કશુંક કરી બતાવવા માટે જીવી જવાનું હોય છે; કાં તો કશું કર્યા વિના મરી જવું પડે છે.)

મારા પપ્પા (બિપિનભાઈ આઝાદ)ના પરમમિત્ર શ્રી ગોવિંદભાઈ રાવલ (માજી વાઈસ ચાન્સેલર, ગૂજરાત વિદ્યાપીઠ)ની સત્તાવનએકરમાં ફેલાયેલી; ઔષધીય વૃક્ષોથી આચ્છાદિત, ગાંધીયનસંસ્થા વિશ્વમંગલમ્, અનેરા (હિંમતનગર) ખાતે હવે અંદાજે ઓગસ્ટ મહિનામાં આવનારી GPSCની ક્લાસ ૧ અને ૨ની કુલ ૭૦૦ જગ્યાઓની ભરતી માટેની પરીક્ષાની સઘન પૂર્વતૈયારી માટે મે મહિનામાં પંદરદિવસીય નિવાસી ગ્રીષ્મ શિબિરનું આયોજન **શ્રી. રાજુલભાઈ બિપિનભાઈ આઝાદે** (મો. ૯૯૨૪૮૯૮૫૯૪) કરેલું છે.

**આ શિબિરમાં :**

**(૧)** વિદ્યાર્થીઓને રહેવાની સ્વચ્છ, સુંદર અને સુરક્ષિત વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે.

**(૨)** ઉત્તમ વિષય નિષ્ણાતો દ્વારા અંદાજિત નવા સિલેબસ પ્રમાણેની GPSCની પ્રિલિમ પરીક્ષાની સઘન તૈયારી; રોજના કુલ નવ કલાકનું શ્રેષ્ઠ શિક્ષણ આપીને કરાવવામાં આવશે. દરરોજ ટેસ્ટ લેવામાં આવશે, ઘરકામ આપવામાં આવશે. (ચાલુ વર્ગોએ મોબાઈલ ફરજીયાતપણે બંધ રાખવો)

**(૩)** GPSCનું સંપૂર્ણ પરીક્ષાલક્ષી ઉપયોગી મટીરીયલ 'ફ્રી' આપવામાં આવશે.

**(૪)** જે વિદ્યાર્થીઓ પાસે લેપટોપ હોય તે સાથે લાવી શકે છે, શિબિર દરમ્યાન ઉપયોગી થશે. પોતાની પેનડ્રાઈવ લાવવી.

**(૫)** શિસ્તનો આગ્રહ રાખવામાં આવશે કારણ કે જ્યારે આપણે ઉચ્ચ હોદ્દાઓ પર જવું હશે તો મહેનત પણ ઊંચી જ કરવી પડશે. આખા રાજ્યના હોંશિયાર અને સિન્સીયર વિદ્યાર્થીઓ સાથે જ્યારે તમે સ્પર્ધામાં ઊતરો છો ત્યારે તમારે પણ સિન્સીયરીટી દાખવવી પડશે. મિત્રો, સારા ભવિષ્ય માટે અત્યારે જ પુષ્કળ મહેનત કરવી ખૂબ જ જરૂરી છે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. સફળતાનો કોઈ શોર્ટકટ નથી.

**(૬)** નજીકના ભવિષ્યમાં જ આવી રહેલી સબ રજીસ્ટ્રારની પરીક્ષાનું અત્યંત ઉપયોગી, પરીક્ષાલક્ષી મટીરીયલ 'ફ્રી' આપવામાં આવશે. (નોંધઃ ૧૦મી માર્ચના રોજ આણંદ ખાતે ગોઠવેલ સેમિનારમાં આ મટીરીયલ 'ફ્રી' વહેંચવામાં આવ્યું હતું.)

**(૭)** વિશ્વમંગલમ્‌ના ધમધમતાં રસોડે સવારે ચા-કોફી (રૂચી પ્રમાણે) અને નાસ્તો (ગરમાગરમ ઈડલી-સંભાર, મેંદુવડાં, ઉપમા, હાંડવો, ચણા-બેસનના બટર-કાંદા-પૂડલાં, બટાટાવડાં, બટાટા પૌંઆ, સેવઉસળ, લાઈવ ઢોકળાં, બ્રેડ-બટર વગેરે) અનલિમિટેડ આપવામાં આવશે. બપોરનાં ભોજનમાં બે લીલોત્તરી શાક, એક કઠોડ, પૂરી/રોટલી, દાળ-ભાત, પુલાવ-કઢી, પાપડ, અથાણું, સલાડ, મસાલા છાશ વગેરે આપવામાં આવશે. જ્યારે સાંજના ભોજનમાં મસાલા ખીચડી. સાદી ખીચડી, કાઠીયાવાડી કઢી, ચટાકેદાર શાક, ભાખરી, થેપલાં, પરોઠા-સબ્જી વગેરે આપવામાં આવશે. વધુમાં, એકાંતરે ચાઈનીઝ-પંજાબી ભોજન અને રત્નાગીરી હાફૂસ કે કેસર કેરીનો રસ પીરસવામાં આવશે. સાંજે ફક્ત ચા-કોફી આપવામાં આવશે. (ભોજન સંપૂર્ણતઃ શાકાહારી જ રહેશે)

**(૮)** લોકર અને લોન્ડ્રીની 'ફ્રી' સગવડ આપવામાં આવશે.

**(૯)** અંગત રીતે હું માનું છું કે વ્યક્તિમાં માનવતાની ક્ષિતિજોનો સતત વિસ્તાર થવો જોઈએ. આથી પાર્ટીંગ ગીફ્ટ તરીકે એ પ્રકારની અદ્‌ભુત પાંચ ઓડિયો-બુક ગીફ્ટમાં આપવામાં આવશે.

**(૧૦)** UPSC (IAS, IPS etc), GPSC, SSC, RRB, GSSS, NDA, CDS જેવી પરીક્ષાઓની વિનામૂલ્યે તૈયારી કરવા માટે ૯૦૦૦ પેઈજનો દળદાર 'ફ્રી' બ્લોગ ખાસ આપને માટે તૈયાર કરવામાં આવ્યો છે. જે માટે પણ આપ મારો સંપર્ક સાધી શકો છો.

**(૧૧)** અલગ અલગ ક્લાસીસનું સ્પર્ધાત્મક પરીક્ષાઓનું સંપૂર્ણ મટીરીયલ ઝેરોક્ષ ભાવે ઘેર બેઠાં મેળવવા માટે પણ મારો સંપર્ક સાધો.

**(૧૨)** ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર'નો નિયમિત સળંગ પંદર દિવસનો અભ્યાસક્રમ રાખે છે આપને જો તેમાં ભાગ લેવો હોય તો પણ મારો સંપર્ક સાધી શકો છો.

**નોંધઃ** બેંકો (SBI અને અન્ય)ની કુલ ૬૬,૦૦૦ જગ્યાઓ જેમાં SBIના ક્લાર્કની ૧૯,૦૦૦ જગ્યાઓ હાલમાં જ આવી રહી છે, રેલ્વેની જગ્યાઓ, જીલ્લા પંચાયતમાં તલાટીની ૧૮૦૦ જગ્યાઓ, ગૌણ સેવા પસંદગીની વગેરેની ભરતી ટૂંક સમયમાં આવી જ રહી છે. આ અર્થે લાગણીથી ધબકતાં ક્રિશ્ચિયન યુથને સહાયરૂપ થવા માટે અમે કટ્ટીબધ્ધ છીએ.

"અડધું ઈશ્વર કરશે
અડધું ચલો, આપણે કરીએ"

# લગ્ન જીવનની ૫૦મી સુવર્ણ જયંતી

## શ્રી જોન બેડા પરમાર અને સવિતા જોન પરમાર

**લગ્ન તા. ૧૬-૦૫-૧૯૬૩**




પચાસવર્ષના પ્રસન્ન દાંપત્ય જીવનની અમૂલ્ય ભેટ પ્રભુએ તમને આપી છે તે બદલ પ્રભુપિતાનો ખૂબખૂબ આભાર. પચાસ વર્ષ દરમિયાન તમે પણ સુખ દુઃખના પ્રસંગો અનુભવ્યા હશે. બન્ને વચ્ચે રિસામણા, મનામણા થયા હશે. સમાધાન કરવાની અને સહન કરવાની તમે ખૂબજ કાળજી લીધી હશે.

લગ્ન વેદી તથા હજારો માણસોની મેદની આગળ તમે એકબીજાને આપેલું વચન **"સુખમાંને દુઃખમાં, તંદુરસ્તી અને માંદગીમાં અમે એકબીજાને વફાદાર રહીશું"** એ તમે અક્ષરસહ પાળી બતાવ્યું છે.

તમારું પ્રાર્થનાભર્યું જીવન પ્રભુ તરફની તમારી અખૂટ અને અતૂટ શ્રદ્ધા, આસ્થા, વિશ્વાસ અને ભરોસો ખરેખર અભિનંદનીય છે. અને એનું જ આ પરિણામ છે એવું લાગે છે.

**તમારા આ બાળકોને પણ અભિનંદન જેમની લગ્નતારીખો પણ ૧૬મી મે છે.**

૧) ચિ. પલ્લવી - મનુ   ૨) ચિ. ભાવના - એડવીન   ૩) ચિ. શિલ્પા - કનુ

**આપને સહૃદય અભિનંદન આપતા આપનાં બાળકો**

* પલ્લવી - મનુ, પ્રિન્કલ, કેરોલ, પેરીક * સમીર - મનીષા, નોયેલ, નિશા, * ભાવના - એડવીન, એરોન
* શિલ્પા - કનુ * કીર્તિ - હિતેશ, ઈશીતા * પ્રકાશ - રેખા, જય, જોયસી *



"સીમા" ૬, સેન્ટ જોસેફ સોસાયટી, મિશન રોડ, કરમસદ - ૩૮૮૩૨૫
મો.નં. ૯૭૩૭૦ ૭૧૮૯૩



શ્રદ્ધાંજલિ
પ્રીતિબેન ડી. વાઘેલા
૦૧/૦૯/૧૯૮૭ - ૦૮/૦૩/૨૦૧૩
નાચતાં.... કૂદતાં આપનાં પગરવ હજુ અમારાં કર્ણપટલમાં રણઝણે છે.
સદ્‌ગુણોરૂપી રંગોની રંગોળી હજુ અમારા શાળાપટાંગણમાં રંગાયેલી છે.
આપના સ્નેહભર્યા સહકારના સ્મરણો હજુ અમારા સ્મૃતિપટલ પર ઝળહળે છે.
અરે! પ્રીતિબેન, રહેવાને સદા દુનિયામાં કોઈ આવતું નથી પરંતુ તમે ગયા
એવું કોઈ જતું નથી. વિદાય એવી લીધી કે મન હજુ માનતું નથી...
ઘણીવાર તો " ઓ... પ્રીતિબેન " એમ બૂમ પણ પડાઈ જાય છે.
ખેર પ્રભુને ગમ્યું તે ખરું.
પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
આર. સી. મિશન
અને
સેન્ટ ઝેવિયર્સ શાળા પરિવાર
ખંભાત.

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જોસેફભાઈ પીટરભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૩-૧૯૬૫

અવસાન: ૧૯-૦૫-૨૦૧૨

આ સંસાર રૂપી સાગરમાં ઘણાં સારા માઠાં અવસર આવ્યા તેનો તમે ઘણીજ હિંમતથી સામનો કર્યો. જીવનભર કઠોર પરિશ્રમ કરી સાદગીભર્યુ જીવન જીવી અમને સુખ શાંતિ આપતાં ગયા. આ તમારી ઉદારતા, કુટુંબ પ્રત્યેનો પ્રેમ અને નિખાલસ સ્વભાવ અમારા હૈયામાં કાયમ માટે રહેશે.

તમારા દિવ્ય આત્માને પરમપિતા શાંતિ બક્ષે એજ અમારી અંતરથી પ્રાર્થના.

**તમારી પત્ની**

**પુષ્પા જોસેફ પરમાર**

**બાળકોઃ નેલ્સન, વેલેન્સ**

ઘર નં. ૮ A, પ્રેસકોલોની, આણંદ

**આભારઃ** અમારા પપ્પાની માંદગીથી માંડી અંતિમ વિદાયની ક્ષણો તેમજ શ્રદ્ધાંજલિ અર્થેની પ્રાર્થનાસભા દરમિયાન ઉપસ્થિત રહી અમોને સાથ-સહકાર અને હૂંફ પૂરાં આપનાર સર્વ ફાધરો, સિસ્ટરો તેમજ સ્વજનો અને પ્રેસ કોલોનીના દરેક સભ્યોનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

# તૃતીય વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. મેથીઅસ રાફાએલ જોબ**

આલોક આગમન: ૨૪-૦૧-૧૯૪૩

સ્વર્ગે પ્રયાણ: ૧૧-૦૫-૨૦૧૦

હે કૃપા સાગર પિતાજી,
નાથ; જડચેતન તણાં... હે કૃપા
તેં નથી રાખી મારા જીવનમાં મણાં... હે કૃપા
સાંભળુ, સ્પર્શું તને હું પ્રાણ ચેતન તણાં
આગળાને આ હુલાળા ખોલ મમ દૃષ્ટિતણાં હે કૃપા
કોક ગભરૂં બાળને તું પાંખમાં પંપાળતો,
ક્રૂર સાગરના ભરવને ક્ષાર દઈને ઠારતો
હે કૃપા સાગર પિતાજી,
નાથ, જડચેતન તણાં

(રચયિતા: સ્વ. મેથિઅસ જોબ)

**લિ.**

**ઈલિઝાબેથ (એલીસા) મેથીઅસ જોબ (અમદાવાદ)**
**પ્રશાંત - રીના જોબ (અમદાવાદ)**
**અમોલ - પાયલ જોબ (અમદાવાદ)**
**સ્નેહા - અજય સેસિલ્યા (અમદાવાદ)**
**રાજલ જોબ સિધ્ધાર્થ સીંગ (USA)**
**શાઈની - એરિન - શાર્લિન - સ્ટીવ**
**સમસ્ત દુ:ખી પરિવાર**

૯૮/૭૮૯, નિર્મલ એપાર્ટમેન્ટ, B.R.T.S. સામે,
જયમંગલ સોસાયટી સામે
નારણપુરા, રીંગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૬૩
ફોન: ૨૭૪૫૫૭૦૦

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## સ્વ. હિતેશકુમાર જેરામભાઈ મકવાણા

જન્મ: ૦૮-૦૫-૧૯૭૩

અવસાન: ૧૨-૦૫-૨૦૧૨



સમય પહેલાં સૂર્યાસ્ત થઈ ગયો,
ક્ષણભરમાં અંધકાર છવાઈ ગયો,
નજર સમક્ષ કાયમ છબી જોવાની રહી,
સૌનો છોડ્યો સાથ ઓચિંતી લીધી વિદાય,
ક્યાં જઈશું? કોને કહીશું?
અમારા અંતરની વાત
એની તમારે શી જરૂર પડી?
પ્રભુ તમારા દિવ્ય ખજાનામાં
ક્યાં ખોટ હતી કે
અમારા ખજાનામાં લૂંટ કરી!
તું જ્યાં હો, ઈશ્વર તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે.

**લિ. તારી દુ:ખીયારી બહેનો**



**થોમાસ એસ. પરમાર**
**સ્મિતા થોમાસ પરમાર**
**રીતુ થોમાસ પરમાર**
**કેતુલ થોમાસ પરમાર**
(કૃષ્ણ નગર, ગામડી)

**મહેશ વિલિયમ બેડવાવાળા**
**નયના મહેશ બેડવાવાળા**
**મર્લિન મહેશ બેડવાવાળા**
**મેલ્વી મહેશ બેડવાવાળા**
(હરિહર બંગ્લોઝ, ભરૂચ)

**ઈમાનુએલ સેમ્યુઅલભાઈ મેકવાન**
**શોભનાબેન ઈમાનુએલ મેકવાન**
**આરૂશી ઈમાનુએલ મેકવાન**
**આલય ઈમાનુએલ મેકવાન**
(પ્રશાંત નગર, આણંદ)

**મહેશ સુરેશભાઈ પરમાર**
**નિયંતા મહેશભાઈ પરમાર**
**માહી મહેશ પરમાર**
**માસુમી મહેશ પરમાર**
(પાવનપાર્ક, બરોડા)

PAVAN HRUDAYA DOOT, May, 2013 R.N.I. No. GUJGUJ/2000/2975
Regd. No. AND/304/2012-14 valid up to Dec. 2014. Licensed to post without Prepayment Up to 30.06.2014
Posted at Anand HO. Date of Posting: 5th of every Month


# 30th Anniversary Celebration

02-05-1983 - 02-05-2013



૦૨-૦૫-૧૯૮૩ 30 ૦૨-૦૫-૨૦૧૩

મધુબેન જે. મેકવાન    જસ્ટીન એસ. મેકવાન

વ્હાલા મમ્મી પપ્પા,

હાથ પકડ્યો તમોએ એકબીજાનો પ્રભુની સાક્ષીમાં દીર્ઘ અદ્‌ભુત પ્રગતિ કરી તમોએ એકબીજાના સથવારાથી વિપરીત પરિસ્થિતિમાં પણ તમો ઝઝુમ્યા એકબીજાના સાથમાં નથી કચવાટ કે કડવાશ આવવા દીધો તમોએ તમારા જીવનમાં.

"શત શત વંદન કરવાનું ભાગ્ય અમારું,
શત સવાયા જીવી રહો એ સ્પંદન અમારું."



આપનાં બાળકો
કેતન, રોબીનસન (ઈઝરાયેલ),
ઓલ્વીન, જેક્સન

૩૦૩, શીવ ઓમ એન્કલેવ, ટી.પી.૧૩, છાણી જકાતનાકા, વડોદરા - ૩૯૦૦૦૨
મો. ૯૬૨૪૫ ૩૭૭૨૯


Printed and Published by: Jerry Sequeira S.J., on behalf of Gujarat Sahitya Prakash Society
and Printed at Anand Press, Gamdi-Anand, Published at Gujarat Sahitya Prakash, P.B. 70, Anand 388 001. Editor: Dr. Thomas Parmar